પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અમૃત મહોત્સવ પ્રકાશન
પ્રમુખસ્વામી મહારાજ ગ્રંથ શ્રેણી : ૧૪

જેવા મેં નિરખ્યા રે

3

(પ્રમુખસ્વામી મહારાજના સાન્નિધ્યમાં સંતોએ અનુભવેલી
તેઓની દિવ્ય પ્રતિભા, પ્રસંગો દ્વારા)

સંકલિત

પ્રકાશક :
સ્વામિનારાયણ અક્ષરપીઠ
શાહીબાગ, અમદાવાદ -૪

ક્રમિકા

ભક્તિપ્રિયસ્વામી (કોઠારી સ્વામી)

મુંબઈ

'હાથી થાંભલા જેવો છે.' એકે કહ્યું.
'હાથી સૂપડા જેવો છે.' બીજાએ કહ્યું.
'હાથી દોરડા જેવો છે.' ત્રીજાએ કહ્યું.

એક જ હાથીને ત્રણે જણે જુદી જુદી રીતે વર્ણવ્યો તેનું કારણ ત્રણેય અંધના હાથમાં હાથીનું જે જે અંગ આવ્યું તેનું વર્ણન કર્યું. હાથીનું સમ્યક્ વર્ણન ન થયું. તેમ પ્રમુખસ્વામી મહારાજ વિષે જે કોઈ લખે તે સમ્યક્તયા લખી શકાય તેમ નથી. તે તો અંધજનો હાથીનું વર્ણન કરે તેવું છે.

પાણીમાં રહેલી માછલી પાણીમાં પડેલા ચંદ્રમાના પ્રતિબિંબને પોતાના જેવી માછલી જ સમજે છે. અરે ! સમુદ્રમાં રહેલા વિશાળ મગરમચ્છ સમુદ્રમાં મુસાફરી કરી રહેલ વહાણને પોતાના જેવો મગરમચ્છ જ સમજે છે. તેમજ મનુષ્યરૂપ ધારણ કરેલા, ખાવું - પીવું, હરવું - ફરવું વગેરે પોતાના જેવી જ ક્રિયા કરનારા સ્વામીશ્રીને અજ્ઞાની જીવ પોતાના જેવા જ મનુષ્ય સમજે છે. પણ ખરેખર તે જેમ માછલી ચંદ્રનો મહિમા સમજી શકતી નથી કે મગરમચ્છ વહાણનો મહિમા સમજી શકતો નથી તેમ અલ્પજ્ઞ જીવ સ્વામીશ્રીની અપૂર્વ - અકલ્પ્ય મહત્તાને પામી શકતો નથી.

સ્વામીશ્રીના ગૂઢ વ્યક્તિત્વને જીવ પોતાની દૃષ્ટિથી મૂલવે ત્યારે તેમાં અપૂર્ણતા-ખામી રહેવાની સંપૂર્ણ શક્યતા છે છતાં યથાશક્તિ, યથાબુદ્ધિ મૂલવવાનો અલ્પ પ્રયાસ કર્યો છે.

'यतो वाचो निवर्तन्ते अप्राप्य मनसा सह' મુજબ, જે વાણીથી પરનું સ્વરૂપ છે, જેમાં માયિક ઇંદ્રિયો-અંતઃકરણ પહોંચી શકતા નથી. તે સ્વરૂપને અલ્પ શબ્દોમાં સમાવી લઈએ તો દ્રોહ થવાની શક્યતા ખરી. ચક્રવર્તી

રાજાને ખંડિયા રાજા જેવો વર્ણવવામાં આવે તો તેનો દ્રોહ કર્યો ગણાય.

ભગવાન સ્વામિનારાયણે ૫૦૦ પરમહંસો બનાવેલાં જે એક એકથી ચડે તેવા મહાન હતા. તેમણે શ્રીજીમહારાજનો મહિમા કહ્યો છે પણ જેવો મહિમા ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યો છે તેવો કોઈ કહી શક્યા નથી. જે દરેકના ઉપદેશનો અભ્યાસ કરતાં જણાઈ આવે છે. સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામીએ ગુણાતીતાનંદ સ્વામીને કહ્યું હતું કે 'અમે અક્ષરધામમાંથી જ્ઞાનની ગાંસડી બાંધીને લાવેલા તે અકબંધ પાછી લઈ જઈએ છીએ પણ તમે તો ગાંસડી છોડી અનેકને આપી છે ને આપતા રહો છો.' આ ઉપરથી સ્પષ્ટ જણાય છે કે સ્વામીશ્રીનો યથાર્થ મહિમા તો આપણે કહી શકીએ તેમ નથી, પણ હાં હાં ગડથલ કરી છે.

Love at first sight — સ્વામીશ્રીનાં અટલાદરામાં પ્રથમ દર્શને જ પ્રભાવ અનુભવ્યો હતો. કોઈપણ પ્રકારનો પરિચય ન હોવા છતાં સ્વામીશ્રીએ સામેથી બોલાવીને અટલાદરા મંદિરના સભામંડપમાં મધ્યભાગમાં બેસી, કેવળ મુમુક્ષુનું શ્રેય કરવાના ભાવથી હિતનો ઉપદેશ આપ્યો હતો. 'પ્રગટ સત્પુરુષ સામે જ દૃષ્ટિ રાખવી, તેમને જ રાજી કરવાનું તાન રાખવું. શાસ્ત્રીજી મહારાજના વખતમાં તો મુશ્કેલી હતી પણ હાલ યોગીજી મહારાજના સાન્નિધ્યમાં કોઈ મુશ્કેલી નથી, સર્વ પ્રકારે સુખ છે, દુઃખ માત્ર મનનું જ છે.'

*

સ્વામીશ્રી સંપ્રદાયની પ્રણાલી અને મર્યાદા પાલનના અત્યંત આગ્રહી છે. મહારાષ્ટ્રના વિચરણમાં પરતવાડામાં નવીનભાઈને ત્યાં દબદબાપૂર્વક સ્વાગતવિધિ થયા બાદ ભક્તોએ સ્વામીશ્રીનાં ચરણ પખાળવાની તૈયારી કરી ત્યારે સ્વામીશ્રી કહે : 'સંતનાં ચરણ ન પખાળાય, હરિકૃષ્ણ મહારાજનાં ચરણ પખાળો.' ભક્તોના અતિ પ્રેમને પણ વશ ન થયા ને મર્યાદાનું પાલન કર્યું.

*

સ્વામીશ્રી આકોલા પધાર્યા. ત્યાં ચંદ્રગ્રહણનો વેધ શરૂ થઈ ગયો હતો તેથી સંતોને ઉપવાસ હતો. ગ્રહણ વહેલી સવારે ૩.૦૦ પછી પૂરું થવાનું હતું. તેથી સાંજે સંતોએ સ્વામીશ્રીને પૂછ્યું કે ઉપવાસી સંતોએ પારણાં

ક્યારે કરવાં ?

સ્વામીશ્રી કહે : 'નાહી, પૂજા કરી સૂઈ જવાનું ને સવારે પારણાં કરવાનાં. મારે માટે પણ રાત્રે ૩ વાગે ઉકાળો કે કાંઈ પણ કરવાનું નથી. આ રોકડું તમને કહી દઉં છું. ૩ વાગે પૂજા કરી સૂઈ જઈશું ને સવારે ઊઠી ઉકાળાપાણી કરીશું. ફરીવાર પૂજા કરવાની નહિ રહે.' મર્યાદાપાલનની કેવી દૃઢતા ! ગ્રહણ મુક્તિ બાદ રાત્રે ૩.૩૦ વાગે જ્યુસ લેવા વિનંતી કરી પણ સ્વીકાર્યું ન હતું.

સંતો, ભક્તોનું જીવન શુદ્ધ, નિયમધર્મવાળું બને તેવી સ્વામીશ્રીની સહજ ઈચ્છા રહે છે. મુંબઈમાં સવારે અલ્પાહાર સમયે યોગીજી મહારાજનું જીવન ચરિત્ર વંચાતું હતું. તેમાં યોગીજી મહારાજે સંતોને આપેલા ઉપદેશનું વાંચન થયું. અંતે સ્વામીશ્રી કહે : 'યોગીજી મહારાજે આપણને સૌને હેતથી વાત કહી છે તો તે પ્રમાણે કરવું.'

શ્રીજીમહારાજે ગ.અં. ૩૮માં કહ્યું છે 'દેહાભિમાને રહિત ને વૈરાગ્યે યુક્ત ને ભગવાનનું અલ્પ વચન હોય તેમાં ફેર પડે તો મહદ્ વચનમાં ફેર પડ્યો હોય તેમ માનતા હોય એવા જે ભગવદ્ ભક્ત મોટા સાધુ તે સંગાથે પોતાના જીવને જડી દેવો ને તેનાં વચનમાં મન-કર્મ-વચને વર્તવું.' અહીં સ્વામીશ્રીએ સંતોને શીખ આપતાં કહ્યું કે 'ગમે તેના ઘેર જાય ને પાણી પીવા માંડે તે ઠીક નહિ. શુદ્ધિ હોય ત્યાંજ પીવાય. જૂના સંતોને તેનો ખટકો ખરો.' પાણીની શુદ્ધિના અલ્પ વચન માટે પણ સ્વામીશ્રી ખટકો રાખે ને રખાવે છે.

સ્વામીશ્રી વિજયવાડાથી ટ્રેન દ્વારા વરંગલ પધારતા હતા. ટ્રેનમાં ખાનાની આગળ માત્ર પડદો જ હોય, યાત્રિકોની અવરજવર થતાં પડદો આઘોપાછો થાય તેથી મર્યાદાપાલનમાં મુશ્કેલી પડે. એટલે સ્વામીશ્રી કહે, 'સૅકન્ડ એ.સી. કરતાં સ્વતંત્ર ફર્સ્ટ કલાસ સારો. તેમાં દરવાજો બંધ કરે એટલે કોઈ પ્રશ્ન જ ન રહે.' વાતાવરણની દૃષ્ટિએ સ્વામીશ્રીને ફર્સ્ટ કલાસ અનુકૂળ ઓછો ગણાય. પણ મર્યાદા પાલનમાં સાનુકૂળ હોવાથી સ્વામીશ્રીને મન તે શ્રેષ્ઠ છે.

*

'આપ ટળી મળ્યા ભગવાનમાં, જેના આપમાં હરિનો વ્યાપ... સંત તે

સ્વયં હરિ' આ પંક્તિ મુજબ સ્વામીશ્રી અખંડ શ્રીહરિમાં જ રમણ કરે છે તેનો કલકત્તામાં અનુભવ થયો. બપોરે આરામમાંથી ઊઠ્યા ત્યારે એક યુવકે પ્રશ્ન પૂછ્યો, 'વિવેકસાગર સ્વામી શાસ્ત્રોના આધારે આપના મહિમાની વાતો કરતા હોય ત્યારે આપને શું થાય ?'

અત્યંત સરળતાથી સ્વામીશ્રી કહે : 'યોગી બાપાની દૃષ્ટિ છે ને વાંચન ખૂબ છે તેથી સારી વાતો થાય છે અને મહિમા પ્રગટનો જ કહેવાનો હોય છે તે કહે છે.' પોતાનો મહિમા કહે છે તેવું સમજતા જ નથી. વળી એમ માને છે શ્રીજીના ધારક સંતનો જે મહિમા કહે તે શ્રીજીનો જ મહિમા કહેવાય છે.

આકોલામાં વિવેકસાગર સ્વામીએ વચ. મ.૩૮ સમજાવ્યું. પછી સ્વામીશ્રીએ વાત કરતાં જણાવ્યું, 'વચનામૃત કયું ? કોનું હતું ? આપણે સાંભળીને મનન કરતા નથી એટલે યાદ રહેતું નથી. માટે ઘરે જઈને બધા વાંચી લેજો. વચનામૃત દરરોજ વાંચવું. તેમાંથી યાદ રાખવું. જૂના ભક્તો બધું યાદ રાખતા.' આમ સૌને કથા સાંભળવાની કળા શીખવી.

તા. ૧૦-૨-૯૦ના બપોરે ઠાકોરજી જમાડ્યા બાદ હૉલમાં બેઠક ઉપર બિરાજી કથા કરી. આનંદજીવન સ્વામીએ અમદાવાદનું વધારાનું પમું વચનામૃત - ક્રોધ અંગેનું વાંચ્યું. સ્વામીશ્રીએ વાક્યે વાક્યે નિરૂપણ કર્યું. ૪૫ મિનિટ વાતો કરી. ૧.૩૦ વાગી ગયો હતો એટલે ધર્મચરણ સ્વામીએ વચનામૃત વાંચી જવા સંકેત કર્યો; આ જોઈ સ્વામીશ્રી કહે : 'કથા થતી હોય ત્યારે ઘડિયાળ સામે નહિ જોવાનું. ઊંઘવાનું કે નહાવાનું નહિ જોવાનું. કથા જો દરેકમાં ઊતરે તો પ્રશ્નો મટી જાય. નહિ તો પ્રશ્નો ઊભા રહે ને ઊંઘ્યા પછી ઉજાગરો કરાવે. તેના કરતાં મોડા ઊંઘવું સારું.' આમ શ્રીજીમહારાજે જેવો કથાવાર્તાનો ઇશક રાખવાનું કહ્યું છે તેવાં ઇશકનાં દર્શન થયાં. આકોલામાં ગ્રહણમાં રાત્રે ૧૨.૩૦ થી ૧.૩૦ સુધી સતત ૧ કલાક ગંગાના પ્રવાહની જેમ વાણીપ્રવાહ રેલાવ્યો હતો. સમય પસાર થઈ ગયો તેની ખબર પણ ન પડી ને સૌને બ્રહ્માનંદમાં તરબોળ કરી દીધા હતા.

*

રાયપુરથી અમરાવતી જતાં ટ્રેનમાં ૧૨.૩૦ વાગે ઠાકોરજીને થાળ ધરાવ્યો. રાયપુરથી ભક્તોએ બધી તૈયારી કરી આપી હતી. સંતો થાળ

બોલતા હતા ત્યારે સ્વામીશ્રી ઠાકોરજી સમક્ષ જોઈ રહ્યા હતા. જાણે ઠાકોરજીની સાક્ષાત્ જમતી મૂર્તિનાં દર્શન ન કરતા હોય !

સૂર્યાસ્ત થયો એટલે સામેથી ગોડીનાં પદ બોલવાનો પ્રારંભ કર્યો. આરતી, અષ્ટકનું ગાન કર્યું. આ સમય દરમ્યાન ઠાકોરજી સામે અનિમેષ દૃષ્ટિએ જોઈ રહ્યા હતાં ત્યારે ભગવાન પ્રત્યેની એમની પરાભક્તિની ઝાંખી થઈ.

નાની મોટી કોઈ ક્રિયામાં સ્વામીશ્રી હરિકૃષ્ણ મહારાજને વિસારતા નથી. ઠાકોરજી હંમેશાં આગળ જ રાખે. ૧૯૯૦માં સ્વામીશ્રી લંડનથી મુંબઈ પધાર્યા. ઠાકોરજીનાં દર્શન, દંડવત્ કરી નિવાસસ્થાને પધારતા હતા. નવી નાની લિફ્ટ શણગારીને તૈયાર રાખી હતી તેનું વિધિપૂર્વક ઉદ્‌ઘાટન કર્યું. પછી હરિકૃષ્ણ મહારાજને પ્રથમ પ્રવેશ કરાવ્યો એ પછી જ લિફ્ટમાં પ્રવેશ્યાને પાંચમે માળે ઉતારે પધાર્યા.

પરતવાડામાં સ્વાગત બાદ જયેન્દ્રભાઈની દુકાને પધાર્યા ને ઘણાં વર્ષોનો તેમનો સંકલ્પ પૂર્ણ કર્યો. હું હરિકૃષ્ણ મહારાજને લઈને બહાર ઊભો હતો એટલે સ્વામીશ્રી કહે : 'અંદર આવો.' હરિકૃષ્ણ મહારાજ તરફ અંગુલિનિર્દેશ કરી કહ્યું : 'એમને લીધે તો આપણું ચાલે છે માટે દરેક વખતે ઠાકોરજીને આગળ રાખવા.' આ જોઈ સ્વામીશ્રીને કેવી દાસત્વ ભક્તિ છે તેનું દર્શન થયું.

* * *

'દેહ છતાં વર્તે દેહાતીત' ઉક્તિ મુજબ સ્વામીશ્રી દેહથી પર જ વર્તે છે તેથી વારે વારે દેહનો અનાદર કરતા રહે છે. સ્વામીશ્રી હુબલી પધાર્યા હતા. અસ્વસ્થ તબિયતને કારણે ક્યાંય પધરામણી માટે પધારતા નહોતા. છતાં ભક્તોએ વિનંતિ કરી કે ઇંગ્લીશ સ્કૂલનું બાંધકામ ચાલુ છે ત્યાં દૃષ્ટિ કરવા પધારો.' ત્યારે સ્વામીશ્રી કહે : 'જાહેર કામ છે લોકો માટેનું કામ છે તેથી આવીશ.' ગુજરાતી સમાજ તરફથી બંધાતી સ્કૂલમાં બધે ફરીને પુષ્પવૃષ્ટિ કરી, ભૂમિ પવિત્ર કરી ને કાર્ય જલદી સારી રીતે પૂરું થાય તેવા આશીર્વાદ આપ્યા.

* * *

પણ સ્વામીશ્રીને ભીડો ન પડે તે માટે મુંબઈમાં પધરામણી બંધ રાખી હતી ...ી કોઈની માંદગીના સમાચાર જાણે તો દર્દીને દર્શન આપી

આશીર્વાદ આપવા અચૂક પધારે છે. એકવાર સ્વામીશ્રી માટુંગામાં વાઘજીભાઈ(નકુરુ)ને હાથનું ઑપરેશન કરાવેલ તેથી આશીર્વાદ આપવા પધાર્યા. તેમને પ્રસાદીનો હાર પહેરાવ્યો, પ્રસાદ આપ્યો અને થોડી વાતચીત કરી આશીર્વાદ આપ્યા. ત્યાંથી સીધા બોમ્બે હૉસ્પિટલમાં પધાર્યા. ત્યાં સિક્યુરિટી ઑફિસર કેવળચંદ મહારેને મળી સ્પેશ્યલ પરમીશન મેળવી હતી તેથી ઇમરજન્સી વૉર્ડમાં સુરતવાળા શ્રી પી.એલ. પટેલને મળ્યા. સ્વામીશ્રીના આ અવસ્થામાં હૉસ્પિટલમાં તેમને દર્શન થયા તેથી તેઓ અતિશય રાજી થયા હતા. બાજુની રૂમમાં મહેન્દ્રભાઈનાં માતુશ્રીને દાખલ કરેલાં. તેમને યુવક દ્વારા હરિકૃષ્ણ મહારાજનાં દર્શન કરાવ્યાં. એ પછી વાલકેશ્વરમાં હરિભાઈ ડ્રેસવાળાના બનેવી વિઠ્ઠલભાઈ પોપટની તબિયત જોઈ, આશીર્વાદ આપ્યા ! આજે 'સંત ધન્વંતર વૈદ્ય સમ' પંક્તિ સાર્થક થતી હતી.

* * *

યોગીજી મહારાજ કહેતા : 'જેમ તેમ, જેવું તેવું, જ્યારે ત્યારે ચલાવી લેતાં શીખવું.' એ આદર્શ સ્વામીશ્રીમાં ચરિતાર્થ થતો જણાય છે. કોઈમ્બતુર જવા માટે સ્વામીશ્રી બેંગ્લોર સ્ટેશને પધાર્યા. ટ્રેનને ઉપડવાની વાર હતી તેથી પ્લૅટફૉર્મ પર ખુરશીમાં બિરાજ્યા ને આછા અજવાળે પત્રલેખન શરૂ કર્યું. સેવકે બૅટરી દ્વારા વિશેષ પ્રકાશ કર્યો. પણ સ્વામીશ્રીને ભક્તોનાં સુખ-દુઃખ માટે વખત-કવખત જેવું કંઈ જ નથી, તેનાં અહીં દર્શન થયાં.

સ્વામીશ્રીના સ્વાસ્થ્ય માટે પ્રાતઃ અને સાયં ભ્રમણ જરૂરી છે પણ જુદા જુદા ઉતારામાં સ્વામીશ્રી નાની રૂમમાં કે બહાર પૅસેજમાં કે ગૅરેજ કે બે રૂમોમાં પણ ભ્રમણ કરી લે છે. અમુક પ્રકારની જ વ્યવસ્થા જોઈએ એવો આગ્રહ ક્યારેય પણ સેવતા નથી. રાયપુરમાં દરવાજાથી ગૅરેજ સુધી પણ વિના સંકોચે ભ્રમણ કર્યું હતું. આકોલામાં છોટાકાકાને ત્યાં ઉતારામાં લાઇટ ગઈ હતી તેથી મીણબત્તીનાં અજવાળે સ્વામીશ્રીએ સાયંભ્રમણ કર્યું, રૂમમાં આસનો કર્યાં, સંતો સાથે વાતો કરી, કર્મકાંડી બ્રાહ્મણ શુકલાજીને આશીર્વાદ આપ્યા હતા અને દીવાને અજવાળે જ ઠાકોરજી જમાડ્યા હતા ! કેવી સરળતા !

* * *

'વળી સમે સમે સંભાળ, જાણો કરે હરિજનની રે' એ મુજબ સ્વામીશ્રી સંતો, ભક્તોની ખૂબ સંભાળ લે છે, ચિંતા કરે છે, સાચવે છે. કોઈમ્બતુરમાં અમદાવાદના ભક્તરાજ અંબાલાલ ભગતના અક્ષરવાસના સમાચાર મળતાં જ ધૂન કરાવી પછી પ્રભાશંકર પંડ્યાને તેમના પ્રસંગો કહેવાની આજ્ઞા કરી. અમદાવાદ તેમના પુત્રો ઘનશ્યામભાઈ તથા માણેકલાલને ફોન ઉપર વાતો કરી આશ્વાસન આપ્યું. આટલાથી સંતોષ ન થયો એટલે સાંજે સ્ટેશને પ્લેટફૉર્મ ઉપર બિરાજી ઈશ્વરચરણ સ્વામીને વિસ્તારપૂર્વક પત્ર લખી ખૂબ સૂચના આપી. પત્ર પહોંચતાં વાર લાગે તેથી આખો પત્ર ફોન દ્વારા ઈશ્વરચરણ સ્વામીને વાંચી સંભળાવવા શ્રી વિષ્ણુભાઈ ભટ્ટને આજ્ઞા કરી હતી ! એમને મન હરિભક્તો એજ જીવન મૂડી છે !

કોઈ નવા મહેમાન આવે તો સેવકો તેમના માટે ઉતારાની, જમવા વગેરેની વ્યવસ્થા કરતા હોય છે છતાં સ્વામીશ્રી સહજ સ્વભાવે તે અંગે ભક્તોને પૂછી લે. નૈરોબીથી ભાસ્કરભાઈ પટેલ કલકત્તા આવ્યા ને સ્વામીશ્રીને મળ્યા. તેમને સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા, વાતચીત કરી ને પછી તેમને માટે જમવા, ઉતારાની વ્યવસ્થા કરવા માટે જાતે સૂચના આપી.

સ્વામીશ્રી જમવા બિરાજે ત્યારે જો સાથે ભક્તો જમવા બેઠા હોય તો પોતાના ભોજનની ચિંતા કરવાને બદલે ભક્તોનાં ભોજનની ચિંતા કરે છે. તેમને જે કોઈ વાનગી ન પીરસાઈ હોય, જેની જરૂર હોય તો જોઈને સંતોને તે વાનગી પીરસવા આદેશ આપે છે. ઠાકોરજીના થાળની વાનગીઓ પોતે જમવાને બદલે ભક્તોને પ્રસાદી રૂપે મોકલી આપે. પોતે તો અતિ અલ્પ ભોજન કરે ! તેવા મિતાહારી છે.

સ્વામીશ્રી અખંડ ભગવાન સંબંધી પ્રવૃત્તિ કરતા હોય છે. છતાં ભક્તો પોતાનું દુઃખ કે મુશ્કેલી વ્યક્ત કરે તેમાં ઓતપ્રોત થાય છે અને ભક્ત જે રીતે દુઃખ મુક્ત, મુશ્કેલીથી રહિત થાય તેનો ઉપાય કરે, કરાવે છે.

અમરાવતીમાં સ્વામીશ્રી સવારે ઉકાળાપાણી લઈ રહ્યા હતા ત્યારે ધર્મચરણ સ્વામીએ એક જ્યોતિષીએ ભાખેલ ભવિષ્ય કથનનું કટીંગ વાંચ્યું. તે સાંભળી દયાર્દ્ર સ્વામીશ્રી કહે : 'એવી મુશ્કેલી ન આવે, શાંતિ રહે તે માટે પ્રાર્થના કરવી. ગ્રહ સારા રહે તેવું ભજન કરવું.' પછી સોફા ઉપર

...જી દારૂના વ્યસનીને વાતો કરી, બળ આપી વ્યસનમુક્ત કર્યો.

સ્વામીશ્રીમાં જીવપ્રાણી માત્ર માટેની દયાનું દર્શન સહેજે થાય છે.

સ્વામીશ્રીની સન્નિધિમાં ભક્તોને આનંદ મળે તે માટે કાર્યકરોએ કલકત્તાથી ૨૫ કિ.મી. દૂર જૉયલેન્ડમાં પર્યટનનું આયોજન કર્યું હતું. ઉતારા માટે મકાનની ઓસરીમાં સ્વામીશ્રીનું આસન ગોઠવ્યું ને સામે ખુલ્લામાં હરિભક્તો બેઠા હતા. સંતો કીર્તનો ગાતા હતા. શરૂઆતમાં તો ઠંડક હતી પણ જેમ જેમ સૂર્ય ચડતો ગયો તેમ તેમ તડકો આવવા લાગ્યો. સ્વામીશ્રી છાયામાં બિરાજ્યા હતા પણ ભક્તો ઉપરનો તડકો તેમને આકરો લાગતો હતો. કૃષ્ણપ્રિય સ્વામીએ એ સમયે કીર્તન ગાયું 'સૌને શીતલ છાંયલડી યોગીબાપા દેતા...' તે સાંભળી સ્વામીશ્રી મરક મરક હસતા હતા. એક કાર્યકરને બોલાવીને કહ્યું : 'જ્યાં છાંયો હોય ત્યાં સભાની વ્યવસ્થા કરો.' એટલે સભાનું સ્થળાંતર કર્યું. સ્વામીશ્રીએ આશીર્વાદમાં ગમ્મત કરતાં કહ્યું કે 'ઘરમાં આગ લાગી તો જંગલમાં ગયો તો. ત્યાં પણ આગ લાગી. તેમ તમે આનંદ માણવા ઘેરથી પિકનિક માટે આવ્યા તો અહીં પણ તડકો આવ્યો ! કલકત્તામાં ગમે ત્યારે ઈલેકટ્રીક કરંટ બંધ થઈ જાય ને મુશ્કેલી થાય તેમ અગવડ સગવડ થયા કરે. પણ આપણે આનંદમાં રહેવું.'

એકવાર પણ પરિચયમાં આવ્યા હોય, સેવા કરી હોય તેવા ભક્તોને સ્વામીશ્રી ક્યારેય ભૂલતા નથી. આકોલામાં પ્રભુદાસ કોટકને ત્યાંથી વિદાય લઈ રસ્તામાં પ્રાણસુખલાલ સાંગાણી, જેમને ત્યાં સ્વામીશ્રીનો ઉતારો અગાઉ થયેલ તેઓને અંત અવસ્થા હતી તેથી દર્શન દેવા તેમના ઘરે પધાર્યા. હરિકૃષ્ણ મહારાજને તેમની છાતી ઉપર પધરાવ્યા ને પ્રાર્થના કરી હતી.

* * *

સંતો, ભક્તોમાંથી કોને શું ભાવે છે ? શાની રુચિ છે ? તેવું સૂક્ષ્મ ધ્યાન સ્વામીશ્રી સહજ રાખે છે. વ્યારામાં પારાયણ પ્રસંગે વધારે સંખ્યામાં સંતો ભેગા થયા હતા. સવારે ઉકાળાપાણી કરતી વખતે સ્વામીશ્રીએ ઘનશ્યામચરણ સ્વામીની રુચિ મુજબ સેવક દ્વારા મઠિયાં મોકલાવ્યાં અને શીરાનો પ્રસાદ અપાવ્યો.

સ્વામીશ્રીને તો જીવને જગતમાંથી અનાસક્ત કરી ભગવાનમાં જોડવાનું તાન છે છતાં જીવને ભગવાન વિષે હેત રહે, સત્સંગની દૃઢતા થતી રહે, માટે વ્યાવહારિક પ્રસંગોમાં પણ સ્વામીશ્રી રસ લઈ ધાર્મિક

મુંબઈમાં રશ્મિભાઈ દેસાઈની વેવિશાળ વિધિ અને શ્રી નિખિલભાઈ ભટ્ટનાં લગ્ન પ્રસંગે હાજર રહી આશીર્વાદ સ્વામીશ્રીએ આપ્યા હતા. મુંબઈના હરીશભાઈ દવેના સુપુત્ર કુમારિલની યજ્ઞોપવીત વિધિ સ્વામીશ્રીએ ખાસ સમય કાઢીને ઠાકોરજીના સિંહાસન સમક્ષ બિરાજી, સંપૂર્ણ ધાર્મિક રીતે કરાવી હતી. તેનો અભ્યાસ સારો થાય, સત્સંગ દૃઢ થાય તેવા આશીર્વાદ આપ્યા હતા.

ગજેરામાં એકવાર એક સાથે ૧૫૭ પધરામણી કરી હતી. ગામના રસ્તા ઊંચા નીચા, પાણી પીવાનો પણ મેળ ન ખાય. તરસ્યા થયા હોય તે બપોરે ૧ વાગે જમવા બેસે ત્યારે પાણી મળે. એમ કડકપણે નિયમનું પાલન કરતા હતા. સાથે સાથે પ્રેમી ભક્તોના સંકલ્પો પૂર્ણ કરતા હતા.

સારંગપુરમાં પુષ્પદોલોત્સવ પ્રસંગે પ્રાસંગિક પ્રવચનો બાદ સ્વામીશ્રીએ 'ભક્તિચિંતામણિ'માંથી ફગવાંનું પ્રકરણ વાંચી વિસ્તારપૂર્વક નિરૂપણ કરી સૌને બ્રહ્માનંદમાં તરબોળ કરી દીધા. પછી સ્વામીશ્રી હાથમાં રંગની પીચકારી લઈ, સભામંડપમાં છેક સુધી ગોઠવેલી પાટો ઉપર ચાલી સૌ ભક્તો ઉપર રંગ છાંટવા આવી પહોંચ્યા. પ્રેમી ભક્તો સ્વામીશ્રીના રંગે રંગાવા માટે ઊભા થઈ જતા ને છાતી ધરતા. સૌ આ અલૌકિક રંગથી રંગાવા માટે તત્પર હતા ને ભક્તિરંગથી ભીના થઈ કૃતકૃત્યતા અનુભવતા હતા. સ્વામીશ્રીએ દૂર લંડનથી આવેલ ભક્તો, વિદ્યાનગરના યુવકોને ખૂબ રંગ્યા. સ્વામીશ્રી ત્વરિત ગતિથી રંગ છાંટી રહ્યા હતા. પછી સ્ટેજના આગળના ભાગમાં આસન ઉપર બિરાજ્યા ને સર્વ ભક્તો બે લાઈનમાં આવ્યા તે સૌને સ્પર્શનું સુખ, આશીર્વાદ સતત ૨ વાગ્યા સુધી આપ્યું.

વસ્તુતઃ તો શિષ્યે ગુરુને રાજી કરવાનું તાન રાખવાનું હોય છે પણ સ્વામીશ્રી તો પોતાના શિષ્યો - ભક્તો કેમ રાજી થાય તેવું તાન સેવે છે.

સ્વામીશ્રી સેલવાસ મંદિરે રાત્રે ૧૦-૧૫ વાગે પહોંચ્યા. ઠાકોરજીનાં દર્શન દંડવત્-પ્રદક્ષિણા કરી આસન ઉપર બિરાજ્યા ત્યારે ચિન્મય સ્વામીએ જાહેરાત કરી કે 'સૌ ભક્તો દૂરથી સ્વામીશ્રીનાં દર્શન કરી વિદાય લેશે.' ત્યારે સ્વામીશ્રી કહે : 'ભલે દર્શન કરીને જાય, સૌ રાજી થાય!' સ્વામીશ્રીને મન તો અમેરિકાવાસી હોય કે આદિવાસી હોય સૌ સમાન જ છે.

* * *

એકવાર જો મુને વૈષ્ણવ બાંધે, તો તે બંધન મેં ન તૂટે રે...'

સ્વામીશ્રીની તપ કરવા કરાવવાની રુચિ રહે છે છતાં કેટલીય વાર ભક્તોના આગ્રહને વશ થઈને સંતોને નિર્જળા ઉપવાસને બદલે ફળાહારી ઉપવાસ કરવાનો તેઓ આદેશ આપે છે. સ્વામીશ્રી વિજયવાડા પધાર્યા ત્યારે એકાદશીનો દિવસ આવ્યો. સ્થાનિક ભક્તોએ સ્વામીશ્રીને વિનંતિ કરી કે 'બાપા ! અમારે ભાગે માત્ર એક જ દિવસ છે તેમાં એકાદશી આવી, તો આપ સૌને ફળાહાર કરવાનો આદેશ આપો.' ત્યારે સ્વામીશ્રી કહે 'પંચને પૂછો.' મોટેરા ૫ સંતોને પૂછી અનુમતિ મેળવીને પછી કહે : 'ભલે ફળાહાર કરે.' પોતે સૌના ગુરુ સ્થાને બિરાજે છે એટલે કોઈપણ સીધો આદેશ આપી શકે તેમ હોવા છતાં સ્વામીશ્રીએ પંચ ભેગું કરી, વાત કરી નિર્ણય આપ્યો એવી એમની અલૌકિક રીત છે.

જે મુમુક્ષુ કેવળ મોક્ષ માટે સ્વામીશ્રી પાસે સંસારનો ત્યાગ કરીને ભાગવતી દીક્ષા ગ્રહણ કરીને રહે છે તેવા સંતોની કાળજી સ્વામીશ્રી માતાની જેમ રાખે છે, સમયે સમયે સાચું માર્ગદર્શન આપે છે, જરૂર પડ્યે કડક શબ્દો દ્વારા હિતનાં વચનો પણ ઉચ્ચારે છે. સ્વામીશ્રીએ સાક્ષાત્ સ્થાન ગોંડળથી તા. ૧૯-૭-૭૨ના રાત્રે બાર વાગ્યે ૨૦ પાનાનો પત્ર મુંબઈમાં રહેતા સંતોને ઉદ્દેશીને લખ્યો હતો. જેમાં સાધુતાના માર્ગમાં જરૂરી નિયમો ઉપર ભાર આપ્યો હતો. સાથે સાથે ક્યારે ઊઠવું, કેવી રીતે પૂજા કરવી, કેમ જમવું, કેવી રીતે રહેવું, કેવી રીતે બોલવું, અન્ય સાથે કેવો વ્યવહાર રાખવો, કેવી પ્રાપ્તિ થઈ છે, ગુરુ, ઈષ્ટદેવ માટે શું ન થાય, વગેરે નાના મોટા અનેક મુદ્દાઓ લખી ઉચ્ચ આધ્યાત્મિક માર્ગદર્શન આપ્યું હતું. આ.સુ. ૧૧ - દર વર્ષે નિયમની એકાદશીએ પત્ર વાંચવા સ્વામીશ્રીએ આદેશ આપ્યો હતો જેથી કોઈ મુદ્દામાં થોડી પણ ક્ષતિ રહી ગઈ હોય તો તે દૂર થાય.

કલકત્તામાં સ્વામીશ્રી રાત્રે ૧૧ વાગે આરામ કરવા રૂમમાં પધાર્યા ત્યારે સંતો દર્શન કરવા માટે ભેગા થયા હતા. સ્વામીશ્રીએ દિવ્યપ્રકાશ સ્વામીને વાત કરતાં કહ્યું કે 'સેવા કરવામાં પાછા ન પડવું. બીજા કરે કે ન કરે પણ આપણે કરવી. એક કામ પૂરું થાય તો બીજું ને બીજું પૂરું થાય તો ત્રીજું

એમ સેવા, કથા, ભજનમાં જોડાઈ રહેવું.' સ્વામીશ્રીએ સેવા એ જ જીવન બનાવ્યું છે એટલે સેવકોને પણ સહેજે સેવામાં જોડે છે.

સ્વામીશ્રી પોતાના યોગમાં આવનાર મુમુક્ષુને નાની મોટી ક્રિયામાં સહજ આધ્યાત્મિક માર્ગદર્શન આપતાં હોય છે. કલકત્તામાં આરામ કરવા પલંગ ઉપર બિરાજ્યા ત્યારે સ્વામીશ્રીએ મુંબઈના યુવક અતુલ મહેતાને પૂછ્યું, 'સૂક્ષ્મ દૃષ્ટિ એટલે શું ?'

અતુલ કહે : 'ભગવાન અને સંત સિવાય બીજું ન દેખાય તે.'

સ્વામીશ્રી કહે : 'બરાબર. ઝીણી દૃષ્ટિ કરે એટલે દૂરનું દેખાય.'

પછી અતુલે કહ્યું : 'મને તો આપનાથી દૂર દેખાતું નથી.'

સ્વામીશ્રી કહે : 'જો દૂરનું જોવા જાય તો પડી જાય.' જીવ જો બાહ્યદૃષ્ટિ રાખે તો સત્સંગમાંથી પડી જાય. માટે અંતર્દૃષ્ટિ - સત્પુરુષ તરફ દૃષ્ટિ રાખવી જેથી સત્સંગમાં ટકી જવાય !' આવું માર્મિક અને આધ્યાત્મિક વિધાન કહીને સ્વામીશ્રી એક અદ્ભુત દિશા ખોલી આપે છે.

સારંગપુરમાં પુષ્પદોલોત્સવના સમૈયામાં સાંજે ફક્ત સંતોની સભામાં સ્વામીશ્રી પધાર્યા ત્યારે લંડનથી ભક્તરાજ સી.એમ. પટેલનો ફોન આવ્યો. તેમણે સ્વામીશ્રીને વિનંતિ કરી કે 'મંદિરનું કામ કરવાનું છે તો ફંડ માટે પરચો કરો.' ત્યારે સ્વામીશ્રીએ પ્રત્યુત્તર વાળ્યો કે 'પરચો નહિ પણ પરસેવો થશે.' એટલે કે પરિશ્રમ કરશો તો જ કાર્ય સિદ્ધ થશે તે વિના થાય નહિ. પછી સ્વામીશ્રીએ સંતોને આશીર્વાદ આપતાં જણાવ્યું કે 'શાલિગ્રામ (દેહ) પાસેથી કામ લેવું. ગુણાતીતાનંદ સ્વામી, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજે દેહને ઘસી નાખ્યું છે. આપણે સમય આવ્યે 'મિંયાં ફુસકું' નહિ. સાત સમેલિયા થવું. ન થાય તેમ નહિ. સ્વામીશ્રીએ પોતે જ દેહને ઘસી નાખ્યો છે તેથી બીજાને પણ તે માટે પ્રેરે છે.

કલકત્તામાં પ્રાતઃપૂજા વખતે વિશ્વવિખ્યાત વાયોલીનવાદક શ્રી વી.જી. જોગ આવ્યા હતાં તેમણે વાયોલીન વગાડી પોતાની કલા પાવન કરી. સંગતમાં તબલાં ઉપર તેમના પુત્ર ગોપાલ જોગ હતા. સ્વામીશ્રી ધ્યાનપૂર્વક સાંભળતા હતા. પૂજા બાદ તેમના તરફ ફરીને બિરાજ્યા ને રસ દર્શાવ્યો એટલે શ્રી જોગને વિશેષ આનંદ થયો. સ્વામીશ્રી દરેકની ક્રિયામાં રસ દાખવીને સૌને પ્રોત્સાહન આપતા રહે છે. સ્વામીશ્રીએ શાલ ઓઢાડી

તેમનું સન્માન કર્યું. પોતે નિર્માની છે ને અન્યને માન આપે છે તેથી જ સ્વામીશ્રી આપણા સૌને માટે માન્ય બન્યા છે. સહજપણે 'अमानी मानदः मान्यः' આ ગુણો સ્વામીશ્રીમાં ચરિતાર્થ થતા જોવા મળે છે.

આદિવાસી કે અમેરિકાવાસી, દેશી કે વિદેશી, રંક કે રાય, અભણ કે ભણેલો, નાનો કે મોટો, પારકો કે પોતાનો, એવો કોઈ ભેદ સ્વામીશ્રીમાં જણાતો નથી. એમને મન તો આખા વિશ્વના મનુષ્યો પોતાના કુટુંબી સમાન છે. દરેકમાં સમભાવ છે. કહ્યું છે કે

'अयं निजः परो वेत्ति, गणना लघुचेतसाम् ।'
'उदारचरितानां तु, वसुधैव कुटुम्बकम् ॥'

ચંદ્રપુરમાં સ્વામીશ્રીનો ઉતારો ઘનશ્યામસિંહને ત્યાં હતો. તેઓ બહારનું પાણી, પીણું પીતા નથી. મુખવાસ ખાતા નથી. ફિલ્મ જોતા નથી તે જાણી સ્વામીશ્રી ખૂબ રાજી થયા હતા અને વર્તમાન ધરાવી ભગવાનનો આશ્રય કરાવ્યો.

વિદાય લેતી વખતે ઉતાવળ હતી પણ ઉતારાની સામે રહેનાર વ્યસની શીખ યુવાન દર્શને આવ્યો. સ્વામીશ્રીએ જાણ્યું કે તે ડ્રગ્ઝની લતે ચડી ગયો છે. તેથી તેને શાંતિથી ખૂબ સમજાવ્યો ને વ્યસનથી મુક્ત થવા જણાવ્યું. દરેક દુઃખીનું દુઃખ ટાળવું એ એમની કરુણામય સાધુતાની વિલક્ષણતા છે.

ચંદ્રપુરથી નાગપુર આવતાં સ્વામીશ્રી કૉન્ટેસામાં બિરાજ્યા હતા. ડ્રાઈવરે રામાયણની ચોપાઈ, મહાભારતના પ્રસંગો કહ્યા. સ્વામીશ્રી તેના ઉત્તમ શ્રોતા બન્યા ! પછી તેને વ્યાવહારિક બાબતો અંગે પૂછ્યું ત્યારે તેણે પોતાની આંતરવ્યથા ઠાલવી ને હળવાશ અનુભવી. તેમની દીકરીના ઑપરેશનમાં મદદરૂપ થવા જણાવ્યું. આવા અજાણ્યા અને નાનામાં નાના માણસની પણ સંભાળ સ્વામીશ્રીની સમદર્શિતાની જ દ્યોતક છે.

આકોલામાં ઠાકોરજી જમાડ્યા બાદ બપોરની કથામાં વચનામૃત વંચાયું સ્વામીશ્રી કહે : 'જૂના સંતો વચનામૃત, સ્વામીની વાતું, કીર્તન બહુ મુખપાઠ કરતા. સુમનભાઈના દાદા મોઢે ઘણું બોલતા, અત્યારે ઓછું થઈ ગયું. પહેલાં દોઢાં, અઢિયાં, ઊઠાં વગેરે આંક મોઢે બોલતા. અત્યારે ગણત્રી માટે કેલ્ક્યુલેટર વાપરે છે.' આમ દરેક બાબતમાં મુખપાઠ હોવો જોઈએ તેવી રુચિ જણાવી, તે પ્રમાણે વર્તવા સૌને આદેશ આપ્યો.

નાગપુરમાં સ્વામીશ્રીએ પૂજા બાદ બેઠકરૂમમાં ઉકાળાપાણી કર્યા પછી તે જ આસને બિરાજી પત્રલેખન કર્યું. સ્વામીશ્રીની સામેની લાઈનમાં યુવકો નાસ્તા માટે બેઠા ત્યારે કોઈએ બીજે બેસવા કહ્યું. ત્યારે સ્વામીશ્રી કહે : 'સામે બેસીને જમે છે તો જમવા દો'. પછી અતુલને કહ્યું 'મૂર્તિ ધારીને જમ.' કોઈએ કહ્યું : 'દરરોજ આપણે સ્વામીશ્રીનાં જમતાં દર્શન કરીએ છીએ ત્યારે આજે સ્વામીશ્રી આપણાં દર્શન કરે છે.' સ્વામીશ્રી કહે : 'કોણ, કેવી રીતે જમે છે તે જોઈએ ને!' સ્વામીશ્રીને નાનામાં નાના ભક્ત, યુવકનો પણ કેવો મહિમા છે !

સ્વામીશ્રી જીવના હિત માટે ક્યારેક કડક, કઠણ વચન કહે છે, સાથે સાથે તે જીવને એવું હેત પણ કરે છે તે સ્વામીશ્રીની વિશિષ્ટતા છે. હુબલીમાં પધરામણીની વાત આવી ત્યારે યજ્ઞેશ્વર સ્વામીએ સ્વામીશ્રીને ભીડો ન પડે તેવું જ આયોજન કરવા સૂચના આપી હતી. સ્વામીશ્રીને આની જાણ થતાં યજ્ઞેશ્વર સ્વામીને ખૂબ ઠપકો આપ્યો ને પછી થોડી જ વારમાં સ્વામીશ્રી કહે : 'માફી માગું છું, કહી દીધું તેથી.' આવા મહાનપુરુષ ગમે તેને પણ ઠપકો આપી શકે. તેમાં તેની માફી માગવાની હોય જ નહિ. પણ સ્વામીશ્રી એવા લોકોત્તર પુરુષ છે કે જે તુરત માફી પણ માગી શકે છે ! **'वज्रादपि कठोराणि, मृदूनि कुसुमादपि'** એ ઉક્તિ સ્વામીશ્રીમાં ચરિતાર્થ થાય છે.

* * *

સ્વામીશ્રી પ્રવચન કરે, આશીર્વાદ આપે, વચનામૃતનું નિરૂપણ કે સ્વામીની વાતુનું નિરૂપણ કરે ત્યારે તેમાં સૌ ગંગાના પ્રવાહની જેમ તણાઈ જાય ને અક્ષરધામનું દિવ્ય વાતાવરણ સર્જાય છે, શ્રોતાના સંકલ્પો બંધ થાય છે ને, 'વણ વિચારે પણ વાતું રે, આવે એના અંતરથી.

બોલે અહં મમતાનું ઘસાતું રે, ઊતર્યું મન તન સુખ પરથી.' નો અનુભવ સૌને થાય છે.

સ્વામીશ્રી વાતો કરે છે ત્યારે શ્રોતાગણમાંથી કેટલાયના મનમાં કોઈ પ્રશ્ન ગૂંચાતો હોય તો તેનો ઉકેલ મળી જાય, કેટલાકે મનમાં જે ધાર્યું હોય તે કહી દે, વ્યાવહારિક મુશ્કેલી હોય તો તેનું માર્ગદર્શન મળી જાય ને શાંતિ થાય છે. એવો ઘણા ભક્તોનો અનુભવ છે.

સ્વામીશ્રી વાતો તો કરે જ છે પણ વિશેષે તો તેઓશ્રીનું વર્તન વાતો કરતું હોય છે. તેમનાં વર્તનથી અનેકના હૃદય ઉપર અમીટ છાપ અંકાઈ જાય છે. વાત ન કરતા હોય ને માત્ર દર્શન થતાં હોય તો પણ અનેકને તેમનામાંથી પ્રેરણા મળે છે. તે કહ્યું છે જે 'गुरोस्तु मौनं व्याख्यानं, शिष्यास्तु छिन्नसंशयाः' તે સ્વામીશ્રીમાં સત્ય ઠરે છે.

સંસ્કૃતમાં શ્લોક છે કે :

परोपदेशे पाण्डित्यं सर्वेषां सुकरं नृणाम् ।
धर्मे स्वीयमनुष्ठानं कस्यचित् सुमहात्मनः ॥

અન્યને ઉપદેશ આપવામાં સર્વ કોઈ શૂરા હોય છે પણ પોતાના જીવનમાં ધર્મને સ્થાન આપવું તે કોઈક મહાન પુરુષમાં જ હોય છે. આવા મહાન પુરુષ તે સ્વામીશ્રી જ છે. જેઓ ડગલે ને પગલે ધર્મમય, સદાચાર યુક્ત ક્રિયાઓ કરે છે. પોતે ધર્મનું દૃઢ આચરણ કરીને સૌને ઉપદેશે છે કે 'ધર્મ એ કેવળ વાતોનો વિષય નથી પણ જીવનમાં આચરવાનો વિષય છે.'

* * *

'Knock the door and the door will open'- 'સંકલ્પ કરો ને સિદ્ધ થાય.' સ્વામીશ્રીને અંતરથી યાદ કરો તો તે દયા કરે જ છે.

સારંગપુરમાં જન્મ જયંતી મહોત્સવ પ્રસંગે એક દિવસ સ્વામીશ્રીને ઝાડા થઈ ગયા હતા તેથી દિવસ દરમિયાન સભામાં પધાર્યા ન હતા. સૌ ભક્તોને દર્શનની સહેજે તાણ રહે, તેથી જ સ્વામીશ્રી સાંજે સભામાં પધાર્યા ને સંધ્યા આરતી સ્ટેજ ઉપર કરી ! અષ્ટકગાન દરમિયાન સ્વામીશ્રી દર્શન કરતાં ઊભા રહ્યા હતા. મેં દંડવત્ કરતી વખતે જમીન ઉપર બે હાથ લાંબા કરતાં મનમાં સ્મરણ કર્યું કે સ્વામીશ્રીનાં ચરણારવિંદનો સ્પર્શ કરી રહ્યો છું. ત્યાં તો સ્વામીશ્રી ત્યાંથી પસાર થયા ને સાક્ષાત્ ચરણસ્પર્શનો અલભ્ય લાભ મળ્યો ત્યારે હર્ષનો રોમાંચ અનુભવ્યો.

* * *

વ્યવહાર તે કોઈ ગૃહસ્થનો હોય કે મંદિરનો હોય પણ તેમાં મુશ્કેલીઓ તો આવે જ. ત્યારે સ્વામીશ્રીની કૃપાથી મુશ્કેલીઓ દૂર પણ થાય જ છે. આશ્રિતોની ચિંતાને સ્વામીશ્રી દૂર કરે જ છે. દાદર મંદિરના એક પ્રોજેક્ટ અંગે મોટી રકમ મેળવવાનો વિકટ પ્રશ્ન હતો તેની ચિંતા સહેજે રહે.

અંતર્યામી સ્વામીશ્રીથી તે અજાણી કેમ હોય ? મુંબઈમાં બાલ-યુવક મંડળના સંયુક્ત કાર્યક્રમમાં સ્વામીશ્રી પધાર્યા હતા ને સ્ટેજ નીચે થાંભલા પાસે સોફામાં બિરાજ્યા હતા. સભામાં બેઠેલા બાળકોનો કાર્યક્રમ જોઈ રાજી થયા ને દરેક બાળક સ્વામીશ્રી પાસે આશીર્વાદ લેવા આવ્યા. એવામાં એક હરિભક્તે ખીસ્સામાંથી ઇનામ આપવા માટેની રકમ કાઢી. પણ પવનને કારણે રૂા.૫૦ની એક નોટ ઊડીને, સ્વામીશ્રીની બાજુમાં બેઠેલા મહંત સ્વામી ને મારી વચ્ચે પડી. જે સ્વામીશ્રીની નજરમાં આવી ગયું. એટલે તરત કહે 'કોઠારી ! ઊડીને આવે છે એટલે હવે તમારે વાંધો નહિ આવે !' મેં કહ્યું 'બાપા ! આપનો સંકલ્પ છે એટલે પૂર્ણ થશે જ.' સ્વામીશ્રીના આશીર્વાદથી સેવાનો પ્રવાહ એવો વહ્યો કે ખબર પણ ન પડી ને સંકલ્પ પૂર્ણ થયો. આમ, સ્વામીશ્રી જે જે સંકલ્પ કરે છે. તે સત્ય જ થાય છે સાચે જ તેઓશ્રી સત્યસંકલ્પ છે.

સમાજ કે દેશ ઉપર જ્યારે પણ અચાનક આફત ભૂકંપ, રેલ, દુષ્કાળ... વગેરે આવી પડે છે ત્યારે સ્વામીશ્રી સમાજ કે દેશને પડખે ઊભા રહી, દુષ્કર કાર્યો કરાવી, સમાજ કે દેશને સ્થિર રાખે છે. મહારાષ્ટ્રમાં થયેલ ભૂકંપના સમાચાર ફોન દ્વારા મળતાં તુરત જ યથાયોગ્ય સહાય કરવા આદેશ આપેલ ને તેથી જ સંતો, સ્વયંસેવકો કેટલાક વિસ્તારોમાં સૌ પ્રથમ પહોંચી ગયા હતા ને રાહતકાર્યો આદર્યાં હતાં.

નર્મદા નદીનાં બંધનાં કાર્યમાં ઊભા કરાતા વિક્ષેપોને દૂર કરવા માટે નર્મદા અભિયાન રેલીનું આયોજન દેશપ્રેમી સદ્‌ગૃહસ્થોએ ઉપાડેલું. તેમાં સ્વામીશ્રીએ સંપૂર્ણ સહકાર આપ્યો હતો ને તે પ્રસંગે હાજર રહેવા માટે ખાસ ગુજરાતના વિચરણને ટૂંકાવી વહેલા મુંબઈ પધાર્યા હતા. રેલીના માનવમહેરામણને દેશના હિત માટેના આવા સત્કર્મને સંપૂર્ણતઃ ટેકો આપવા અનુરોધ કર્યો હતો. અનેક શ્રોતાઓ તે પ્રસંગે પ્રભાવિત થયા હતા ને રેલીનું આયોજન સફળ થયું હતું.

* * *

સ્વામીશ્રી માંદા સંતોની ખાસ સંભાળ લેતા હોય છે. અટલાદરાથી વયોવૃદ્ધ સંત બાલકૃષ્ણ સ્વામી સારવાર માટે મુંબઈ આવ્યા હતા. તેમને જોવા માટે સ્વામીશ્રી પ્રાતઃપૂજા કર્યા બાદ ત્રીજે માળે દવાખાનાના રૂમમાં

પધાર્યા. આખા શરીરે હાથ ફેરવતા જાય ને વાત કરતા જાય. 'બહુ જૂના; તમે દીક્ષા લીધી ત્યારે અમે જન્મ લીધો. ૭૦ વર્ષ દીક્ષામાં આપને થયા. ખૂબ સેવા કરી છે. સારું થઈ જશે.' શું શું તકલીફ છે તે પણ જાણી લીધી હતી. સ્વામીશ્રીના કેવળ આશીર્વાદથી તેઓની તબિયત સારી થઈ. તે આજે પણ અટલાદરામાં સુખપૂર્વક રહે છે.

સ્વામીશ્રીને બાળકો પ્રતિ અપાર પ્રેમ વર્તે છે. મુંબઈ મંદિરના બાજુના પ્લોટમાં, સમગ્ર મુંબઈનાં બધાં પરાંઓના બાલમંડળના લગભગ ૨૦૦૦ બાળકોની વિરાટ બાળસભાનું આયોજન કર્યું હતું. તેમાં સ્વામીશ્રી ખાસ પધાર્યા હતા ને બાળકો, કાર્યકરોને ખૂબ પ્રોત્સાહિત કર્યા હતા. બાળકોના વિવિધ રસપ્રદ કાર્યક્રમો જોઈ, સાંભળી સ્વામીશ્રીએ રાજી થઈને આશીર્વાદ આપ્યા હતા કે 'બાળકોને સારા સંસ્કાર મળે તેમ કરવું. આજના વાતાવરણથી દૂર રહે તે માટે આવા ધાર્મિક શિક્ષણની જરૂર છે. નિયમિત અભ્યાસ કરવો, વડીલોનો આદર કરવો, આદર્શ બાળક બનવું. મોટા પુરુષોના ગુણ મેળવવાના છે. પ્રેરણા લેવાની છે. મા-બાપ જે ન આપે તે સંસ્કાર સંતો આપે છે.' અંતમાં દરેક બાળકને ચરણસ્પર્શનો લાભ આપ્યો. બાળક નાનો હોય ને ચરણસ્પર્શ ન કરી શકે તેવો હોય તેને નીચા નમીને, હાથ લંબાવીને માથા ઉપર હાથ મૂકી આશીર્વાદ આપતા હતા.

* * *

મુંબઈમાં સ્વામીશ્રીના અલ્પાહાર સમયે યોગીજી મહારાજના જીવનચરિત્રનું વાંચન થયું તેના અનુસંધાનમાં સ્વામીશ્રીએ ભદ્રેશ સ્વામીને પૂછ્યું, 'ગુરુ થવું છે ?'

'ના !'

'દાસ થવું છે ?'

ભદ્રેશ સ્વામી કહે : 'હા.'

સ્વામીશ્રી કહે : 'તેમ થવું.' સ્વામીશ્રી સદા દાસભાવે વર્તતા રહ્યા છે ને અન્યને પણ દાસભાવે, દાસનાં દાસ થઈને રહેવા માટે પ્રેરે છે કારણ, ભગવાને કહ્યું છે કે 'દાસના દાસ થઈ રહે સત્સંગમાં, ભક્તિ એની ભલી માનીશ, રાચીશ એના રંગમાં.'

યોગીનગર, બોરીવલીમાં અજમેરા ભાઈઓએ સંસ્કારકેન્દ્ર માટે સ્વતંત્ર

જગા ફાળવી હતી ત્યાં ઓટો બનાવી સિંહાસન કરેલું. તેમાં મૂર્તિઓની પૂજનવિધિ શ્રુતિપ્રકાશસ્વામીએ કરાવી પછી સ્વામીશ્રી પધાર્યા ને મૂર્તિઓનું પૂજન કરી પ્રતિષ્ઠાની આરતી ઉતારી. રસિકભાઈ અજમેરાને પૂજા કરાવી. અને આજ્ઞા કરી કે 'તમે જે જે નગર બાંધો તે દરેકમાં મંદિર માટેની જગા અચૂક કાઢવી.' આમ ભક્તોને ભક્તિ કરવામાં સુગમતા રહે તે માટેની વ્યવસ્થા સ્વામીશ્રી કરાવી આપે છે.

સ્વામીશ્રી મોટર દ્વારા મલાડ તરફ જઈ રહ્યા હતા. છોટુભાઈ અજમેરાના ડ્રાઈવર દાઢીને સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા ને વ્યવહાર અંગેની વિગત પૂછી ત્યારે દાઢીએ કહ્યું 'સ્વામીશ્રી આપ મળ્યા પછી શાંતિ રહે છે.' સ્વામીશ્રીએ તેમને જીવન શુદ્ધ બનાવવા, જીવનમાં બચત કરવા માટે હિત ઉપદેશ આપ્યો.

શ્રીજી મહારાજે વચનામૃતમાં જણાવ્યા મુજબ 'ભગવાન અને સંતની સેવા બહુ માટા પુણ્યવાળાને જ પ્રાપ્ત થાય છે' તેનો અનુભવ સ્વામીશ્રીના યોગમાં થયો. સ્વામીશ્રી કાંદિવલીમાં ભૂરાભાઈ હૉલમાં પ્રાતઃપૂજા કરી ઉકાળાપાણી કરવા ધરમશીભાઈને ત્યાં પધાર્યા ત્યારે લખા લૂલા શેઠની ગાડીમાં બિરાજ્યા હતા. સ્વામીશ્રીએ ડ્રાઈવરને પૂછ્યું 'નામ શું ?' 'ગ્રેગ્રીન' ત્યારે સ્વામીશ્રીએ કહ્યું, 'ચંદ્ર ઉપર ગયો તે ગ્રેગ્રીન ?! તમે તો ચંદ્રથી પર પહોંચી ગયા તેવી સેવા થઈ છે.' ડ્રાઈવર ખુશ થઈ ગયો!

ઘાટકોપરમાં સ્વામીશ્રી રાત્રિ સત્સંગ સભામાં પધાર્યા હતા. કીર્તન ગાન બાદ છોટુભાઈ અજમેરાએ સૂકામેવાનો હાર પહેરાવ્યો, બાલમંડળ વતી વિવિધ હાર સ્વામીશ્રીને અર્પણ કર્યા. તે વખતે યુવકોએ સ્વામીશ્રીને વિશિષ્ટ હાર પહેરાવ્યો. જેમાં ટી.વી. ન જોવાનો, બહારનું ન ખાવાનો, કોઈપણ પ્રકારનું વ્યસન ન રાખવાનો, આવા નિયમોથી ભરેલો વિશિષ્ટ હાર સ્વામીશ્રીને અર્પણ કર્યો. તેનાથી સ્વામીશ્રી ઘણા રાજી થયા ને આશીર્વાદ આપતાં કહે 'ખરેખર સાચી વાત કરી છે. યોગીજી મહારાજને જે ગમતું, જેની રુચિ હતી તેવા નિયમો ધારણ કર્યા તે ઉત્તમ વાત છે. સ્ટેજ ઉપર આવીને બોલી જવાય, પણ પાળવું અઘરું છે. શિરસાટાના નિયમ રાખે, સારધાર પાળે તો ભગવાન રાજી થાય છે. નિયમો જીવનમાં ઉતારવાના છે. વાતથી વડાં થાય ? તે તો કાર્ય કરવું પડે. છોકરાઓએ શ્રદ્ધા, પ્રેમથી નિયમ

લીધા છે તે સારું છે. નિયમ ન પાળી શકે તે મનની નબળાઈ છે. ચંદ્ર ઉપર માણસ ગયો. જો તે થતું હોય તો આ પણ થાય જ. ભગવાનના નિયમોનું પાલન સૂર્યચંદ્ર કરે છે તો સૌ તેને પગે લાગે છે. યોગીજી મહારાજે નિયમનો ભંગ થવા દીધો નથી તો જગતને વંદનીય બન્યા છે. આપણે જાણવા છતાં કલબ, જુગારમાં ચાલ્યા જઈએ છીએ ને જે સાચું છે નિયમ પાળી સુખિયા બનીએ.' આમ સ્વામીશ્રીને મન જે વાત ગમી ગઈ તો તેની દૃઢતા માટે, સૌને પ્રેરણા મળે તે માટે ઉત્તમ પ્રકારનું માર્ગદર્શન આપ્યું.

* * *

આવા અનેક પ્રસંગોથી મન-હૃદય સદા માટે છલક્યા કરે ને પૂર્ણકામપણું મનાય તે પ્રાર્થના સાથે ગુરુહરિના ચરણોમાં પ્રાર્થના.

* * *

બાલકૃષ્ણ સ્વામી

અટલાદરા

સંવત્ ૧૯૮૨માં (સને ૧૯૨૬) દીક્ષા લીધા પછી હું શાસ્ત્રીજી મહારાજની જોડમાં ફરતો. શાસ્ત્રીજી મહારાજની સાથે ચાણસદ પણ જતો. ચાણસદમાં મોતીભાઈ પ્રભુદાસ પટેલ સેવા કરે. ઝોળી માંગવા પણ અમારી સાથે આવે. ગામમાં જૂનું પ્રસાદીનું મંદિર છે ત્યાં મેડી બનાવવાની હતી. તેથી અમો શાસ્ત્રીજી મહારાજની સાથે ત્યાં રોકાયેલા. મોતીભાઈ સેવામાં આવે. તે વખતે શાંતિલાલ (સ્વામીશ્રી)નાના. મેં એકવાર તેમને જોયેલા. તેમણે એકવાર કહેલું કે 'મારા બાપુજીને બોલાવી લાવું?' આ વાક્ય હજુ મને યાદ આવે છે.

શાંતિલાલ તરફ શાસ્ત્રીજી મહારાજની પ્રેમાળ દૃષ્ટિ હતી તે ચાણસદમાં જોયેલું.

તે વખતે નાના લાગતા શાંતિલાલ આવા વિશ્વવંદનીય બનશે તેવી ખબર પણ નહિ. તેથી અમે તો સામાન્ય બાળકની જેમ જ જોતા. પરંતુ અત્યારે વામનમાંથી વિરાટ બની ગયા...

બોચાસણમાં ઘુમ્મટ કર્યો એ વર્ષે શાંતિલાલ ઘેરથી બોચાસણ આવેલા. તે વખતે હું મંદિરના રમણા ઉપર બેઠો હતો. શાંતિલાલ પહેલાં મને જ મળ્યા ને પૂછ્યું, 'સ્વામી છે?' (શાસ્ત્રીજી મહારાજ છે?)

'હા.'

'મારી જોડે આવશો?'

'હા. કેમ નહિ?'

'મને ઓળખો છો?' શાંતિલાલે પૂછેલું.

મેં કહ્યું : 'તમને કદાચ ન ઓળખીએ પણ તમારા બાપુજીને તો ઓળખીએ જ છીએ.'

પછી શાસ્ત્રીજી મહારાજની રૂમમાં હું લઈ ગયો ને સ્વામીએ તેમને રૂમમાં બેસાડીને વાતો કરેલી.

આ પ્રસંગ હું ઘણીવાર યાદ કરું છું. મને આનંદ થાય છે કે એ વખતે શાંતિલાલને હું શાસ્ત્રીજી મહારાજ પાસે લઈ ગયેલો.

મને એકવાર ત્યાગાશ્રમમાંથી નીકળી જવાનો વિચાર આવેલો. તેથી મેં શાસ્ત્રીજી મહારાજને કહ્યું : 'હું ઘેર રહી તમારું ભજન કરીશ.'

શાસ્ત્રીજી મહારાજે મને સમજાવ્યો અને કહ્યું : 'હવે તો अर्थं साधयामि वा देहं पातयामि । વગેરે ઘણી વાતો કરી. તે વખતે પ્રમુખસ્વામી (નારાયણસ્વરૂપદાસ) મારે માટે ખીચડી ને પૂરી જમાડવા માટે લાવેલા તે મને યાદ છે.

લગભગ સં. ૧૯૯૬ની સાલમાં (શાંતિલાલને સાધુની દીક્ષા આપી ત્યારે ગોપીનાથદાસ ને બીજા એક બે જણ કહેતા કે શાસ્ત્રીજી મહારાજે નાની ઉંમરનાને સાધુ કરી નાખ્યા તે ઠીક નહીં... વગેરે વગેરે. તે સંદર્ભમાં) શાસ્ત્રીજી મહારાજે સાંજના સમયે બોચાસણમાં સભામંડપમાં કહેલું કે નાનો છે તે મોટો નહિ થાય? (નારાયણ સ્વરૂપદાસ) મોટો થશે ને ધીરે ધીરે આગળ વધશે ને એ જ લાખો માણસોને સત્સંગ કરાવશે ને ગુરુ કરતાં ચેલા સવાયા થશે.'

વળી શાસ્ત્રીજી મહારાજે ગોંડલમાં દીક્ષા વખતે યોગીબાપાને કહેલું કે 'નારાયણસ્વરૂપદાસમાં તમારા જેવા ગુણ આવે તેવું કરજો. તમે જેવાં કાર્યો કરો છો તેવાં જ એ કરશે. વિશેષ કરશે પણ ઓછું નહિ કરે..'

આ પ્રસંગે હું ત્યાં જ હતો. ને આ વાત મેં કાનોકાન સાંભળેલી છે.

વળી શાસ્ત્રીજી મહારાજે નારાયણસ્વરૂપદાસને પ્રમુખ તરીકે ચાદર ઓઢાડી ત્યારે અમારો કોઈનો વિરોધ નહોતો. અમને તો તે વખતે એટલું દૃઢ હતું કે શાસ્ત્રીજી મહારાજ કરે તે ઠીક જ હોય. ભલે પ્રમુખપદે નાનું છોકરું હોય તો પણ શાસ્ત્રીજી મહારાજ કરે તે ઠીક જ હોય. આપણી બુદ્ધિને એમની બુદ્ધિમાં ફેર છે. એમની બુદ્ધિથી એ વિચારતા હોય. આપણે આપણી બુદ્ધિ પ્રમાણે ચાલીએ. પણ આપણા કરતાં મોટાપુરુષની બુદ્ધિ વધારે છે ને અલૌકિક છે. તેથી અમે કોઈ સંતોએ શંકા નહોતી કરી.

વળી ભક્તિવલ્લભદાસ, અક્ષરસ્વરૂપદાસ વગેરે બધા જ સંતોને પ્રમુખ

સ્વામીનો ગુણ હતો.

બધાને ખબર હતી કે એમનો સ્વભાવ બહુ શાંત છે. ગુણવાળા છે- કોઈ રાગ-દ્વેષ વગરના છે. નિર્માની છે. કોઈની જોડે બગાડતા નથી.

પ્રશ્ન : તમને પ્રમુખસ્વામીમાં કેવો ભાવ છે?

ઉત્તર : જેવો શાસ્ત્રીજી મહારાજમાં ભાવ તેવો જ ભાવ છે. શરીર ભલે બદલાયું પણ તત્ત્વ એકનું એક. દરેકની કાર્યપદ્ધતિ જુદી પરંતુ કાર્ય એક જ.

અખંડ શ્રીજીમહારાજ એમનામાં રહી કાર્ય કરે છે. એ કહે છે તે મહારાજ કહે છે, એવો ભાવ છે.

બધાના હિતનું કાર્ય કરે છે. નવાં મંદિરો બનાવે છે તે કંઈ સહેલું છે? વળી સ્વામીની(શાસ્ત્રીજી મહારાજ)ની મૂર્તિ ધારીને કામ કરે છે. વિચરણ કરે છે તે કંઈ સહેલી વાત છે?

પ્રશ્ન : તમને શાસ્ત્રીજી મહારાજ જેવા કયા ગુણો પ્રમુખસ્વામીમાં દેખાઈ આવે છે?

ઉત્તર : શાસ્ત્રીજી મહારાજથી બધા ધ્રૂજે. નીડર બહુ. પ્રમુખસ્વામી પણ નીડર ખરા. શાસ્ત્રીજી મહારાજ ચક્રવર્તી. પ્રમુખસ્વામી પણ ચક્રવર્તી.

શાસ્ત્રીજી મહારાજે મંદિરો કર્યાં તેવાં જ મંદિરો એમણે પણ કર્યાં ને કેવો સત્સંગ વધાર્યો !

શાસ્ત્રીજી મહારાજ વખતે ખૂબ મુશ્કેલી, વિકટ પરિસ્થિતિ. તો પણ કેવાં સર્વોપરી મંદિરો કર્યાં? અત્યારે જમાનો જુદો. સત્સંગ સારો વધી ગયો. સ્વામી (પ્રમુખસ્વામી) દાખડો બહુ કરે છે. મંદિરો કેટલાં ઊભાં કરી દીધાં! બધાને ભગવાન ભજવાની કેવી સાનુકૂળતા કરી આપી!

આમ, તો જો કે અમારે પ્રમુખસ્વામી સાથે વધારે પ્રસંગ નહિ. એટલે મળવાનું પણ વધારે ન થાય પરંતુ આપણી ખબર બહુ રાખે. શાસ્ત્રીજી મહારાજની જેમ જ ખબર રાખે- મારી એકલાની નહિ, બધાની રાખે. પોતાના શરણે આવેલા દરેક આશ્રિતનું ખૂબ ધ્યાન રાખે છે.

આનંદકંદ સ્વામી મારી સેવામાં હતા; તે અમેરિકા ઉત્સવમાં (C.F.I.) જતા હતા. સ્વામીએ આનંદકંદને કહ્યું : 'ગુરુને મૂકીને કેમ આવતા રહ્યા? તેમની સેવામાં કોણ છે?'

આનંદકંદ સ્વામી કહે : 'બ્રાહ્મણ મૂકેલા છે.'

પ્રમુખસ્વામી કહે : 'તો ઠીક.'
'સ્વામી દૂર રહે છે છતાં આપણું ધ્યાન રાખે છે.'

* * *

ભગવત્પ્રિય સ્વામી
કલકત્તા

ગોંડળ અમૃત મહોત્સવની તડામાર તૈયારીઓ ચાલતી હતી. મુંબઈમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી સંતોને વૅકેશન હતું. તેથી એક મહિના પહેલાં સૌને સેવાનો લાભ મળ્યો હતો. યોગીજી મહારાજે આ મહોત્સવનું સ્થાન ગોંડળ નક્કી કર્યું હતું. પણ લાખ ઉપરાંત ભક્તો માટે પાણી પૂરું પાડવાની સમસ્યા મોટી હતી. પ્રમુખસ્વામી મહારાજ તો આ સમૈયાના કર્ણધાર જ હતા. તેમણે ભગીરથ પુરુષાર્થ આદર્યો હતો. મંદિરની ગોશાળાની પાછળ ખેતરમાં પાણી માટે બોર કરાવેલા, ગુરુકુળમાં પણ બોર કરાવ્યો પણ પાણી ન થયું.

પાણીના પ્રશ્નનો ઉકેલ સમૈયા માટે મોટી કસોટી હતી. સ્વામીશ્રીએ પણ આ કસોટીમાંથી પાર ઊતરવા કમર કસી હતી. ભાદર ડેમનું પાણી રાજકોટની પાઈપલાઈન દ્વારા લેવાનું હતું. તે માટે કલેક્ટરને તથા બીજા અધિકારીઓને મળીને પાણી માટે કોશિશ કરી. છેવટે વહેરી તળાવમાં પાઈપલાઈન નાખી મંદિરના ઘાટમાં પહોંચાડવું - એમ નક્કી થયું અને સાચે જ આ યોજના ઉપયોગી થઈ.

તે વખતે સ્વામીશ્રીને પાયોરિયાના દર્દને કારણે દાંત-પેઢાં ઢીલાં પડી ગયેલાં. તેથી રોજ આયુર્વેદની દવા ઈરમેદાદિતેલ રાત્રે સૂતા પહેલાં પેઢા પર ઘસીને કોગળા કરતા હતા.

એકવાર ઉતારામાં હું એકલો હતો. સ્વામીશ્રી રાત્રે ૧૧ વાગે આવ્યા. મને લાગ્યું કે આજે કામ વહેલું પૂરું થઈ ગયું હશે તેથી વહેલા આરામ માટે આવ્યા હશે. પેઢાં પર તેલ લગાડી કોગળા કર્યા પછી. મને કહે : 'તમે મારી સાથે (જોડમાં) આવો.' અમે સાથે નીકળ્યા. આશાપુરી માતાના મંદિર પાસે પહોંચ્યા. સંતો અહીં પાઇપ ફીટિંગનું કામ કરતા હતા. રાત્રે બે વાગ્યા. કામ તો હજુ ઘણું બાકી હતું. તેથી સ્વામીશ્રીએ મને બોલાવી કહ્યું :

…રખ્યા …

…ટલે હું બીજા સંત સાથે
…સૂતાં મને થયું કે યોગીબાપાના
…શ્રી દેહને કે નિદ્રાને ગણકાર્યા વગ…
…છે, જ્યારે આપણે સમયસર દેહનું લાલનપાલ…
…માં આપણી ભક્તિ ક્યાં રહી? એ ઉત્સવની સફળત…
…ાશ્રીના કઠોર પરિશ્રમથી જ મળી હતી તેમાં બે મત નથી.

આ પછી એક દિવસ સવારે હું તેમની સાથે જોડમાં ગયો. રેલ… લાઈનની પાછળથી પાઈપલાઈનનું માપ લેવા જવાનું હતું. બપોરે ૧૨ વાગે… ગુરુકુળ સુધી ખોદકામ આવી ગયું હતું. ત્યાં હરિભૂષણ સ્વામીને જોયા. … વખતે જોડમાં હરિભૂષણ સ્વામી સ્વામીશ્રી સાથે રહેતા. કારણ કે બીજા સા… તો ખૂબ ભીડાને કારણે બીજી જોડ ગોતીને પાછા આવતા રહે. હરિભૂષ… સ્વામી છેક સુધી સ્વામીશ્રીની સાથે રહેતા. તેથી તેમને જોઈને મને કહે 'હવે તમારે જવું હોય તો જાઓ. અમારી જોડના સાધુ આવી ગયા છે. પોતે તો કામ પૂરું કરીને પછી જ મંદિરે પહોંચ્યા. સ્વામીશ્રી ઘણી વખ… કહે છે ને કે 'એક વખત કામ હાથમાં લીધા પછી ખાવાનો કે સૂવાન… વિચાર જ ન આવે.' આ વાક્યને સ્વામીશ્રીના જીવનમાં અનેક વા… આત્મસાત્ થતું અનુભવ્યું છે.

* * *

૧૯૭૦ની સાલમાં યોગીજી મહારાજની વિદેશયાત્રા બાદ એમની સા… વિચરણનો લાભ મળ્યો. જેમાં ગામોગામ સોરઠી રાસનો કાર્યક્રમ થતો… યોગીજી મહારાજ પણ આ અંગે ભક્તોને પ્રોત્સાહન આપતા. તેથી ભાદર… ગુણાતીત નગરમાં પણ અહીંના યુવાનો રાસ રમ્યા. સ્વામીશ્રીએ સૌ… આશીર્વાદ આપી પ્રસન્નતા દર્શાવી. રાત્રે સૂવા જતા પહેલાં યોગીબા… પૂછ્યું, 'બાપા! સંતો આવી રીતે રાસ કરે તો?' સ્વામીશ્રીએ … ગોંડળ શરદપૂર્ણિમાના સમૈયે સંતો ભેગા થયા … જોડાવાની સંમતિ દર્શાવી. ગોંડળી નદીના … પ્રેક્ટિસ કરવા જતા. પ્રમુખસ્વામી પ… આસો સુદ ૧૩ના રાત્રે … 'કેવી પ્રેક્ટિસ કરી …

વચ્ચે સ્વામીશ્રીનું આસન ગોઠવ્યું. સંતોએ આખા સભામંડપમાં રાસ લેવાનો શરૂ કર્યો. યોગીજી મહારાજે આશીર્વાદ આપ્યા ને સંતોની પ્રશંસા કરી. પછી કહે : 'પ્રેક્ટિસ સારી થઈ છે. પણ હવે અહીં રાસ થઈ ગયો. શરદપૂનમના દિવસે ચોકમાં ન કરવો.' એમ કહી બોલ્યા, 'જાહેરમાં સંતો રાસ ન રમે.' તેઓ તો આટલું કહી આરામમાં પધારી ગયા. અમે ચિંતામાં પડ્યા કે પ્રેક્ટીસ કરી છે ને હવે શું કરીશું? અમે સ્વામીશ્રી પાસે પહોંચ્યા. વાત કરી, ત્યારે એમણે યોગીબાપા પાસે પરવાનગી અપાવી ને કહ્યું : 'બાપા ! સંતોએ પ્રેક્ટિસ કરી છે તો ભલે રાસ રમે. મહારાજ સાથે પણ સંતો રાસ રમ્યા હતા.' સ્વામીશ્રીની ઈચ્છા જાણી યોગીબાપાએ સંતોને રાસ રમવાની સંમતિ આપી.

શરદપૂનમની રાત્રિસભામાં ભવ્ય સિંહાસન ઉપર યોગીજી મહારાજ બિરાજ્યા હતા. એ પછી સૌની વિનંતીથી રાસમંડળના મધ્યમાં બિરાજ્યા. અને સંતોએ રાસ ઉપાડ્યો - 'જોયા મેં તો યોગી મહારાજ અમને ઘેલા બનાવ્યા.' શરદપૂનમની રાત્રે એક અદ્‌ભુત અવર્ણનીય અને અવિસ્મરણીય પ્રસંગ યોગીજી મહારાજના સાન્નિધ્યમાં સૌ ભક્તોએ તથા સંતોએ અનુભવ્યો અને નિહાળ્યો.

આ પ્રસંગની સ્મૃતિભેટનું કારણ પ્રમુખસ્વામી મહારાજ છે એ સ્મૃતિ ક્યારે ભુલાય તેવી નથી.

* * *

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ ધામમાં પધાર્યા બાદ સ્વામીશ્રીની 'જય' બોલવાની સત્સંગ સમુદાયમાં શરૂઆત થઈ. સ્વામીશ્રીએ એ વખતે અનેકવાર આ બાબતે પોતાનો સખત અણગમો વ્યક્ત કર્યો હતો. જેમને 'જય' બાબતમાં અણગમો હોય તેમનું કીર્તન કોઈ ગાય તે તો ક્યાંથી ગમે?

૧૯૭૧ની સાલના વૈશાખ મહિનામાં સ્વામીશ્રી ગોંડળમાં હતા. પ્રાતઃપૂજા માટે આસન ઉપર બિરાજ્યા. એક સંતે કીર્તનની શરૂઆત કરી. એ નવાં કીર્તનની રચના કોઈ નવા કવિએ કરેલી. જેનો ઢાળ પ્રભાતીનો હતો. જેમાં સ્વામીશ્રીના જ ચરિત્રનું વર્ણન આવતું હતું. હું ગાનારા સંતની બાજુમાં જ બેઠો હતો. કીર્તનનું વર્ણન સાંભળી સ્વામીશ્રીએ એકદમ જ ઉગ્રતાથી કહ્યું : 'આ કીર્તન બંધ કરો. મહારાજનું કીર્તન આવડે છે ? તો

ગાવ.' ગાનાર સંત તો સ્થિર થઈ ગયા. પછી સ્વામીશ્રીએ મને નિર્દેશીને કહ્યું : 'આવા કીર્તન ગાવાની તમારે ના કહી દેવી, આગળથી જોઈ લેવું કે શું ગાવાના છે? પછી જ ગાવા દેવા.'

નિત્યક્રમ પ્રમાણે સંતો-યુવકો પોતાની પસંદગી પ્રમાણે કીર્તનો પૂજામાં ગાતા હોય તેમાં આ ઓચિંતો ધડાકો થયો, બાજુમાં બેઠેલા સૌ સંતો તથા હરિભકતો સ્તબ્ધ થઈ ગયા. સ્વામીશ્રીની આ પુણ્યપ્રકોપમયી મૂર્તિ વિસારે તો પણ ન વીસરે.

* * *

૧૯૭૪માં સારંગપુર મંદિરે નવદીક્ષિત સંતોને સંસ્કૃત ભણાવવા માટે સ્વામીશ્રીએ મને આજ્ઞા કરી હતી.

તે સમયે ગોંડળ અક્ષરદેરીમાં ઠાકોરજી પાસે સંતો ઉમંગથી સ્વામીશ્રીનો ફોટો મૂકતા. સ્વામીશ્રીને આ ગમતું નહીં. તેથી સ્વામીશ્રી આવે ત્યારે ફોટો જોઈને તરત ઘા કરી ફેંકી દે - કાચ ફૂટી જાય... આમ ઘણીવાર થતું તેથી સ્વામીશ્રી સંતો ઉપર ખીજાઈને કહેતા, 'કેટલી વાર ના કહી, છતાં આ ફોટો શું કામ મૂકો છો?'

સારંગપુરમાં શાસ્ત્રીજી મહારાજની દેરીએ પણ આવો પ્રસંગ બની ગયેલો. સંતોને પ્રેમ ઊભરાય પણ સ્વામીશ્રી આંખ કાઢે એટલે ફોટો લઈ લેવો પડે. તે વખતે મને વિચાર આવ્યો કે યોગીજી મહારાજના ફોટા સાથે સ્વામીશ્રીનો ફોટો હોય તો તે ફેંકી નહીં દે. તેથી નાની ફ્રેમમાં એક ફોટો ગોઠવીને શાસ્ત્રીજી મહારાજના સિંહાસન પાસે જ મૂક્યો. સ્વામીશ્રી સારંગપુર પધાર્યા. નિયમ પ્રમાણે દર્શને ગયા અને પ્રદક્ષિણા ફર્યા. તે દિવસે કાંઈ બોલ્યા નહિ. બીજે દિવસે સવારે દેરીએ દર્શન કરી પ્રદક્ષિણા ફરતા હતા. હું પણ સાથે જ પ્રદક્ષિણા ફરતો હતો ત્યારે મને બોલાવીને કહે : 'તમે સમજતા કેમ નથી ? મારો ફોટો મૂકવાથી વિશેષતા શું છે? મારે મારા ફોટાને પગે લાગવું અને પ્રદક્ષિણા ફરવી?' પછી આગળ કાંઈ બોલ્યા નહિ. સ્વામીશ્રીના વિચારો વાજબી લાગ્યા. ત્યાર પછી પ્રતિષ્ઠા વગરની છૂટી મૂર્તિ મૂકવાનો ક્યાંય પ્રયત્ન થયો નથી.

* * *

૧૯૯૩માં કલકત્તામાં સ્વામીશ્રીનો ૭૩મો જન્મજયંતી મહોત્સવ બહુ જ

ધામધૂમથી ઉજવાયો. પ્રસંગ પૂરો થયા પછી તરત જ બીજે દિવસે સ્વામીશ્રીએ સમૈયાનો હિસાબ જોવા માગ્યો. બે દિવસ થઈ ગયા. પણ બીજી પ્રવૃત્તિમાં સંકળાયેલા હોવાથી સ્વામીશ્રીની માગણીનો જાણે અસ્વીકાર થયો હોય તેમ લાગ્યું. ત્રીજે દિવસે વિદ્યામંદિર હૉલમાં જાહેર કાર્યક્રમ ચાલતો હતો. હું સ્વામીશ્રીના આસનની બાજુમાં જ ખુરશી પર બેઠો હતો. મને બોલાવીને કહ્યું : 'આવતીકાલે સાંજ સુધીમાં મારે હિસાબ જોઈએ.' એમ કહી એક રફ કાગળ પર જાતે મુદ્દા લખેલા તે આપતાં કહે : 'આ બધા મુદ્દાનો મારે જવાબ જોઈએ.' એમના અવાજમાં ફરમાન હતું.

બીજે દિવસે સાંજે પાંચ વાગે ઉતારેથી ફોન ઉપર મને યાદ કરાવ્યું, હું મંદિરે હતો. ફોનમાં કહ્યું : 'સાંજે બધા ભેગા થઈને હિસાબ બતાવી દો.' એમના વટહુકમ સામે કાંઈ દલીલ તો શક્ય હતી જ નહીં. વળી મહોત્સવનો હિસાબ રશ્મિભાઈ શેઠ સંભાળતા હતા. આગલે દિવસે સાંજે વાત થઈ ગયેલી તેથી સવારના ૬ વાગ્યાથી હિસાબ લખવા બેસી ગયા. સતત મહેનતના અંતે ફરી કોપી કરીને ફાઇલ તૈયાર કરેલી. રાત્રે ૮.૩૦ વાગે સ્વામીશ્રી ભોજન કરીને પરવાર્યા પછી તરત જ ૧ કલાક સુધી રિપોર્ટ જાતે વાંચ્યો. સાથે પ્રશ્નો પૂછતા જાય તેના જવાબ મળતાં બધું સંતોષકારક લાગ્યું. હિસાબ જોઈને ચોકસાઈ અને ચીવટ રાખવાની ટકોર કરી કહ્યું : 'બધું સમયસર તૈયાર થવું જોઈએ.' એમ કહી અમને સૌને રાજી થઈને આશીર્વાદ આપ્યા.

આપણી સંસ્થાની દરેક પ્રવૃત્તિ પાછળ સ્વામીશ્રી સ્વયં આટલી ચોકસાઈ રાખે છે અને કાર્યકર્તાઓને જાગ્રત રાખે છે; તેથી જ સંસ્થાનું કાર્ય દિન પ્રતિદિન પ્રગતિ કરે છે- સફળ રહે છે- અને શોભી ઊઠે છે.

* * *

જ્ઞાનપ્રસાદ સ્વામી

ગોંડળ

૧૯૬૮ની સાલમાં સુરતમાં આવેલું પૂર ભયંકર હતું. એ જ સમયમાં સ્વામીશ્રી પણ સુરતમાં પધાર્યા હતા. એમનો ઉતારો મોટે ભાગે સરદારનગરમાં આશાકાકાના બંગલે રહેતો. હું અહીં સ્વામીશ્રીનાં દર્શને ગયો ત્યારે નાનકડી સભા સ્વામીશ્રીની આજુબાજુ બેઠી હતી. મારા મનમાં સ્વામીશ્રી મારે ત્યાં જમે એવો સંકલ્પ હતો. પણ એમ થાય કે મોટા મોટા હરિભક્તો બેઠા હોય તેમાં આપણો વારો ક્યાં લાગવાનો છે? સભામાં બેઠા બેઠા જ મારા આ સંકલ્પો ચાલુ હતા ત્યાં સ્વામીશ્રીએ મને સામેથી બોલાવ્યો. મને કહે : 'તું સારી શુદ્ધ ધારી મંગાવીને લેતો આવ. અમે આજે અટલાદરા જઈએ છીએ, તે ત્યાં ઠાકોરજીને ધરાવીને જમીશું !'

અચાનક જ મારો ધાર્યો સંકલ્પ પકડીને સ્વામીશ્રીએ જે રીતે ભાવ પૂરો કર્યો તે સાચે જ અલૌકિક પ્રસંગ હતો !

* * *

૧૯૬૮ની વાત છે. યોગીજી મહારાજ ગોંડલમાં બિરાજમાન હતા. અન્નકૂટ ઉત્સવ થઈ ગયો પછી સૌ વિદાય લેતા હતા. ત્યારે હું પણ યોગીબાપા પાસે પહોંચ્યો. એ અરસામાં અમારા પૂર્વાશ્રમના ગામ શિયાનગરમાં હરિમંદિર તૈયાર થયું હતું અને પ્રતિષ્ઠાની તિથિ નક્કી થાય તેની રાહ જોવાતી હતી. મેં આ વાત યોગીજી મહારાજને યાદ કરાવી. ત્યારે બાપા કહે : 'અમે પ્રમુખસ્વામીને ચિઠ્ઠી કરી દઈએ. તમે સારંગપુર જાવ. પ્રમુખસ્વામી પ્રતિષ્ઠા માટે આવશે..' એમ કહી તરત જ ચિઠ્ઠી લખી આપી.

હું ચિઠ્ઠી લઈ સારંગપુર પહોંચ્યો ત્યારે બપોર થઈ હતી. સ્વામીશ્રીને ચિઠ્ઠી આપી. યોગીજી મહારાજની આજ્ઞા હતી તે તરત મસ્તકે ચઢાવી.

પછી મને જમવા માટે સાથે લઈ ગયા. પોતે જમવા બિરાજ્યા ને સામે જ મને બેસાડ્યો. ને ખૂબ આગ્રહ અને પ્રેમથી પ્રસાદી આપી મારો સંકલ્પ પણ પૂરો કર્યો.

યોગીજી મહારાજ ૧૯૭૦માં મુંબઈમાં બિરાજતા હતા. ત્યારે એકવાર સમાચાર આવ્યા કે પ્રમુખસ્વામી આજે ટ્રેન દ્વારા દાદર પધારવાના છે. યોગીજી મહારાજે તરત જ હર્ષદભાઈ દવે વગેરે... મોટેરા હરિભક્તો, યુવકો અને અમને આજ્ઞા કરી, 'આજે પ્રમુખસ્વામી આવે છે, તમે લેવા સામા જાવ.. દંડવત્ (પ્રણામ) કરજો...'

અમે સ્વામીશ્રીને લઈને પાછા ફર્યા. સ્વામીશ્રીને હજુ સ્નાનાદિ વિધિ બાકી હતી, તે કરવા પધાર્યા એટલે અમે યોગીબાપા પાસે આવીને બેઠા. યોગીબાપા કહે : 'પ્રમુખસ્વામીને સ્નાન કરાવ્યું?'

'ના બાપા !'

'તો જાવ, જેમ અમને સ્નાન કરાવો છો, તેવી રીતે પ્રમુખસ્વામીને સ્નાન કરાવો...' આ આજ્ઞા થઈ એટલે હું તો પ્રમુખસ્વામી સ્નાન કરતા હતા ત્યાં પહોંચ્યો. ને સ્નાન કરાવવા પગ ચોળવા ગયો ત્યાં તો સ્વામીશ્રી મારા પર ગુસ્સે થઈ ગયા. કહે : 'શું છે અહીં ? યોગીબાપાની સેવા કરવાની હોય. અહીં કાંઈ નથી, જઈને બાપા પાસે બેસો...'

મેં કહ્યું : 'યોગીબાપાએ જ મોકલ્યો છે.' પછી કાંઈ બોલ્યા નહીં. સ્નાન દરમિયાન મને વચનામૃતનો નંબર બોલીને સમજાવવા લાગ્યા, 'આપણે એક ગુરુકા આશરા... યોગીબાપા સામે દૃષ્ટિ રાખવી. એ નિશાન છે. એક રાજી તો બધા રાજી થાય. એ કુરાજી થાય તો આખી દુનિયા કુરાજી. માટે સેવા-સમાગમ કરી એમને રાજી કરી લેવા.'

એમ ખૂબ બળની-નિષ્ઠાની વાતો કરી, ત્યારે એમની દાસત્વભક્તિ-ગુરુભક્તિ અને પતિવ્રતાની ટેકનાં અદ્‌ભુત દર્શન થયાં.

* * *

સાધુજીવન સ્વામી
વલ્લભ વિદ્યાનગર

આમારી દીક્ષાનો શુભ દિવસ હતો. ૨૪ એપ્રિલ, ૧૯૬૭.

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે પાંચ યુવકોને બોચાસણમાં દીક્ષા આપી- તેમાં હું પણ હતો. મારું નામ જયકૃષ્ણ ભગત પાડ્યું. એ જ અરસામાં મારા સહદીક્ષાર્થી વલ્લભ ભગતને પ્લુરસીનો રોગ થયો. બંને ફેફસાં વચ્ચે પાણી ભરાઈ જતું અને ખૂબ પીડા થતી. યોગીજી મહારાજે આ વાત જાણી કે તરત જ ધર્મજના હરિભક્ત ઈશ્વરભાઈ છીંકણીવાળાને બોલાવ્યા. કહે : 'આ ભગતને રોગ છે, તે ધર્મજ ચોકડી પાસે હૉસ્પિટલ છે તેમાં રાખજો. ને જયકૃષ્ણ ભગત તેમની સેવામાં રહેશે.' મારે માટે આ પ્રકારની સેવાનો અને સંતો કે સ્વામીશ્રીના સમૂહથી જુદા પડવાનો આ પ્રથમ પ્રસંગ હતો. ત્યાગાશ્રમમાં હજુ બે જ મહિના થયા હતા. પૂરા નિયમધર્મનો ખ્યાલ પણ નહીં. પરંતુ સ્વામીશ્રીની આજ્ઞા થઈ એટલે ધર્મજ ટી.બી. હૉસ્પિટલમાં વલ્લભ ભગતની સેવામાં રોકાયો. આ દરમ્યાન એકવાર મારાં પૂર્વાશ્રમના માતુશ્રી હૉસ્પિટલ પર મને મળવા આવ્યાં હતાં. નિયમધર્મ કે મર્યાદાનો બહુ ખ્યાલ નહીં, એટલે મેં પાંચેક ફૂટના અંતરે બેસીને તેમની સાથે અડધો કલાક વાતચીત કરી. તેઓ ચાલ્યાં ગયાં. આ વાતની વલ્લભ ભગતને જાણ થઈ. તેથી સાજા થયા પછી વિદ્યાનગરથી તેમણે પ્રમુખસ્વામી મહારાજ ઉપર ફુલસ્કેપના દોઢ-બે પાનાં ભરીને મારી ફરિયાદ કરતો પત્ર લખ્યો કે જયકૃષ્ણ ભગત ત્યાગીના નિયમ વિરુદ્ધ વર્તે છે. ને સંબંધીઓ સાથે નાતો રાખે છે.

પ્રમુખસ્વામી મહારાજે આ પત્રનો કોઈ જવાબ વાળ્યો નહીં. એટલું જ નહીં, મને પોતાને પણ આ અંગે એક પણ શબ્દ કહેલો નહીં. આવી કોઈ વાત તેઓ જાણે છે, તેવી ગંધ પણ મને આવવા દીધી નહોતી.

આ વાતને બે વર્ષ વીતી ગયાં. ત્યાગીના નિયમોની પૂરી જાણકારી થઈ હોવાથી ફરી કોઈ પ્રકારની ગફલત થઈ નહોતી. એ દરમ્યાન કોઈક કારણસર વલ્લભ ભગતે ત્યાગાશ્રમ છોડી દીધો. એ પછી પ્રમુખસ્વામી મહારાજના સેવક દેવચરણ સ્વામીએ મને કહ્યું : 'વલ્લભ ભગતે તમારા વિરુદ્ધ સ્વામીશ્રીને પત્ર લખ્યો હતો. ત્યારે મારા આશ્ચર્યનો પાર ન રહ્યો.

શ્રીજીમહારાજે વચનામૃત ગ.મ. ૨૮માં જણાવ્યું છે કે 'અમારી પ્રકૃતિ એમ છે જે થોડીક વાતમાં કુરાજી પણ ન થાઉં અને થોડીક વાતમાં રાજી પણ ન થાઉં.. કોઈના કહ્યા-સાંભળ્યા થકી કોઈની ઉપર રાજીપો કે કુરાજીપો થતો નથી.' શ્રીજીમહારાજની આ સ્વાભાવિક પ્રકૃતિનો મને સ્વામીશ્રીમાં સાક્ષાત્ અનુભવ થયો.

સ્વામીશ્રી માટે તે સમયથી જ દૃઢતા થઈ ગયેલી કે સ્વામીશ્રી કાચા કાનના નથી. ને એમને આપણા માટે જે કાંઈ લાગશે તો આપણને સ્પષ્ટ જ કહી દેશે.. આ સંત તો નિષ્કુળાનંદ સ્વામીએ લખ્યું છે તેવા જ છે :

'સુણી પારકા દોષને દાટે, તે જીવના રૂડા થવા માટે...'

* * *

હું સત્સંગમાં આવ્યો તે જ અરસામાં દાદુભાઈ તથા બાબુભાઈ નાથાભાઈ પટેલને સ્ત્રી-પુરુષ મર્યાદાના તથા અન્ય સૌદ્ધાંતિક કારણોસર યોગીજી મહારાજે તથા પ્રમુખસ્વામી મહારાજે સંસ્થાના ટ્રસ્ટીઓની સંમતિ સાથે વિમુખ જાહેર કર્યા હતા. મારો એક મિત્ર આ લોકોના પ્રભાવ હેઠળ હતો. તેણે એકવાર કહેલું કે પ્રમુખસ્વામીએ જ દાદુભાઈ-બાબુભાઈને વિમુખ કર્યા છે અને મનસ્વી નિર્ણયો લીધા છે. વળી તેઓ બહુ કપટી ને ચાલબાજ છે. વગેરે..વગેરે... આ પછી તો સ્વયં યોગીજી મહારાજે જ મને પ્રતીતિ કરાવી હતી કે દાદુભાઈ વગેરે કેટલી હદે સિદ્ધાંતહીન વર્તન ધરાવે છે. એટલે હું સત્સંગમાં તો ટકી ગયો. પણ પૂર્વે પ્રમુખસ્વામીના અભાવના શબ્દો મારા કાને પડ્યા હતા, તેથી એક છાની ઉપેક્ષા, છૂપો તિરસ્કાર તેમના તરફ રહ્યા કરતો. તેઓ સામે મળે તો હું આજુબાજુ તરી જાઉં. પણ કોઈ દિવસ પગે લાગતો નહીં.

૧૯૬૮-૬૯ની એક બપોરની વાત છે. ૨.૩૦ વાગ્યાનો સુમાર હશે. બોચાસણના જૂના સભામંડપની બાજુના માર્ગે હું પાછળથી આવતો હતો.

અને સ્વામીશ્રી સભામંડપમાંથી પાછળની તરફ પોતાના ઉતારે જવા આવી રહ્યા હતા. બંને સામસામા જ હતા, ને આજુબાજુ તરી જવાય તેવો કોઈ માર્ગ નહોતો. તેથી સામે ચાલી સાધારણ હાથ જોડી માથું નમાવ્યું. ત્યાં જ સ્વામીશ્રીએ મારો હાથ પકડી નજીક ખેંચ્યો. મેં પણ સ્વાભાવિકતાથી એમની છાતીએ માથું મૂકી દીધું. એમનો વાત્સલ્ય ઝરતો પ્રેમાળ હાથ મારા બરડો ફરી રહ્યો... આ સમયની અનુભૂતિ હું કોઈ શબ્દોમાં વર્ણવી શકું તેમ નથી. મારું આખું શરીર રોમાંચિત, ભાવવિભોર, પ્રેમાર્દ્ર બની ગયું. મારો પૂર્વગ્રહ ઓગળતો હોય તેવો અનુભવ થયો. આહ્‌લાદક સુખદ અનુભવે મારી દૃષ્ટિ બદલી નાખી. હું મંદિરના પગથિયે જઈને બેઠો. મનમાં પારાવાર પસ્તાવો ધૂધવી રહ્યો હતો. આવા મોટા, આવા નિર્મળ સંત વિશે મને ધિક્કાર? તિરસ્કાર? મને મારી જાત તરફ નફરત થઈ. હું બે પગ વચ્ચે માથું નાખી સાંજ સુધી રોતો રહ્યો. એમની અનહદ કૃપાનું પરિણામ એ હતું કે મારી પૂર્વગ્રહની ગ્રંથિ એમના સ્પર્શમાત્રે ઓગળી ગઈ હતી. એક અમૃત સેતુ બંધાઈ ચૂક્યો હતો.

* * *

આણંદમાં નાના અડધમાં આવેલી ધર્મશાળામાં પારાયણનો પ્રસંગ પૂરો થયો. યોગીજી મહારાજ આણંદના વડીલ હરિભક્ત મણિભાઈ જીવાભાઈની ગાડીમાં બેસવા આવી રહ્યા હતા. ગાડી તડકામાં પાર્ક કરી હોવાથી ફિયાટની આગળની તરફની રેકઝીનની સીટ ખૂબ તપી ગઈ હતી. મણિભાઈ ગાડી નજીક આવ્યા, ત્યાં સ્વામીશ્રી ઝડપથી આવી પહોંચ્યા, સીટ પર હાથ મૂક્યો ને જોયું કે આ સીટ તો યોગીજી મહારાજને દાઝે તેવી છે! તરત જ એમણે મારી પાસેથી ગાતરિયું લઈ વ્યવસ્થિત વાળી સીટ ઉપર ગોઠવી દીધું! યથાદેહે તથા ગુરુદેવે! એમની ગુરુભક્તિનો આ વિલક્ષણ પ્રસંગ જ્યારે જ્યારે 'ટાણાની ભક્તિ' કરી લેવાની વાત આવે ત્યારે સ્મરણમાં ઊભરી આવે છે.

* * *

તા. ૨૫-૧-૧૯૭૧, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજનો પંચભૂતનો દેહ આ દિવસે પંચમહાભૂતમાં વિલીન થયો. અગ્નિસંસ્કારના વિધિ બાદ હવે પછી શું? એ પ્રશ્ન સત્સંગ સમાજમાં ઘૂમી રહ્યો હતો. સમર્થ અને સિદ્ધાંતનિષ્ઠ

સદ્‌ગુરુ સંત સ્વામીએ એ પ્રશ્નના ઉત્તરરૂપે નિષ્ઠાપૂર્વક ઘોષણા કરી દીધી હતી કે 'હવે આપણા સૌના ગુરુ પ્રમુખસ્વામી મહારાજ છે...' આ ઘોષણાની વાત મારા કાને પ્રથમ વખત ત્યારે પડી, જ્યારે અગ્નિસંસ્કાર બાદ અમે ગોંડળના મોટા રસોડા પાછળના નળે સ્નાન કરવા ગયા હતા. સ્નાન કરતાં એક સંત બોલ્યા, 'હવે બાપાની જગ્યાએ પ્રમુખસ્વામી છે, તો હવે પ્રમુખસ્વામીને રાજી કરવા.'

મેં એવા ઘણા ભક્તો જોયા હતા, જેમને શાસ્ત્રીજી મહારાજ વિશે જેવી નિષ્ઠા હતી, તેવી યોગીજી મહારાજમાં થતાં ઘણી વાર લાગી હતી. તેથી મેં વિચાર્યું કે આપણે પ્રમુખસ્વામીમાં નિષ્ઠા કરી લેવી..

બીજે દિવસે રાત્રે સંતો સાથે બેસીને સ્વામીશ્રી ચેષ્ટા બોલતા હતા. ત્યારે હું સ્વામીશ્રી સામે જોઈ રહેતો. પણ મને થતું કે લોકોને કેવું લાગશે, બાપા ધામમાં ગયાને પાંચ દિવસ થયા છે, ને એટલીવારમાં આનું ધ્યાન બદલાઈ ગયું! એથી હું થોડીવાર આંખો મીચી દેતો. ચેષ્ટા બાદ સૌની સાથે હું પણ સ્વામીશ્રીને ચરણસ્પર્શ કરવા ગયો. ત્યારે સ્વામીશ્રીએ મારા ડાબા હાથ ઉપર હાથ મૂકી એવી સંમતિસૂચક દૃષ્ટિએ જોયું કે મને લાગ્યું : સ્વામીશ્રી કહી રહ્યા છે કે તેં જે ધ્યાન કર્યું તે બરાબર કર્યું છે! સ્વરૂપની ઓળખાણની આ નક્કર પ્રતીતિ હતી.

સવારે શણગાર આરતી બાદ સ્વામીશ્રી અક્ષરમંદિરનાં પગથિયાં ઊતરતા હતા. હું સ્વામીશ્રીની નજીક ગયો. સ્વામીશ્રી મારા ખભે હાથ રાખી પગથિયાં ઊતરવા લાગ્યા. વચ્ચે મેં કહ્યું : 'સ્વામી ! અત્યાર સુધી યોગીબાપાએ જાળવ્યા છે, ઓછપ આવવા દીધી નથી, હવે આપ અમને જાળવજો.'

સ્વામીશ્રી તરત બોલ્યા, 'બાપા ક્યાં ગયા જ છે? તે જ જાળવે છે, ને જાળવશે. કોઈ ફિકર ન કરવી. આપણે આનંદથી ભગવાનનું ભજન કરવું...' આ પછી સ્વામીશ્રીના પ્રેમ, હુંફ અને આત્મીયતાને કારણે ક્યારેય અપૂર્ણપણું લાગ્યું નથી !

* * *

યોગીજી મહારાજના અગ્નિસંસ્કાર બાદ એમનાં સંસ્મરણો માટે સંતોએ ધારી જવાનો કાર્યક્રમ ઘડ્યો હતો. અમે સૌ તૈયાર થઈને બેઠા હતા. એક

પુરુષોત્તમચરણ સ્વામી
અમદાવાદ

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજના અક્ષરધામગમન પછી સ્વામીશ્રીનું વિચરણ જાણે સર્વવ્યાપી બન્યું હતું. એક જ દિવસમાં કાઠિયાવાડમાંથી ગુજરાત કે ગુજરાતમાંથી દંઢાવ્ય સુધી ફરી વળવું સ્વામીશ્રી માટે સહજ હતું. આજે કચ્છમાં હોય તો કાલે ખેડામાં હોય એ નવાઈ જેવું નહોતું ગણાતું.

આવા ભરચક કાર્યક્રમોમાં સ્વામીશ્રી સાથે અમને ઘણા યુવાનોને વિચરણ કરવાનો લાભ મળ્યો હતો. ૧૯૭૩ની એ સાલ હતી. સ્વામીશ્રી ગઢડામાં બિરાજમાન હતા. અમારે નિંગાળા સ્ટેશનેથી ટ્રેન દ્વારા ગઢડા પહોંચવાનું હતું. સ્ટેશને આવતાં જ મને શરીરે અસુખ વર્તવા લાગ્યું. ટાઢથી શરીર કાંપતું હતું. તાવ ચડવાની શરૂઆતનાં આ ચિહ્નો હતાં. આ દિવસ સુધી માંદગીનો અનુભવ નહોતો, તેથી શું થઈ રહ્યું છે તેનો ખ્યાલ પણ આવતો નહોતો. જેમ તેમ કરી ગઢડા તો પહોંચી ગયા. પણ અહીં કોઈ ઓળખે નહીં. જરૂરિયાતની ચીજ કે દવા કોની પાસે માગવી તેનો પણ ખ્યાલ નહીં. એવામાં ઊલટી શરૂ થઈ. તકલીફની વાત કોને કરવી ? કરવી કે નહીં ? આવી દ્વિધામાં અટવાતો હતો ત્યાં ડૉક્ટર સ્વામીને કોઈએ જાણ કરી. તેમણે મારી ઘણી જ કાળજી લીધી. દવા લઈ હું ઓસરીમાં આવ્યો ત્યાં સ્વામીશ્રી ઠાકોરજીનાં દર્શન માટે નીકળ્યા. નજીક આવીને એકદમ મારો હાથ પકડ્યો. પ્રેમથી કહે : 'તાવ આવી ગયો ?'

'હા, બાપા.' મેં કહ્યું.

સ્વામીશ્રી કહે : 'હવે આરામ કરવાનો. બહાર ક્યાંય જવું નહીં.' ચાલતાં ચાલતાં જ સ્વામીશ્રી સલાહ આપી રહ્યા હતા. ઠાકોરજીનાં દર્શન કરી સ્વામીશ્રી ઉકાળાપાણી કરવા બિરાજ્યા ત્યારે મને બોલાવ્યો. પોતાની

વાટકીમાં જે ઉકાળો હતો તે તરત મને ધરી દીધો. હું યુવકો તરફ બેસવા ગયો, તો કહે : 'ત્યાં નહીં, અહીં નજીક બેસીને પી લો...' મેં અત્યંત સંકોચ સાથે એ આજ્ઞા પાળી ને તરત સૂવા માટે ચાલ્યો ગયો.

સવારે ૧૦-૩૦ વાગ્યા હશે, સ્વામીશ્રી સભા કરીને અમારા ઓરડામાં આવ્યા. બે ચાર યુવકો પણ સાથે હતા. સ્વામીશ્રી મારી પથારી પાસે બેસી ગયા. હું જાગી ગયો. ત્યાં સ્વામીશ્રી કહે : 'સૂઈ રહે, વાંધો નહીં.' પછી હળવે હાથે મારું માથું દાબતા જાય, હાથ દબાવતા જાય ને બળની વાતો કરતા જાય. અન્ય યુવકોની સાથે પણ ગમ્મતની છોળો ઊડતી જાય... આજે એ પ્રસંગ મને યાદ આવે છે ત્યારે સંકોચથી મનહૃદય ભરાઈ આવે છે. એમને મન તો તમામની સેવા કરવી - મહિમાથી સૌને બ્રહ્મની મૂર્તિ સમજવા એ સાવ સહજ છે. પરંતુ એમના હાથે આવો પ્રેમ પામીને -સેવા પામીને આપણે કેવી રીતે એ ઋણને અદા કરી શકીશું ?

બીજે દિવસે સવારે હું સ્નાન કરવા ગયો, ત્યાં પણ સ્વામીશ્રીની મમતા માતૃહૃદયની જેમ વહી રહી.

સ્વામીશ્રી કહે : 'હમણાં નહાશો નહીં, બધે ઠંડું પાણી આવતું હશે. હું સ્નાન કરી લઉં પછી અહીં જ ગરમ પાણીએ નાહી લેજો...'

આ કાર્યક્રમ - આ હેતવર્ષા એકાદ દિવસ નહીં, પૂરા ત્રણ દિવસ સુધી ચાલી ! કેવી રીતે પ્રતિકાર કરવો તે સમજાતું નહીં. આપણી ગમે તેટલી સેવા આવા ગુરુઋણ આગળ વામણી જ પુરવાર થાય ને !

આ જ વર્ષમાં સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજની શ્રાદ્ધતિથિ સારંગપુરમાં ઊજવી અચારડા આવી પહોંચ્યા. આ વિસ્તારનાં ગામોમાં સંતોએ સ્નાન માટે તળાવે જવાનું રહેતું, અને શૌચ માટે પણ વગડા જ હતા ! પરંતુ આ વર્ષે કેવળ સ્વામીશ્રીને માટે, તેઓને દૂર સુધી જવું ન પડે તેથી એક દેશી ઢબનું પાયખાનું બનાવવામાં આવ્યું હતું.

વરસાદના દિવસો હતા. સ્વામીશ્રી બપોરે આરામમાંથી જાગ્યા. તે દરમ્યાન વરસાદ સારો એવો પડી રહ્યો હતો. સ્વામીશ્રી શૌચ માટે તૈયાર થયા, એટલે વાડામાં આવેલા શૌચાલય સુધી હું એમની સાથે છત્રી લઈને ચાલ્યો. થોડીવારે સ્વામીશ્રી બહાર પધાર્યા. જોયું તો હું સ્તબ્ધ થઈ ગયો. સ્વામીશ્રી સંપૂર્ણ રીતે ભીંજાઈ ગયા હતા. આ છતાં મેં ફરી એમને માથે છત્રી

ધરી. સ્વામીશ્રી સ્નાન કરવા પધાર્યા. મેં શૌચાલયમાં તપાસ કરી તો ખ્યાલ આવ્યો કે ત્યાં છત કે છાપરું હતું જ નહીં ! સ્વામીશ્રી આવી વિચિત્ર વ્યવસ્થા અંગે કશું જ બોલ્યા નહીં ! આવી તો કંઈક અગવડો - કષ્ટો અને ભીડાઓ સહન કરી સ્વામીશ્રી હરિભક્તોનાં હૈયાને ભક્તિભીનાં કરતાં રહ્યાં છે.

તા. ૨૬-૨-૮૪. ઉકાઈમાં અક્ષરપુરુષોત્તમ મંદિરમાં આજે પ્રાણપ્રતિષ્ઠા વિધિ હતો. ઈશ્વરચરણ સ્વામી સાથે મને પણ આ દર્શનનો લાભ પ્રાપ્ત થયો. સ્વામીશ્રી પ્રતિષ્ઠા બાદ ઉતારે પધાર્યા ત્યારે ઠાકોરજી જમાડીને અમને બોલાવ્યા. કહે : 'બોલો શું કામ હતું ?'

અમે સ્વામિનારાયણ અક્ષરપીઠમાં નવું ટુ કલર ઑફસેટ મશીન લેવું કે કેમ તેની પૃચ્છા કરવા ગયા હતા. આ અંગે ઈશ્વરચરણ સ્વામીએ રજૂઆત કરી, ને કહ્યું : 'બાપા ! સિંગલ કલર ઑફસેટ તો છે જ, પણ ટુ કલર હોય તો સારું.'

સ્વામીશ્રીએ ક્ષણના પણ વિલંબ વિના આ અંગે સંમતિની મહોર મારી આપી. મને કહ્યું : 'આ માટે તમે લંડનમાં આ હરિભક્ત છે તેને જણાવશો. તે તપાસ કરે ને કાર્યવાહી પણ કરે.'

હું ઉત્સાહમાં આવી ગયો. ઉકાઈથી લંડન ફોન કરવામાં ઘણી પ્રતિકૂળતા હતી, તેથી અમે અમદાવાદ આવી ગયા અને લંડન જણાવવા માટે પ્રયત્ન કરતા હતા; ત્યાં તો તે હરિભક્તનો જ સામેથી ફોન આવ્યો, ને તે પૂછવા લાગ્યા કે સ્વામીબાપાએ મને ટુ કલર મશીન માટે વાત કરી છે. તો એ જણાવો કે કેવું મશીન જોઈએ છે... અમે તો આશ્ચર્યમાં પડી ગયા કે સ્વામીશ્રી ઉકાઈમાં છે ને લંડન સમાચાર કેવી રીતે પહોંચી ગયા ? પછી જાણ થઈ કે ઉકાઈથી મુંબઈ જનારા એક સંતને સ્વામીશ્રીએ તાકીદની સૂચના આપી હતી કે મુંબઈ જઈ તરત એ હરિભક્તને ફોન કરી દેવો.

સ્વામીશ્રીની કાર્યશક્તિ, નિર્ણયશક્તિ અને કાર્યની ઝડપ જોઈ અમે અચંબામાં પડી ગયા ! કેટલો વ્યસ્ત દિવસ હતો એ ! પ્રતિષ્ઠાનાં દિવસે અનેક અગત્યના મુલાકાતીઓ, હરિભક્તોનો ધસારો અને અનેક પ્રકારના ભીડા વચ્ચે તેમની કેટલી સ્થિરતા અને છતાં કેટલી ગતિ !

* * *

સ્વામીશ્રી ૧૯૮૫માં આરબ દેશોની ધર્મયાત્રા બાદ મુંબઈ પધાર્યા હતા.

અમે બીજે જ દિવસે મુંબઈથી અમદાવાદ આવવા નીકળવાના હતા. તેથી સ્વામીશ્રીએ સવારે જ મને પૂછી લીધું, 'તમે અમદાવાદ ક્યારે જવાના છો?'

'રાત્રે ૮ વાગે નીકળવાનું થશે, બાપા.' મેં જણાવ્યું.

સ્વામીશ્રી કહે : 'ટપાલ લખી રાખીશ. લઈને જજો.'

સાંજ ઢળતી ગઈ. અમે બોમ્બે સેન્ટ્રલથી બેસવાના હતા, તે નિર્ણય બદલી દાદરથી જ ટ્રેનમાં બેસવું એ નિર્ણય લીધો. તેથી ૮ ને બદલે ૯ વાગે નીકળવાનું થાય તેમ હતું. આથી હું સ્વામીશ્રીને જણાવવા મંચ ઉપર ગયો કે 'બાપા ! અમે કલાક મોડા નીકળવાના છીએ. માટે નિરાંતે પત્રો લખજો.' હજુ તો મેં આ વાત કરી ત્યાં તો સ્વામીશ્રીએ ટપાલોનો થોકડો પગ નીચેથી કાઢીને મારા હાથમાં પકડાવી દીધો ! ને કહે : 'તમારે જ્યારે નીકળવું હોય ત્યારે નીકળજો. અમારી બધી ટપાલો તૈયાર છે !'

આ શબ્દોમાં હરિભક્તોની સેવા સમયસર પૂરી કર્યાની ખુમારી વર્તાતી હતી. વિદેશયાત્રાનો પ્લેનનો થાક, હજારો હરિભક્તોની મુલાકાતોનો અદમ્ય ધસારો, અને સંતોનો ભાવ પૂરો કરવાનો ! આટલા વ્યસ્ત દિવસમાં એમણે ક્યારે સમય કાઢી લીધો હશે તે આશ્ચર્યનો વિષય બની રહ્યો ! સમયની પાબંદી સ્વીકારીને હરિભક્તોને એમણે પોતાના સ્નેહના બંદીવાન બનાવી મૂક્યા છે !

* * *

આ જ ટપાલના થોકડામાં એક ટપાલ બ્રહ્મપ્રકાશ સ્વામીની પણ હતી. તા. ૧૯-૪-૮૫ના સાંજે સાત વાગે તેઓ નાદુરસ્ત તબિયત હોવાથી સૂતા હતા. હું સ્વામીશ્રીનો પત્ર લઈને તેમને આપવા ગયો ને તેમને જગાડ્યા. સ્વામીશ્રીનો પત્ર જોઈને તેમને અત્યંત આશ્ચર્ય થયું. ને મને કહે : 'હમણાં જ હું સ્વપ્નમાં સ્વામીને ઠપકો આપતો હતો કે તમે પરદેશ ગયા ને ભૂલી ગયા ? અમને એક પત્ર પણ લખ્યો નહીં ? ત્યાં તો તમે આવ્યા ને બાપાનો આ પત્ર મને આપ્યો !'

કોને ક્યાં કેવી રીતે સ્પર્શી જવું એ સત્પુરુષની જાણે કે એક મોનોપોલી હશે !

અક્ષયમુનિ સ્વામી

અમદાવાદ

વર્ષોથી ગૂંચવાતા પ્રશ્નોને સ્વામીશ્રી સહજમાં ઉકેલી નાંખે છે. પરિસ્થિતિ ગમે તે હોય, નિર્ણય લેવાવો જોઈએ. શક્ય છે નિર્ણયથી લાભ થાય અને શક્ય છે ગેરલાભ પણ થાય. શું કરવું ?... અને સર્જાય છે દ્વિધા.

વિકાસ રૂંધાય અને માનસિક તણાવ વધે. આવી સ્થિતિમાંથી ઉગારનારા સ્વામીશ્રી છે. ઉકેલો તો એમને સુલભ છે. એમના નિર્ણયથી હિતકારી માર્ગદર્શન મળે ને આત્મસંતોષ પણ થાય.

સારંગપુરમાં યજ્ઞપુરુષ સ્મૃતિ મંદિરનું કામકાજ ચાલુ થયું. ૧૯૭૪માં સ્વામીશ્રી વિદેશયાત્રાએ પધાર્યા. સ્મૃતિ મંદિરમાં ભોંયરું (બેઝમેન્ટ) કરવું કે કેમ ? વિચારોનાં વમળમાં કામ અટવાઈ ગયું. કામનો વિલંબ કે અટવાતા નિર્ણયો... આ બધું એમને ખટકે છે.

વિદેશયાત્રાથી સ્વામીશ્રી સારંગપુર પધાર્યા. વાતથી વાકેફ થયા ને જાતે જોયું - તરત નિર્ણય કર્યો કે ભોંયરું ન કરવું. પાયાનું ચણતર આગળ વધારવા આદેશ આપ્યો.

મિસ્ત્રીએ વાત કરી કે માણસો પૂરા મળતા નથી. જરૂરી પથ્થરો દૂર ઉતારેલા છે. કામમાં માણસોની ખેંચ પડે છે ને વિલંબ થાય છે.

તરત સ્વામીશ્રીએ કહ્યું : 'હું સાંજે આવીશ. શ્રમયજ્ઞ શરૂ કરો.'

પોતાના ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજના સમાધિસ્થાનનાં વિકાસ આડેની અડચણોને કેમ ચલાવાય ? જાતે પોતે પધાર્યા.

પોતે જ પહેલો પથ્થર ઉપાડ્યો ને શ્રમયજ્ઞમાં જોડાયા. સૌને જોડ્યા.

કેટલાક દૂર ઊભા ઊભા દર્શન કરતા હતા. સ્વામીશ્રીએ સૌને પ્રેર્યા.

પોતે સુકાની છે, માર્ગદર્શક છે. જાતે સેવામાં જોડાઈ સૌને શ્રમનું મૂલ્ય

સૂચવ્યું, ગુરુઋણ માટે...

યજ્ઞપુરુષ સ્મૃતિ મંદિરનું કામકાજ ૧૯૭૪માં ખાતમુહૂર્ત પછી શરૂ થયું.

સ્મૃતિ મંદિરમાં હિંમતનગરના પથ્થર તથા પોરબંદરના પથ્થર ઘડતર માટે વાપરવાનું નક્કી થયું.

પોરબંદર અને હિંમતનગરનો સારો પથ્થર મર્યાદિત જ મળે.

વેપારીઓ સારાની સાથે ખરાબ માલ ભેળવી દે. નુકસાની વેપારીઓ વેઠે જ નહિ. ખરીદીમાં ખટકો ન રાખીએ તો પછી વર્ષો સુધી તે પથ્થરો પડ્યા રહે, ને આપણે તે જોયા કરવાના.

સ્વામીશ્રીએ તો અટલાદરા, સારંગપુર, ગઢડા, અમદાવાદ, ભાદરા વગેરે મંદિરોમાં પથ્થરોનું કામ વર્ષો સુધી કરાવેલું; તેથી તેમને બધી પ્રકારના સારા નરસા અનુભવો થયેલા.

સ્વામીશ્રી અમને જાતે બધું શીખવતા. અમને તો પથ્થરનો કશો અનુભવ જ નહિ. સાવ નવા નિશાળિયા.

સ્વામીશ્રી પથ્થરની ખરીદીમાં શું શું ધ્યાન રાખવું ? કેવા પથ્થર લેવા ? કેવા ન લેવા ? માપ કેવી રીતે લેવું ? નુકસાની, ઘટમાં શું તકેદારી રાખવી ? પેમેન્ટ કરતાં શું ચોકસાઈ રાખવી... વગેરે શીખવતા.

આપણે પસંદ કરેલા પથ્થર પર માર્કિંગ કરવું - નિશાન કરવા ને લિસ્ટ રાખવા - ડુપ્લીકેટ કૉપી ને વેપારી સાથે પરસ્પર ચેક કરી લેવું તે ખાસ કહેતા. વેપારીઓ નહિ તો ફરી જાય, પછી ઉપાધિ.

માલ પસંદ કર્યા પછી તકેદારીપૂર્વક માલ રવાના કરવાની ગોઠવણ વગેરે પણ બતાવતા. નહિ તો આપણો માલ સારો હોય ને બીજા કોઈ સહેજે આગ્રહ કરે તો વેપારીઓ એ માલ તેમને પધરાવી દે. ટ્રાન્સપોર્ટ ફાઈનલ કરવાનું હોય તો તે અંગે પણ તપાસ કરાવતા કે માલ રેલ્વેમાં લાવીએ તો સગવડ પડે ને સસ્તો પડે કે ટ્રકમાં કે કોઈ જગ્યાએ તો વહાણમાં ?

જે જે કામ કરવાનું હોય તે કેટલા રૂપિયે પડશે તેનું Costing ખૂબ જ ચીવટથી કરાવે. નાનામાં નાની વસ્તુ રહી ના જાય તે તપાસે. ખૂબ જ ઊંડાણથી તલસ્પર્શી અભ્યાસ સિવાય આ શક્ય જ ન થઈ શકે.

સ્વામીશ્રી પોતે ખૂબ ખટકો રાખી વાત સમજાવે. ઘણીવાર આપણે વાત કંઈક બેધ્યાનપણે સાંભળી હોય કે પૂરા રસપૂર્વક ગ્રહણ ન કરી હોય તો

વાત આપણને બેસે નહિ. પરંતુ સ્વામીશ્રી કંઈ પણ કંટાળ્યા વગર એકની એક વાત વારે વારે કરે.

દા.ત. એક જ વાત લઈએ. ડાયરી.

સ્વામીશ્રી કામકાજના પ્રોગ્રેસ માટે ઘણીવાર ડાયરી રાખવાની કહે છે. ડાયરી કેવી રીતે લખવી તે પણ શીખવે. કહે કે નોંધ આવી રીતે રાખવી કે રોજ કેટલા કારીગર હતા ? કોણે કેટલું કામ કર્યું ? શું ભાવે કામ પડ્યું ? કેટલા કારીગરોએ કેટલા ઘનફૂટ પથ્થર ઘડ્યા. જેથી દર મહિને શું પ્રોગ્રેસ થયો, ખબર પડે ને ખ્યાલ આવે કે ક્યારે કામ પૂરું થશે ?

આ બધી વાત સમજાવે જ રાખે. એમની ધીરજને ય ધન્ય છે ! ને શિષ્ય કરતા ગુરુ અનેકગણો દાખડો કરે છે તે અનુભવાય !

આ બધું માર્ગદર્શન જ અક્ષરદ્વાર, અક્ષરધામ કે લંડન મંદિરનાં કામકાજમાં ખૂબ જ ઉપયોગી નીવડ્યું.

આ વિશ્લેષણથી તરત ખ્યાલ આવી જાય કે આપણે ક્યાં ઊભા છીએ ? બજેટથી કેટલા દૂર જઈ રહ્યા છીએ. વ્યવહાર બહુ સરસ શીખવે. જેથી અનુભવી વેપારીઓની ગૂંચો, આંટીઘૂંટીઓ સમજી શકાય ને દેવદ્રવ્યનો કોઈ ગેરલાભ પણ ન લે.

પૂરેપૂરી તકેદારી, સાવચેતી ને સજાગતાના જાગૃત પ્રહરી એટલે સ્વામીશ્રી.

* * *

વિઠલ. ન ભણ્યો-ગણ્યો, ને મોટું કુટુંબ. જીવનનિર્વાહ માટે જાત મહેનત સિવાય બીજો વિકલ્પ જ ન રહ્યો. થોડા સમયથી બોચાસણ મંદિરના બગીચામાં જોડાયેલો.

થોડી આપસૂઝ અને મહેનતને લઈને સેવામાં સૌનાં દિલ તેણે જીતી લીધાં. જે કોઈ સેવા ચીંધે તેને હસતાં હસતાં કરી આપે.

વાત ૧૯૭૮ની છે.

એક દિવસ ખૂબ જ નિરાશ ઊભો હતો. શૂન્યમનસ્ક હતો.

વિચારોની તંદ્રામાંથી તેને જગાડતા સંતોને ખ્યાલ આવ્યો કે તેનો ભાઈ કોઈની સતામણીથી ખોટી પોલીસ ફરિયાદનો ભોગ બન્યો છે. નાહકનો જેલ ભેગો થઈ ગયો છે, ઘરમાં કલ્પાંત ચાલે છે. ગરીબોને તો આંસુનો જ

આધાર છે ને ! બિચારા કરે પણ શું ? રોજનું પેટિયું રળી ખાનારને સાથ પણ કોણ આપે ? સંકોચ પામતાં પામતાં તેણે વિગત જણાવી. શું કરવું ? કેવી રીતે કરવું ? ચર્ચા ચાલી અને એક ઉપાય દેખાયો કે સ્વામીશ્રીના જ આશીર્વાદ લઈએ. સ્વામીશ્રી ધર્મજ બિરાજતા હતા.

અમે સંતો સાથે તેને લઈને ધર્મજ ગયા. બે વાગી ગયા હતા. જમી પરવારીને સ્વામીશ્રી શેઠશ્રી સગુણભાઈ સાથે તેમની ઓઈલ મિલના પ્રશ્નોની ગૂંચ ઉકેલતા હતા. થોડી પ્રતીક્ષા થઈ અને સેવક સંતે કામ પ્રસંગે બારણું ખોલ્યું.

સ્વામીશ્રીએ અમને જોયા. પાસે બોલાવ્યા. પૂછ્યું, 'ક્યારે આવ્યા ? જમ્યા ?' પછી કહ્યું : 'બેસો.' અમને ય સંકોચ થયો, મિટિંગમાં ખલેલ પાડવા બદલ.

થોડીવારે સ્વામીશ્રીએ પૂછ્યું, 'કંઈ કામ છે ?' વિઠ્ઠલ ધ્રૂજતો હતો. સ્વામીશ્રીની નજર એના પર પડી. મિટિંગ ચાલુ હતી. અમારો સંકોચ ચાલુ હતો. પરંતુ કરુણાસભર નેત્રે સ્વામીશ્રી જોતા હતા. ગરીબ અને તવંગર, નાના અને મોટા, ઊંચ અને નીચ, અભણ અને ભણેલા- એ બધી ભેદરેખાઓ તો આપણે જ દોરેલી છે ને ! સ્વામીશ્રીને તો સૌ સમાન છે. તેમણે સૌને પોતાના માન્યા છે.

વિઠ્ઠલને પાસે બોલાવી બેસાડ્યો. માથે હાથ ફેરવ્યો. સાંત્વન આપ્યું. હિંમત આપી... મહારાજ સારું કરશે... તારો ભાઈ છૂટી જશે... એમ ખૂબ ધરપત આપી.

જરૂરી ભલામણની ગોઠવણ કરી. ભાંગી પડેલા વિઠ્ઠલમાં નવી શક્તિનો સંચાર થયો. સ્વામીશ્રીએ નાનામાં નાની કાળજી રાખી સૂચના અને માર્ગદર્શન આપ્યાં.

સહેજે ખ્યાલ આવ્યો કે સ્વામીશ્રી તો સૌના છે. એમનું જીવન, એમની પળે પળ બીજાના ભલા માટે... લોકોનાં દુઃખો કાપવાં જ વપરાઈ છે. ઘરોઘર એટલા માટે જ તેઓ ઘૂમે છે.

સુખી થવા માટે સંતના દ્વાર સૌને માટે સદા ખુલ્લા છે. સૌ માટે તેઓ ઘસાયા છે ને તે વડે જ તેઓ જન જનના હ્રદયસિંહાસને આરૂઢ થયેલા છે.

* * *

૧૯૭૯નો અન્નકૂટોત્સવ સ્વામીશ્રીના સાન્નિધ્યમાં ગોંડલમાં ઉજવાયો.

એ વખતે ગોંડલ મંદિરના પ્રવેશદ્વાર- અક્ષરદ્વારનું કામકાજ ચાલતું હતું. રાજસ્થાનમાં બંસીપહાડપુરથી પથ્થરો ઘડાઈને આવતા હતા.

કામકાજ જોવા માટે, કારીગરો વધારવા તથા પથ્થરોની ખરીદીના પ્રશ્નોને કારણે મારે બંસીપહાડપુર જવું હતું. જેથી દિવાળીમાં કારીગરો ઘરે આવ્યા હોય તો મળી શકાય, ને આપણા કામ પર જોડાવા સમજાવી શકાય, ને કામને વેગ મળે.

બેસતા વર્ષે રાતની બસમાં અમદાવાદ થઈને બંસીપહાડપુર જવા નક્કી કરેલું. તે મુજબ રાત્રે ૧૦-૩૦ વાગે સ્વામીશ્રી પાસે રજા માગી.

સ્વામીશ્રી કહે : 'બેસો, વાત કરીએ.' અમે બેઠા. સ્વામીશ્રીએ વાત ઉપાડી, 'સ્મારકનું શું થયું ? (ભગવાન સ્વામિનારાયણ દ્વિશતાબ્દી નિમિત્તે સ્મારક બનાવવા નક્કી કરેલ (અક્ષરધામ) તેના આયોજન - પ્લાનીંગના સંદર્ભે શું પ્રગતિ થઈ ?) નકશા થયા ?'

મેં કહ્યું : 'હજુ કશું નક્કી થયું નથી. વિચારણા ચાલે છે.'

સ્વામીશ્રી ભાવમાં આવી ગયા ને કહે : 'બોચાસણ, કાર્તિક પૂર્ણિમાની મિટિંગ છે. બધા ટ્રસ્ટીઓ સંસ્થા વહીવટીનાં કામો માટે ભેગા થાય છે, ને નવાં કામોને ચકાસણી કરી મંજૂરી આપે છે. નકશા મંજૂર કરાવી દો. એસ્ટીમેટ પાસ કરાવી દો. ગામડે ગામડે વિચરણમાં જેને જેને મળું તેને સ્મારકની વાત કરું છું. તે નિમિત્તે સેવા (દાન) લઈએ છીએ. (પ્રોજેક્ટ) ફાઈનલ ન કરીએ તો શું જવાબ આપીએ ?'

સમય પસાર થતો હતો. બસ ઉપડી જવાના સંદેહથી, વાત ટૂંકાવવાના હેતુથી કહ્યું : 'આપને ખાતમુહૂર્ત ક્યારે કરવું છે ?'

સ્વામીશ્રી કહે : 'નક્કી કરો. નકશા ફાઈનલ કરો. દુનિયાના ગમે તે ખૂણેથી હું આવી જઈશ.'

મહારાજને પધરાવવાની આ તાલાવેલી!! એ તો સ્મારકને-અક્ષરધામને નિહાળતા જ હતા. સેવામાં સદ્‌ભાગી કરવા વાત આગળ ચલાવી:

'હવે તો એક જ વિચાર રહેવો જોઈએ. દરેક ક્રિયામાં એક જ વિચાર.

બસમાં પણ સ્મારકનો વિચાર...

ઝોકું આવે તો પણ સ્મારકનો વિચાર...

ઊંઘમાં પણ સ્મારકનો વિચાર. તો જ કામ થાય.'

ખરેખર સ્વામીશ્રીએ જ સ્મારકના - અક્ષરધામના વિચારથી ઠેઠ મૂર્તિમંત સ્વરૂપ સુધી પૂર્ણ ખટકો રાખ્યો છે ને અમને જાગૃત રાખ્યા છે.

* * *

સ્વામીશ્રી પળેપળ પ્રભુમય વીતાવે છે. નાના-મોટા સૌનો સમય પ્રભુપરાયણ થાય તે એમને ગમે છે.

૧૯૮૦માં સ્વામીશ્રી બોચાસણ ટૂંકી મુલાકાતે પધાર્યા. નાની સભા પતાવીને સ્નાન માટે જૂના ઉતારામાં પધાર્યા.

ભગવાન સ્વામિનારાયણ દ્વિશતાબ્દી મહોત્સવ નિમિત્તે યોગયજ્ઞના નિયમો સંતો-હરિભક્તોએ લીધા હતા.

બાળકો અને વૃદ્ધો, ભાઈઓ અને બાઈઓ સૌ શ્રદ્ધાપૂર્વક શ્રીહરિની પ્રસન્નતા માટે મંડ્યાં હતાં.

સ્વામીશ્રી ચાલતાં ચાલતાં આગળ વધતા હતા. ખૂણામાં ૮૪ વર્ષની વયોવૃદ્ધ ઉંમરે પણ એ. પી. પટેલ મંત્રલેખન કરતા હતા. સ્વામીશ્રીની દૃષ્ટિ એમના પર પડી. રાજી થયા. આગળ વધ્યા. કંઈક યાદ આવ્યું હોય તેમ સહેજ અટક્યા. પાછા ફરીને એ. પી. કાકાનો નિર્દેશ કરીને બાજુમાં ઊભેલા અમને સૌને શીખ આપતા કહ્યું : 'व्यर्थ कालो न नेतव्यो...' શિક્ષાપત્રીમાં કહ્યું છે ને ! સમયનો ઉપયોગ ભગવાન ભજવામાં કરવો. નકામો સમય બગાડવો નહિ.'

ખરેખર, સમયને આપણે બચાવી પણ કેમ ના શકીએ? Time can not be saved, must be spent. If unplanned, will be wasted. ને સ્વામીશ્રી પોતે પણ પળેપળ પ્રભુપરાયણ વીતાવીને આપણને એ જ શીખવે છે ને !

* * *

સંવત્ ૨૦૫૦-નવા વર્ષનો મંગલ પ્રારંભ થયો. સ્વામીશ્રીએ દિવાળી-અન્નકૂટોત્સવ ગોંડલ ઊજવ્યો.

ભાઈબીજ પર આશીર્વાદપત્ર મળ્યો. સ્વામીશ્રીએ સ્વહસ્તાક્ષરે લખેલું કે 'દેરીમાં પ્રાર્થના કરી છે- લંડન મંદિરનું કામ સારું થાય, તબિયત સારી રહે.'

કોઈવાર નહિ ને વગર કાગળ લખ્યે સામેથી આશીર્વાદ આવ્યા એટલે આનંદ થયો, આશ્ચર્ય થયું ને વિચારે ચડ્યો! સેવામાં વિઘ્ન આવશે? સેવા પૂરી થાય તો સારું.

સ્વામીશ્રી રક્ષામાં જ બેઠા છે ને ! ભલેને ભાવિના આગમનના એંધાણ થયા. સમય પસાર થવા માંડ્યો. કારતક, માગશર ને પોષ ગયો.

ફેબ્રુઆરી, તા.૨૦, ૧૯૯૪; મુંબઈ અમૃત મહોત્સવની મિટિંગમાં જવાનું થયું. અમદાવાદ સ્ટેશને ગુજરાત મેલમાં બેઠા ને દુખાવો શરૂ થયો. ચક્કર, ને મૂંઝવણ વધી. ગડમથલ ચાલી ને વિચાર થયો કે ઊતરી જઈએ ને ટ્રેન ઊપડી... માંડ માંડ મુંબઈ પહોંચ્યા. બે દિવસ રોકાયા. પાછા આવ્યા.

ડૉ. વ્રજલાલે નિદાન કર્યું કે ગરદનના મણકાનો ઘસારો હોઈ શકે. એક્સ-રે લીધા. શક્ય ટ્રીટમેન્ટ શરૂ થઈ.

મેમાં કરજત ખાતે સંત શિબિર શરૂ થઈ ને સ્વામીશ્રીનો સંદેશ આવ્યો કે કરજત પહોંચવું.

પહોંચ્યા પછી પરિસ્થિતિ બધી પૂછીને આરામ લેવા ને લાભ લેવા કહ્યું. ને કહ્યું કે 'દર્શન થાય ને લાભ મળે માટે બોલાવ્યા છે.'

મુંબઈ ડૉ. કિરણભાઈને સ્વામીશ્રીએ જાતે ભલામણ કરી કે MRI ટેસ્ટ કરાવવા ને સંપૂર્ણ ચેકીંગ કરાવવું. ડૉ. કિરણભાઈ ને ડૉ. પંચાલ સાહેબે ખૂબ દાખડો કર્યો. કેસ અભ્યાસ કરીને રિપોર્ટ અભ્યાસ માટે અમેરિકા મોકલ્યા. સ્વામીશ્રી કહે : 'ઑપરેશન કરવું પડે તો અમેરિકા જ કરવું.' સ્વામીશ્રી વિદેશયાત્રાએ પધારતા હતા. આગલી રાત્રિએ પોઢી જતા પહેલા મને બોલાવીને કહે વાત કરી કે ડૉ. કિરણને વાત કરી છે, તે બધી વ્યવસ્થા કરશે.

જવાની છેલ્લી મિનિટ સુધી આપણી સંભાળ લે. સંભાળ ને ચિંતા એમના માથે ! આવો સ્નેહ ને આવી મમતા ક્યાં મળે ?

સ્વામીશ્રી સ્વજન પણ છે, રાહબર પણ છે, રક્ષક પણ છે ને તારણહાર પણ છે. સાચી દિશામાં ગતિ આપીને ઠેઠ શ્રીહરિના ચરણ સુધી પહોંચાડનાર છે.

સહજાનંદી સાધુતા વડે એમણે વિરલ સિદ્ધિઓ હાંસલ કરેલી છે.

નિશદિન વિશ્વના ખૂણે ખૂણે ઘૂમીને, આદિવાસીથી માંડીને રાષ્ટ્રપ્રમુખો

સુધી સૌને સુખના સાગરમાં ઝબોળ્યા છે.

વૈશ્વિક પ્રશ્નોના ઉકેલ માટે તેમણે સુંદર ઉપાયો બતાવ્યા છે. માનવજાત વર્ષો સુધી પ્રેરણા મેળવી શકે તે માટે અદ્‌ભુત આયોજનો કરેલાં છે, એટલું જ નહિ તેના વિકાસ માટે અને જાળવણી માટે સદાય જાગૃત રહ્યા છે. તેથી જ આપણને તેમણે સુંદર ભેટો આપી છે.

લોકહૈયે રમતું 'અક્ષરધામ' સ્વામીશ્રીની આગવી કલાસૂઝનું સર્જન છે તો વિદ્યાર્થી જગતમાં મોખરાનું સ્થાન ધરાવતું વિદ્યાનગરનું છાત્રાલય એમની નવી પેઢીના રક્ષણ માટેની અમૂલ્ય ભેટ છે.

સંગીત અને શિલ્પ, સાહિત્ય અને શિક્ષણ, સંસ્કાર અને વ્યસનમુક્તિ અભિયાન માટે રાતદિન એક કર્યા છે.

નાનાં નાનાં ભૂલકાંઓની માવજત માટે પણ તકેદારી રાખી છે.

નાનું કે મોટું-કામ ગમે તે હોય- સ્વામીશ્રી પ્રથમદર્શી રિપોર્ટ મેળવે. જાતે નિરીક્ષણ કરે, પ્રેરણા આપે.

ભલે તે રસોઈનું કામ હોય કે ઉતારાની સ્વચ્છતા હોય. અક્ષરધામની વ્યવસ્થા હોય કે લંડન મંદિરની તૈયારીઓ હોય. જાતમાહિતી એમને ગમે છે.

મહોત્સવનાં આયોજનોમાં પણ પૂર્ણ રસ લે છે ને ધરતીકંપની સહાયમાં ય તાબડતોબ તૈયારી કરાવે છે. વિલંબ ક્યાંય એમને ગમતો જ નથી.

એમની દૃષ્ટિ જ અલૌકિક છે. કાર્યકરોએ પ્રેમથી ખૂબ તૈયારી કરી હોય પણ એમની ચતુર દૃષ્ટિ થોડીક પળમાં ઉણપો શોધી લે છે.

મુલાકાત લંડન મંદિરની હોય કે અક્ષરધામની...

જેને જેને સૂચના આપવાની હોય તેમને બોલાવે, બતાવે... પ્રેરણા આપે... ખરાબ ન લાગે તેમ સહજતાથી બતાવે, કહે : 'આ ધાર તૂટી છે... (થાંભલા કે કુંભીમાં)

જે સાવધાની સૂચવે છે, તે ગાફલાઈ માપે છે.'

'આ પોલીશીંગ બરાબર નથી. કરી લેજો...

'ડાઘા શાના પડ્યા છે ? સાફ કરી નાખજો. ધ્યાન રાખજો.'

'બાથરૂમમાં ઢાળ બરાબર રાખજો, પાણી ભરાઈ ન રહે.'

'સિમેન્ટના ડાઘા તરત કાઢી નાંખજો.'

ડાઘ એમને ગમતા નથી અને આપણનેય ડાઘરહિત કરવા જ આવ્યા છે ને !

'સિંહાસનની નકશી આ થાંભલીમાં સહેજ ઊંડી થાય તો સારું.'

થોડું બોલે ને ઘણું કહી જાય છે. તૈયાર થતી મૂર્તિનું અવલોકન બહુ સુંદર કરે ને કહે : 'ભાવ સારો છે... સહેજ આટલું જોઈ લેજો.'

કહેવાની ને કામ કરાવવાની રીત જ અલૌકિક. કોઈને ખોટું ન લાગે. સૂચન સાચું જ હોય ને સૌ હોંશે હોંશે કરે. પોતાની લાક્ષણિક ઢબે સુંદર સૂચનો આપી ચૈતન્ય રેડી દે. સજીવન કરી દે.

દરેક ક્ષેત્રમાં તેમને તો સારામાં સારું જ કરવું છે.

સ્વામીશ્રી ઘણીવાર કહે છે : 'જે કંઈ કરીએ તે થોડું કરીએ પણ વ્યવસ્થિત કરીએ.'

સૌને પ્રેરણા એ જ પાય છે ને કે 'Why not the best ?'

ક્ષેત્ર ભલે બાળસંસ્કારનું હોય કે શિક્ષણનું, છાત્રાલય હોય કે અક્ષરધામનું હોય. મહોત્સવમાં લાખોને જમાડવાના હોય કે સરભરા કરવાની હોય. તેમને તો સર્વોપરી જ કરવું છે. Qualityનો પર્યાય જ સ્વામીશ્રીનું કાર્ય છે. છે કે એમના માપ જ જુદા છે, એમની દૃષ્ટિ જ દિવ્ય છે ને ! સ્થાવર જંગમમાં બધે તેઓ શ્રીહરિને જુએ છે.

જે કંઈ કરે છે તે સઘળું શ્રીજીચરણે અર્પે છે તેથી જ શ્રેષ્ઠ વસ્તુનું અર્પણ થાય છે ને Top Quality મળે છે.

* * *

અમદાવાદ, તા. ૧૯-૧-૯૫, માયાપુરમાં 'ઈસ્કોન'નું બહુ જ મોટું સંકુલ ઊભું કરવાનું આયોજન છે. ભક્તિવેદાંત સ્વામીનો ૩૫૦ ફૂટ ઊંચું મંદિર કરવાનો ભવ્ય સંકલ્પ છે. છેલ્લાં ૨૦ વર્ષથી પ્લાનીંગ ચાલે છે. અનેક આર્કિટેક્ટ્સે સેવા આપી છે. સંનિષ્ઠ ભક્તિપૂર્ણ પ્રયત્નો છે. અનેક મુસીબતોનો સામનો કરવાનો છે.

લંડનથી પાદસેવનદાસ તથા અંગ્રેજ આર્કિટેક્ટ નાઈજલ અને જ્હોન એલનની ટીમ મંદિરને મૂર્ત સ્વરૂપ આપવા પધારેલા. પાદસેવનદાસ ઓસ્ટ્રેલિયન ડિઝાઈનર છે. છેલ્લાં ત્રણ વર્ષથી તેમણે મંદિર અંગે ખૂબ જ અભ્યાસ કર્યો છે.

સારા સ્થપતિની શોધમાં ભારત આવેલા છે.

સૌ મંદિરમાં જ રોકાયા, ને તેઓને ખ્યાલ આવ્યો કે સ્વામીશ્રી પણ મંદિરમાં જ બિરાજે છે. તેથી ખૂબ રાજી થયા ને મળવાની ઇચ્છા વ્યક્ત કરી.

રાતે મહાપ્રસાદ બાદ સ્વામીશ્રીને મળવાનું થયું. પાદસેવનદાસે માયાપુરના પ્રોજેક્ટ અંગે વિસ્તૃત માહિતી આપી. મિ. નાઈજલે તથા મિ. જહૉન એલને પણ વિગતો સમજાવી.

સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા કે 'પાદસેવનદાસને ભગવાને પ્રેરણા આપી છે ને સારી ડિઝાઇન તૈયાર થઈ છે. હવે બાકીનું કામ નાઈજલ દ્વારા ભગવાન કરાવશે. નાઈજલને ભગવાન પ્રેરણા કરશે ને હરિકૃષ્ણ મહારાજની કૃપાથી વિઘ્નો દૂર થશે, પ્રશ્નો ઉકલી જશે અને મંદિર થઈ જશે.' બધા ખૂબ રાજી થયા.

બીજા દિવસે સવારે પૂજામાં પણ સ્વામીશ્રીએ જહૉન અને નાઈજલને હાર પહેરાવી આશીર્વાદ આપ્યા ને નિજમંદિરમાં હરિકૃષ્ણ મહારાજ પાસે વિશ્વના આ સદીના મોટામાં મોટા મંદિરનિર્માણની સફળતાને માટે પ્રાર્થના અને આશીર્વાદ આપ્યા.

પછી અમૃતભાઈ સોમપુરા, ચંદુભાઈ, દેવદત્તભાઈ સોમપુરા સાથે એમની મિટિંગ થઈ ને મંદિરનો મુખ્ય પ્રશ્ન : ગર્ભગૃહ કેવી રીતે કરવું ? શિલ્પશાસ્ત્ર અનુસાર કરવું હોય અને તેઓની મૂર્તિઓની વ્યવસ્થા જાળવીને તૈયાર થયેલી ડિઝાઈન અનુસાર કરવું હોય તો ૧૦૦ ફૂટ ø ૧૦૦ ફૂટનું ગર્ભગૃહ અને ૩૫૦ ફૂટ ઊંચું શિખર કરવું પડે, જે શક્ય બને કે કેમ તે પાયાનો પ્રશ્ન હતો. તે ઉકલે તો જ આખીય યોજના મૂર્તસ્વરૂપ પામે.

વિચારણાઓ થઈ ને સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા, ને માંડ ૪૮ કલાક થયા હશે ને અમૃતભાઈ સોમપુરાનાં માર્ગદર્શન પ્રમાણે વીરેનભાઈ, દેવદત્તભાઈ અને ચંદુભાઈ સૌએ મળી શિલ્પશાસ્ત્ર અનુસાર યોજનાના સ્કેચ પાદસેવનદાસ સમક્ષ રજૂ કર્યા. શ્રી નાઈજલ તથા શ્રી જહૉન એલને વ્યવહારુ સૂચનોનો સાથ આપ્યો ને ઘણાં વર્ષોથી અટકેલો સંકલ્પ વધુ નક્કર મૂર્તસ્વરૂપ પામવાની દિશામાં; મંદિર નિર્માણની દિશામાં આગળ વધ્યો.

ગોઠવવી.' વધતી ઉંમરવાળાને અગવડ ન વધે ને શ્રદ્ધા વધે તેવું અને બાકીના પ્રશ્નો સરળતાથી ઉકેલી આપતું સુંદર માર્ગદર્શન મળ્યું. પછી અમે વાત કરી, 'આપે આણંદનું કામ મણિકાકાની ઉંમરને લીધે વહેલું શરૂ કરી દેવા કહેવડાવ્યું હતું ને !'

સ્વામીશ્રી કહે : 'હા, મણિકાકા જૂના છે, ઉંમર થઈ છે. તેમને છે કે મંદિર જોતા જઈએ.'

સ્વામીશ્રીને મન હરિભક્તો જ મૂડી છે. નાના મોટા સૌ રાજી રહે તે એમને ગમે છે. તેઓ સૌના સમર્પણ અને શરૂઆતમાં આપેલા સાથ સામે જુએ છે. અલ્પ સેવાને પણ પર્વત જેવી ગણે છે ને !

સમયની મર્યાદાને લીધે ટૂંકમાં પતાવતાં અમે કહ્યું : 'આણંદ જઈશું, ભેગા થઈશું ને બાકીના પ્રશ્નો પતાવીશું.'

સ્વામીશ્રી કહે : 'બધું વ્યવસ્થિત સાથે મળીને પતાવજો.'

એમને ઉતાવળ છે પણ ઉતાવળમાં કામ બગડે નહિ તે ચોકસાઈ પણ રખાવવી છે. કેટલાક સમયથી આમ કરવું કે તેમ નિર્ણયો વચ્ચે જ અનિર્ણિત રહેતા આણંદ મંદિરને વેગ આપવાની આ ગુણાતીત રીત સફળ નીવડી.

સ્વામીશ્રી કામ કરવા માટે મુદત બાંધીને, સમયમર્યાદા નક્કી કરીને, પોતે ભગવાનમાં સ્થિર રહીને સૌને કેવી ગુણાતીત ગતિ આપે છે !

* * *

સારંગપુર, તા. ૨૦-૬-૯૩, ઘણાં વર્ષોથી સંસ્થા સાથે સંકળાયેલ, અક્ષરધામ અને લંડન મંદિરના મુખ્ય સ્થપતિ ચંદ્રકાન્તભાઈને છેલ્લા બે ત્રણ મહિનાથી હૃદયમાં દુખાવો રહ્યા કરતો હતો. લંડન મંદિરમાં ફાઉન્ડેશનનું કામકાજ ચાલુ હતું. કાઉન્સિલમાં મંદિરના ડ્રોઈંગ અંગે વિચારવિમર્શ જરૂરી હતો.

સી. એમ. કાકાની ઇચ્છા ને આગ્રહ હતો કે લંડન મંદિરનું કામ ધડાકાબંધ ઉપાડો. સ્વામીબાપાની દયાથી કામમાં વેગ પકડાઈ રહ્યો હતો ને અચાનક મુખ્ય ડિઝાઈનરની તબિયતે પલટો ખાધો. સ્થાનિક ડૉક્ટરી તપાસ પછી નિર્ણય લેવાયો કે મુંબઈમાં નિષ્ણાતોની સલાહ લઈએ.

ત્યાં વધુ તપાસ કરી અને મુખ્ય ડૉક્ટરે ચંદ્રકાન્તભાઈનો રિપોર્ટ જોયા

પછી સીધો પ્રશ્ન જ પૂછ્યો કે એમને ત્રણ જગ્યાએ બ્લોકેજ છે, છતાં હાર્ટને નુકસાન નથી થયું તે મોટું આશ્ચર્ય છે. તમારે શું ભગવાન સાથે ડાયરેક્ટ સંબંધ છે ?

ચંદ્રકાન્તભાઈએ કહ્યું કે 'મંદિરોનાં કામ કરું છું. સંતો અને સ્વામીજીના આશીર્વાદ છે.'

આ વાત જ્યારે નિખિલભાઈએ સ્વામીશ્રીને સારંગપુરમાં કહી ત્યારે સ્વામીશ્રીએ સ્મિત કર્યું ને સમર્થન આપતાં કહ્યું કે 'સાચી વાત છે. અક્ષરધામની સેવા કરી છે. ભગવાન રક્ષામાં છે. અમેરિકા બાયપાસ કરાવવું હોય તો ત્યાં, ને લંડન કરાવવું હોય તો ત્યાં- બધે વ્યવસ્થા થઈ જશે. ચિંતા કરશો નહિ.' સ્વજનને હામ આપતા હોય તેમ એમના દીકરા નિખિલભાઈને સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા, ને અમેરિકા તેમજ લંડન સત્સંગ મંડળ પર ભલામણપત્રો લખી આપ્યા કે 'જરૂરી બધી સુવિધા ગોઠવજો.'

નાની કે મોટી સત્સંગની સેવા કરનારાના સ્વામીશ્રી જ સ્વજન છે ને રક્ષા કરે છે. નિખિલભાઈને બળ આપતા કહ્યું કે ચિંતા નહિ કરતા. યોગીજી મહારાજની સ્મૃતિ કરજો. ચંદ્રકાન્તભાઈને સેવા ઘણી કરવાની છે. મહારાજ રક્ષા કરશે.

ચંદ્રકાન્તભાઈના રિપોર્ટ લંડન તથા અમેરિકા મોકલ્યા. બંને જગ્યાએથી એક જ જવાબ આવ્યો કે હાર્ટને આ પરિસ્થિતિમાં નુકસાન નથી થયું તે જ આશ્ચર્ય છે.

ખરેખર ભગવાન આપણી રક્ષામાં જ છે ને શૂળીનું દુઃખ કાંટે કાઢે છે.

* * *

સારંગપુર, તા. ૨૦-૬-૯૩, ચંદ્રકાન્તભાઈ સોમપુરા બાયપાસ સર્જરી માટે અમેરિકા જતા હોવાથી એમના દીકરા નિખિલભાઈને એમના વતી આશીર્વાદ આપ્યા. પછી લંડન મંદિરના ઘુમ્મટ તથા સિલિંગો જુદી જુદી ડિઝાઇનમાં થઈ શકે તેના સંભવિત થોડા નકશા ચંદ્રકાન્તભાઈએ તૈયાર કરેલા તે સ્વામીશ્રીને બતાવ્યા. મુખ્ય બારસાખ પણ રૂપકામ યુક્ત થઈ શકે તે નકશા પણ બતાવ્યા.

આવું કામ બીજાં જે જે મંદિરોમાં છે તેના ફોટોગ્રાફ દેલવાડા (આબુ)

વગેરેના બતાવ્યા.

કામ સારું કરવું હોય તો આટલું થઈ શકે તે વાર્તાલાપ થયો. સ્વામીશ્રીએ સારામાં સારું કામ કરવા આદેશ આપ્યો કે નીચેનો માળ ભલે સાદો થાય. પરંતુ મુખ્ય માળ જ્યાં ઠાકોરજી બિરાજશે તે સારામાં સારો કરવો. થાંભલા પણ સારા કરવા. ખર્ચ થાય પણ વાંધો નહિ.

આ પછી ચંદ્રકાન્તભાઈ માટે શ્રી સી. એમ. કાકાને ભલામણપત્ર લકી આપ્યો. જેમાં સ્વામીશ્રીએ પોતાના નિકટના સ્વજન ઑપરેશન માટે જતા હોય તેવી સુંદર ભલામણ કરી તેમજ આશીર્વાદમાં લંડન મંદિર બનેલું જોતા હોય તેમ લખી આપ્યું કે 'યુરોપમાં નમૂનેદાર મંદિર બનશે.' અને સત્પુરુષ તો મહારાજને ધારી રહ્યા છે. એટલે સ્વાભાવિક રીતે મંદિરને તો હસ્તામલકવત્ જ જુએ છે ને ! સ્થળ ને કાળના બંધન એમને છે પણ ક્યાં ? તેઓ તો ભૂત, વર્તમાન ને ભવિષ્યમાં બધું જ જુએ છે ને !

તેમણે મંદિરના જે નકશાઓ જોયા - મંજૂર કર્યા, તેવું સારામાં સારું કામ કરવું હોય તો ઓછામાં ઓછા ૬૦૦ થી ૮૦૦ માણસો, ત્રણ વર્ષ કામ કરે તો માંડ માંડ પૂરું થાય. પહેલાંના જમાનામાં તો વર્ષોનાં વર્ષો કામ ચાલતું. વળી નકશીના કારીગરો પણ મર્યાદિત જ મળે છે. વળી આપણાં અન્ય મંદિરોના કામ પણ ચાલે, તે સિવાય બીજાં કેટલાંય પરોક્ષના મંદિરોનું કામકાજ ચાલુ છે. તેથી સારા માણસો મળવા અઘરા. કંડલામાં માત્ર ૨૫૦ કારીગરો હતા. એટલે પ્રોજેક્ટ મૅનેજમેન્ટની દૃષ્ટિએ મેં રજૂઆત કરી કે સમગ્ર આયોજન પાર પાડવું હોય તો સને ૧૯૯૬માં કામ પૂરું થઈ શકે ને સારામાં સારું કામ થાય. જો વહેલું કરવું હોય તો નકશા ને ડિઝાઈનોમાં ફેરફાર કરવો પડે ને છત વગેરે સાદી કરીએ ને ઘુમ્મટમાં મધ્યમ કક્ષાનું કામ કરીએ. બારસાખો સામાન્ય કરીએ તો વાંધો ન આવે, છતાં મંદિર તો આપણાં મંદિરો જેવું બને. ઓછા ખર્ચે સારું બને. મધ્યમ કક્ષાનું બને.

માર્ગ પસંદ કરવાનો છે. મને તો કલ્પનાય નહોતી કે સ્વામીશ્રીએ શુ ધારેલું છે અને કઈ દિશા પકડાશે ?

હજુ '૯૬નું વર્ષ આટલું બોલાયું કે તુરત જ સ્વામીશ્રીએ વાત ઉપાડી,

'આપણે '૯૫માં જ કરવું છે એ જ વાત કરો. અત્યારથી પાણીમાં બેસવું નહીં. નહીં તો તમારી પેલી આખી લાઈન મોળી પડશે કે એક વરસ વધ્યું

ને ! એમ માનીને જ ચાલે. તમારે પણ એક જ વસ્તુ રાખવી કે '૯૫માં પૂરું કરવું છે. નહિ તો તમનેય નિરાંત રહેશે. ધ્યેયમાં જરાય મોળી વાત ન રાખવી. વરસ વધારશો તો બે વરસ વધી જશે ને ખર્ચો વધી જશે.'

સ્વામીશ્રીને અમે હાથ જોડ્યા કે 'આપના બળ વડે થશે.'

નહિ માણસો ને નહિ આવડત કે શક્તિ. પરંતુ સ્વામીશ્રી તો આર્ષદૃષ્ટા! મહારાજના ધારક ! તે તો મંદિર '૯૫ની સાલમાં બનેલું નિહાળતા જ હશે. એમના વચનમાં વિશ્વાસ મેળવવા માગતા હશે. એમની શક્તિનાં દર્શન કરાવવા માગતા હશે ! થોડા જ સમયમાં પ્રતિકૂળતાઓ સાનુકૂળતાઓમાં ફેરવાઈ ગઈ.

પીંડવાડા, કોજડા, ઝાડોલી, આરાસણા, વસંતગઢ, અંબાજી, પેશ્વા, અજારી, વઢવાણ, ડુંગરપુર, તલવાડા, પાલીતાણા વગેરે જગ્યાએ નાનાં મોટાં ૧૨ કારખાનાં થયા ને કંડલા સહિત લગભગ ૧૨૦૦ ઉપરાંત કારીગરો તથા પોલીશીંગ કરનારા ને કટરમેનોનો સંઘ એકત્ર થઈ ગયો. કલ્પનાતીત કાર્ય થયું ને આખી દુનિયામાં વધુમાં વધુ કારીગરો સ્વામીશ્રીની છત્રછાયામાં લંડન મંદિરના નિર્માણમાં જોડાયા !

* * *

સારંગપુર, તા. ૨૦-૬-૯૫, લંડન મંદિર અંગેના નકશાની વિચારણા ચાલતી હતી ને નારાયણમુનિ સ્વામી સ્વામીશ્રીને પૂછવા માટે આવ્યા કે આવતીકાલે રથયાત્રા નિમિત્તે સભામાં ક્યારે પધારશે ? સ્વામીશ્રીએ પોતાનો હૃદયગત અભિપ્રાય આપતાં જણાવ્યું કે 'બીજા કામમાં વહેલું મોડું થાય કે ન થાય, પણ ભક્તિમાં મોડું ના થવું જોઈએ. એ તો થઈ જ જવું જોઈએ. આ પ્રવૃત્તિ જો કરવા મંડીએ તો ભક્તિ ને માળા બધું જ જતું રહે, એટલે એ વાત પહેલી જ કરી લેવી' એમ કહેતાં રથયાત્રાનો સમય જણાવી દીધો...

સ્વામીશ્રીએ સૌ સાધકોએ સેવા ને ભક્તિનો સુમેળ કરવાની શીખ આપી. વ્યવહાર દક્ષતાની સાથે સાધુતા, પ્રવૃત્તિની સાથે ભક્તિ, વિરાટ કાર્યો છતાં અહંશૂન્યતા આવા અનંત પરસ્પર વિરોધી સદ્‌ગુણો સ્વામીશ્રીમાં નીરખ્યા છે... ધન્યતા અનુભવી છે... સેવા આપીને તેઓએ કૃતાર્થતાનો સ્વાનુભવ કરાવ્યો છે... જે જીવનમાં જડાયો છે...

* * *

ભગવત્ચરણ સ્વામી
વલ્લભ વિદ્યાનગર

૧૯૭૭માં તા. ૫ એપ્રિલના રોજસ્વામીશ્રી ભારેલ ગામમાં પધાર્યા હતા. ઉતારો એક હરિભક્તના ઘરે રાખવામાં આવ્યો હતો. સ્વામીશ્રી તેમના ઘરમાં પધાર્યા અને ચોકમાં જ નીચે બેસી ગયા. કારણકે સ્વામીશ્રીને જાણ થઈ હતી કે આ બંને ભાઈ વચ્ચે થોડી જમીન અંગે કોર્ટમાં ઝઘડો ચાલે છે. આથી બંને ભાઈઓને બોલાવી સમજાવીને સમાધાન કરાવ્યા બાદ રાજીખુશીથી છૂટા પાડ્યા અને ત્યાર પછી જ સ્વામીશ્રી ઘરમાં પધાર્યા! તે વખતે હું આરતી પ્રગટાવતો હતો. તે માટે મેં એક દીવાસળી સળગાવી પણ બધી દિવેટ પ્રગટી નહીં. તેથી બીજી દીવાસળી સળગાવી. આથી સ્વામીશ્રીએ મને તરત રોક્યો. પછી મને ૧ દીવાસળીથી ૫ દિવેટો કેવી રીતે પ્રગટાવવી તે શીખવ્યું. એ પછી આજ સુધી મેં બીજી દીવાસળી વાપરી નથી.

આમ, સાચા અર્થમાં અર્થશાસ્ત્રનું શિક્ષણ મને સ્વામીશ્રીએ શીખવ્યું.

* * *

બોચાસણ મંદિરના જૂના સભામંડપમાં સ્વામીશ્રી વચનામૃત નિરૂપણ કરતા હતા. કથા બાદ રોજની રીત પ્રમાણે તેઓ રસોડે નિરીક્ષણ કરવા પધાર્યા. મારો હાથ પકડીને ચાલતા હતા. વચ્ચે સ્વામીશ્રીએ મને પૂછ્યું કે 'આજે કોની રસોઈ છે? શું બનાવવામાં આવ્યું છે?'

પરંતુ આશ્ચર્યની વાત એ હતી કે મને તે દિવસના આગળના અને પાછળના દિવસની રસોઈ અંગે માહિતી હતી. પરંતુ તે દિવસની જ ખબર નહીં! આથી સ્વામીશ્રી કહે : 'દશેરાના દા'ડે ઘોડું ન દોડ્યું. તેનો શો અર્થ?'

મેં કહ્યું : 'કથા સાંભળતાં ખૂબ જ આનંદ થાય છે. આથી થાય છે કે

કાયમ કથા જ સાંભળવા જેવી છે. કોણ કોણ જમાડે છે તે જાણવા કરતાં કથા સારી.' આ સાંભળી સ્વામીશ્રી કહે : 'કથાની સાથે સેવાની પણ જરૂર ખરી. કારણ કે એકલી કથાથી દેહાભિમાન વધે અને એકલી સેવાથી સ્વભાવ વધે!'

· સ્વામીશ્રીએ કથા અને સેવા બંને પાસાં સંતુલિત કરી આપ્યાં !

* * *

૧૯૮૪ના વર્ષમાં સ્વામીશ્રી વિદ્યાનગર અક્ષરપુરુષોત્તમ છાત્રાલયમાં પધાર્યા. તેઓનો ઉતારો યોગીબાપાની પ્રસાદીની રૂમમાં રાખ્યો હતો. સવારે સ્વામીશ્રી ઉકાળાપાણી પછી મને બોલાવીને તે જ રૂમના એક ખૂણામાં લઈ ગયા. અને મને અતિ નમ્રતાથી વિનંતીપૂર્વક વાત કરતાં કહે : 'મારે હમણાં અમુક રકમની જરૂર છે. તો તમે મને લોન તરીકે નહીં આપો?' આથી તરત જ મેં એક હરિભક્તને ફોન કર્યો અને તેઓ રકમ લઈને ઑફિસમાં આપી ગયા. એ પછી મેં સ્વામીશ્રીને કહ્યું : ફરી આવી રીતે માંગશો નહીં કારણ કે આ રકમ મારી નથી - તે તો આપની જ છે. આપે વિનંતી નહીં, આજ્ઞા કરવાની હોય.'

મારે તે સમયે દીક્ષા લીધે માત્ર ત્રણ વર્ષ થયા હોવા છતાં સ્વામીશ્રીનો મારી સાથેનો નમ્રતા ભર્યો વ્યવહાર જોતાં મને દઢતા થઈ કે પોતાના વર્તન દ્વારા સ્વામીશ્રીએ મને બીજા પ્રત્યે નમ્રતા રાખવાનું શીખવ્યું.

* * *

એક વખત અટલાદરા મંદિરમાં મારે સ્વામીશ્રીનાં દર્શનાર્થે જવાનું થયું હતું. ઉતારામાં ઉકાળાપાણી કરતાં સ્વામીશ્રી અને સંતોનો હાસ્યવિનોદ ચાલી રહ્યો હતો. વાતમાં ને વાતમાં મેં કહ્યું કે 'કાનમના લોકો 'ણ' ને બદલે 'ન' બોલે 'સ્વામિનારાયન' બોલે.' સ્વામીશ્રી તે સમયે શાંતિથી સાંભળી રહ્યા અને પ્રત્યુત્તર ન આપ્યો. ૫ મિનિટ પછી મને કહે : 'અમે ચરોતરના લોકોની જેમ લેંમડો ન બોલીએ !' ખડખડાટ હાસ્યથી હોલ ભરાઈ ગયો!

* * *

એક વખત પંડોળી ગામમાં સ્વામીશ્રી સાથે રોકાવાનું થયું હતું. તે વખતે સ્વામીશ્રીનો ઉતારો પંડોળીના ભાઈલાલભાઈ ધનજીભાઈના મકાનમાં

રાખવામાં આવ્યો હતો.

તે દરમ્યાન દિશાએ જવાની ઇચ્છા થતાં સ્વામીશ્રી ભાઈલાલભાઈના ઘરના જૂના જાજરૂમાં ગયા. પછી અમે સ્વામીશ્રીને કહ્યું : 'આ નવું જાજરૂ હતું ને! જૂનામાં શા માટે ગયા?'

સ્વામીશ્રી કહે : 'તેમાં નવું શું ને જૂનું શું? નવામાંથી સુગંધી થોડી આવવાની છે? આપણે ક્યાં વધારે બેસી રહેવું હતું!' જ્યાં ત્યાં, જેમ તેમ ચલાવી લેવાની સ્વામીશ્રીની ભાવના આવા નાના પ્રસંગમાં પણ સ્પષ્ટ તરી આવી.

* * *

૧૯૭૫માં બોચાસણ ખાતેથી નવા વર્ષના દિવસે સ્વામીશ્રી વિદાય લઈ રહ્યા હતા. અમે યુવકો ત્યાં ઊભા હતા. જતાં પહેલાં સ્વામીશ્રી ઠાકોરજીના દર્શને ગયા. ત્યાં પૂજારી ભક્તિપ્રસાદ સ્વામીએ તેમને વિદાયનો હાર પહેરાવ્યો. આ જોઈ મને મનમાં સંકલ્પ થયો કે તે હાર સ્વામીશ્રી મને પહેરાવે. તે જ વખતે મારી અને સ્વામીશ્રીની નજર એક થઈ. મંદિરમાં તો ઘણા મોટા હરિભક્તો ઉપસ્થિત હતા. હું છેક પગથિયાં પાસે ઊભો રહ્યો. ત્યાર પછી બધા મોટેરા હરિભક્તો સ્વામીશ્રીને પગે લાગ્યા. પરંતુ તે હાર તેમણે પોતાના ડાબા હાથે રાખી મૂક્યો અને પગથિયાં પાસે આવતાં મને પહેરાવ્યો. આ રીતે મારો સંકલ્પ પૂર્ણ કરી આશીર્વાદ પણ આપ્યા કે 'કરમસદમાં સર્વોપરી પારાયણ થશે.'

* * *

૧૯૮૪ના વર્ષમાં વિદેશયાત્રા બાદ સ્વામીશ્રીના સાંનિધ્યમાં ભાદરામાં ગુણાતીતાનંદ સ્વામીનો ૧૯૯મો જન્મોત્સવ ધામધૂમથી ઉજવાતો હતો. મારે પણ સ્વામીશ્રીનાં દર્શન કર્યે ઘણો સમય થઈ ગયો હતો. આથી મનમાં બે સંકલ્પો થયા કે સ્વામીશ્રી મને મળે એટલે કે ભેટે કારણ કે આ અગાઉ ક્યારે પણ ભેટ્યા ન હતા. તથા બીજો એ સંકલ્પ થયો કે સ્વામીબાપા મને સાથે બેસીને જમાડે અને પ્રસાદી આપે.

હું સવારે ૧૦.૦૦ વાગે ભાદરા પહોંચ્યો અને સભા પછી સ્ટેજ પરથી નીચે ઊતરતાં સ્વામીશ્રીને મેં દંડવત્ કર્યા. આથી સ્વામીશ્રી મને કહે : 'અત્યારે દંડવત્ નહીં, આવો ભેટીએ!' એમ કહીને ભેટ્યા. આમ એક

સંકલ્પ તો તરત પૂરો કર્યો. પછી ફુલીબા આશ્રમમાં ઠાકોરજી જમાડવા પધાર્યા આખો હૉલ સંતોથી ભરચક હતો. તે સમયે જ મારો પ્રવેશ થતાં સ્વામીશ્રીએ મને બોલાવ્યો. કહે : 'પત્તર લાવી સાથે બેસી જાવ!' પરંતુ સ્વામીશ્રીની પાસે સદ્‌ગુરુ સંતો પહેલેથી જ બેઠા હતા. આથી મેં કહ્યું કે હું પછી જમી લઈશ. છતાં સ્વામીશ્રીએ મને અત્યંત આગ્રહ કર્યો અને અંતે વાડકીમાં થોડી પ્રસાદી આપી જે મેં બહાર રસોડામાં જઈને લઈ લીધી.

આમ, સ્વામીશ્રીએ અંતર્યામીપણે મારા મનના સંકલ્પો પૂર્ણ કર્યા.

* * *

૩૫૦ સંતો લઈ સ્વામીશ્રી ચારધામ યાત્રાએ પધાર્યા હતા. તા. ૧૩-૯-૮૭ ને સવારે બદ્રિનાથમાં હતા. ત્યાં મેં પૂછ્યું, 'આપને પહેલેથી અહીં આવીને રહેવાનો વિચાર હતો તો હવે અહીં રહો. અમે આપને મળવા આવ્યા કરીશું.'

સ્વામીશ્રી કહે : 'જે વખતે જ્યાં મન સ્થિર થઈ ગયું હોય ત્યાં જ ગમે. હવે આ ડુંગરાઓમાં ફાવે નહીં. સપાટમાં રહેલા હોય એને અહીં ના ફાવે અને અહીં રહેલા હોય એને સપાટમાં ન ફાવે.'

* * *

તા. ૨૧-૧૨-૯૨ને સોમવારે બોચાસણમાં ઉકાળાપાણી પહેલાં મહંત સ્વામી, ત્યાગવલ્લભ સ્વામી, વિવેકસાગર સ્વામી તથા હું સ્વામીશ્રી સાથે બેઠા. આજે સ્વામીશ્રીના સ્વાસ્થ્યને નજરમાં રાખીને સૌએ વિનંતી કરી કે આજે ડભાણ જવાનું માંડી વાળો. આજનો દિવસ અહીં જ આરામ કરો. સ્વામીશ્રી કહે : 'જસભાઈ ઠેઠ લંડનથી મંડ્યા હતા. એમની ઇચ્છા બહુ છે. અને આપણે તો પારાયણમાં અઠવાડિયું રોકાવાનું હતું એને બદલે આજનો જ દિવસ જવાનું છે ને ! આમેય શ્રીજીપુરા જવાનું છે તો આ વચ્ચે થાકેલો (વિશ્રામ) થાય એમાં વાંધો નથી.'

ત્યાગવલ્લભ સ્વામી કહે : 'કાલે સવારે શ્રીજીપુરા સીધા જ જઈ આવો.'

સ્વામીશ્રી : 'જસભાઈનો ઠેઠ લંડનથી આગ્રહ હતો.'

મહંત સ્વામી : 'તો ડભાણ જઈને પાછા અહીં આવી જાવ.'

સ્વામીશ્રી : 'ઠેઠ જઈને અહીં પાછું શું આવવું? ને રાત તો ક્યાંક રોકાવું પડે ને !'

ત્યાગવલ્લભ સ્વામી : 'રાત વિદ્યાનગર રોકાજો.'

સ્વામીશ્રી : 'ત્યાં (રાત) રોકાવું ને સવારે પાછું શ્રીજીપુરા જ જવાનું છે ને.'

મેં કહ્યું : 'આ તો ગામડામાં ધૂળના હિસાબે ના પાડીએ છીએ.'

સ્વામીશ્રી : 'તો એવું કોઈ મકાન શોધી કાઢો. અહીં સૂઈ રહેવું ને ત્યાં સૂઈ રહેવું સરખું જ છે ને! આમેય શ્રીજીપુરા તો જવાનું જ છે પછી નવાગામમાં રાત સૂઈ રહેવામાં શું વાંધો છે?' અત્રે ઉલ્લેખનીય છે કે સ્વામીશ્રીને રાત્રે ઉધરસનો હુમલો આવતો, તથા તે દિવસે સવારે વૉકિંગ પણ રદ કરીને યુરીન અને બ્લડ ટેસ્ટ કરાવવો એવું ડૉક્ટરનું સૂચન હતું. એ છતાં સ્વામીશ્રીએ સંતોના એક પણ વિકલ્પ માન્ય ન રાખ્યા - કાર્યક્રમ યથાવત્ રહ્યો. આવો ભીડો વેઠવો એ એમનો સ્વભાવ છે.

* * *

તા. ૮-૨-૯૨ને શનિવાર, અટલાદરા, ઉકાળાપાણી બાદ મેં કહ્યું : 'આપની તબિયત કેમ છે ?' સ્વામીશ્રી હાથ લાંબો કરીને નાડી બતાવતાં કહે : 'કેવી લાગે છે?'

'આમ તો સારી જ લાગે છે.'

સ્વામીશ્રી કહે : 'વાહ! માંદાને તો એમ જ કહેવું સારી જ છે તો એને બળ રહે.' પછી ધીરે ધીરે હસતાં હસતાં કહે : 'જે માંદો હોય એ ખાય ખરો? આ જુઓ...' થાળ બતાવતાં કહે, 'આમાં કોણ કહે માંદા છે? જમવા બેઠા હોય ને તબિયત પૂછો - કેમ છે તો કેવું લાગે? આ હાથમાં દૂધનો વાડકો છે ને સામે થાળ પડ્યો છે... જમવા ઉપરથી જોઈ લેવાનું માંદા છે કે સાજા.'

'અમે એ જ જોઈને કહીએ છીએ આટલી વાનગીઓમાં પણ મગ અને ખાખરા જ ખાઓ છો એના ઉપરથી ખબર પડે ને!' જનમંગલ સ્વામીએ કહ્યું. સ્વામીશ્રીએ વાતને વાળી લીધી પણ સ્વાસ્થ્યને માટે બીજી દલીલ ન કરી શક્યા.

* * *

તા. ૨૫-૨-૯૨ને મંગળવાર, પુરુષોત્તમપુરા. જમ્યા પછી સંતોએ પૂછ્યું, 'અહીં જ બેસવું છે કે અંદર રૂમમાં તૈયારી કરી છે ત્યાં જવું છે?' સ્વામીશ્રી

કાંઈ બોલ્યા નહીં. એટલે મેં કહ્યું : 'તૈયારી હોય ત્યારે મનનું ધાર્યું મૂકવું પડે...' સ્વામીશ્રી ચાલતા હતા ને ઊભા રહી ગયા ને કહે : 'અમે ક્યાં કોઈ દા'ડો મનધાર્યું કર્યું છે? તમે કહ્યું અંદર ચાલો તો અંદર આવ્યા !'

* * *

તા. ૧-૨-૮૮, અટલાદરા. નિત્યક્રમથી પરવારીને સ્વામીશ્રી ઠાકોરજીનાં દર્શને પધાર્યા. હું વિદ્યાનગરથી આજે જ આવ્યો હતો. તેથી ઠાકોરજી આગળ જ નમીને પગે લાગ્યો. સ્વામીશ્રી મને રોકતાં કહે : 'આમ તો તમે છ ગામના એટલે વિવેક તો ખૂબ છે. તેમ છતાં ઠાકોરજીની મર્યાદા સચવાય એ માટે આપણે ઠાકોરજી આગળ નીચા નમીને (અમને) પગે લાગવું નહીં. બે હાથ જોડવા. બહાર જઈને ૧૦૦ દંડવત્ કરો એનો વાંધો નહીં. અહીં નહીં.'

મેં કહ્યું : 'આપણે આરતી પછી બધાને પગે લાગીએ જ છીએ ને!'

સ્વામીશ્રી કહે : 'આપણી મર્યાદા જળવાવી જોઈએ, રાજા આગળ એના નોકરને પગે લાગીએ તો કેવું લાગે?' સ્વામીશ્રીએ મર્યાદા સમજાવી.

* * *

તા. ૨૯-૯-૮૯, શનિવાર, વિદ્યાનગર. થાળ થતાં જમવા બિરાજ્યા. મેં કહ્યું : 'તમે સભામાં બેઠા હો ને અચાનક શાસ્ત્રીજી મહારાજ ને યોગીબાપા આવીને ઊભા રહે ને બીજું આસન હોય નહિ તો તમે શું કરો ?

સ્વામીશ્રી કહે : 'હું નીચે બેસી જાઉં એમને દંડવત્ કરું.'

'બેસાડવામાં ય જગ્યા એકની જ હોય તો શું કરો?'

સ્વામીશ્રી કહે : 'એ તો બધા ભેગા સમાઈ જાય.'

ગુણાતીત ગુરુમાં ક્યાંય ત્યાગભાગ નથી અને તત્ત્વે કરીને પણ બંને એક જ છે. તે સ્વામીશ્રીના માર્મિક ઉત્તરનો હાર્દ હતો.

* * *

તા. ૨૭-૨-૯૦, બોચાસણ. સ્વામીશ્રી ખુરશી દ્વારા મંદિરે દર્શને પધાર્યા. મેં કહ્યું : 'ઠાકોરજીને કેટલું સુખ! સમયે સમયે ખાવા મળી જાય, આરામ મળી જાય, નહિ કોઈ કકળાટ... જે જોઈએ એ હાજર!'

સ્વામીશ્રી કહે : 'એ ક્યાં કંઈ માગે છે ? તમે આપો છો. એ તો બિચારા જે આપો એ રીતે રાજી થાય. ફૂલ ચડાવો કે ન ચડાવો તોય ભલે.

જમવાનું ઊનું આપે કે ટાઢું આપો કાંઈ બોલે નહીં. મગજનું ચકતું મળે કે ન મળે કાંઈ વાંધો નહીં !'

સ્વામીશ્રી જાણે ઠાકોરજીની સરળતાનો શિષ્યોને અવબોધ કરાવી રહ્યા હતા.

* * *

તા. ૨૮-૨-૯૦, સ્વામીશ્રી વીરસદમાં ભાગોળે આવેલા 'શ્રીજી કોલ્ડ સ્ટોરેજ'માં પધાર્યા. વિવેકસાગર સ્વામી અને સર્વમંગલ સ્વામી સભા ચલાવી રહ્યા હતા. સ્વામીશ્રીએ રીબિન કાપીને કોલ્ડ સ્ટોરેજનું ઉદ્ઘાટન કર્યું. ત્યારબાદ અંદર પગલાં કરવા પધાર્યા. લાકડાનાં ખપાટિયાંના ફલોર ઉપર સ્વામીશ્રી તો એમની ઝડપે પગલાં કરી રહ્યાં હતાં. કોલ્ડ સ્ટોરેજના ફલોરીંગની વિશિષ્ટ રચના એવી હોય છે કે એમાં લાકડાની પટ્ટીઓ થોડા થોડાઅંતરે ગોઠવવી પડે છે. જેથી બટાકાની ગુણોને સપ્રમાણ ઠંડક મળી રહે. ચાલવા જતાં તેમાં બૂટ ફસાઈ પડે તેવો ભય પણ ખરો ને ખરેખર બન્યું પણ એવું. હું ઠાકોરજી લઈને ચાલતો હતો. એક નબળા ખપાટિયે મારો પગ ફસાયો ને પાટિયું તૂટ્યું. હું એકદમ પડ્યો. પણ પડતાં પડતાં ઠાકોરજી ન પડે એ કાળજી રાખવા ઘણો પ્રયત્ન કર્યો. પરંતુ સમતુલા ન જળવાઈ અને ઠાકોરજી પણ ભેગા ભેગા પડ્યા! સ્વામીશ્રી સ્તબ્ધપણે એ જોઈ રહ્યા ! એમનું એ વખતનું મુખારવિંદ અને ચિત્રવત્ સ્થિતિ ઠાકોરજીના દુઃખે દુઃખી થયાંની આત્મીયતા છતી કરતી હતી. ઠાકોરજીનો મુગટ તો ઠેઠ અંદર પહોંચી ગયો હતો. પગે લાગીને સ્વામીશ્રીએ ઠાકોરજીની માફી માગી. એમની સ્વાભાવિક ચાલ ધીમી પડી હતી. આગળ વધ્યા. બધે પગલાં કરીને સભામાં પધાર્યા. ઠાકોરજીને પોતાની સન્મુખ ફેરવીને પગે લાગતા, વિનવતા, આર્દ્રભાવે સ્વગત કંઈક કહેતા જતા હતા. જેના હોઠના ફફડાટ ઉકેલતા એમ જણાતું હતું, 'હે મહારાજ! સાક્ષાત્ શ્રીજીમહારાજ! દયાળુ! માફ કરજો. આપને વાગ્યું હશે...' બે મિનિટની આ પ્રાર્થનામાં જાણે સભા વિલોપાઈ ગઈ હતી. તાદાત્મ્ય બેનું જ રહ્યું હતું. પ્રિયદર્શન સ્વામી અને નારાયણચરણ સ્વામીને પોતાના વતી દંડવત્ કરવાનું કહ્યું. ત્યારે કંઈક ગ્લાનિ ઘટી હોય તેમ લાગ્યું.

* * *

તા. ૧૯-૧૧-૮૯, બોચાસણ, લંડનથી આવેલો પ્લાસ્ટિકનો ટેન્ટ અગાશીમાં બાંધ્યો હતો. સાયં ભ્રમણ કરીને ટેન્ટમાં જ આસન કર્યાં. ટેન્ટની પ્લાસ્ટિકની બારીમાંથી ઝાંખાં અજવાળાંમાં સૌને દર્શન સારાં થતાં હતાં. અહીં જ ઠાકોરજી જમાડ્યા. ગુણનિધિ સ્વામી કહે : 'અમારા ઉપર ખૂબ કૃપા કરી અમને ખેંચી લીધા.'

સ્વામીશ્રી કહે : ' હા, ડૂબતામાંથી બહાર કાઢ્યા.'

મેં કહ્યું : 'મને ઘણીવાર વિચાર આવે છે કે ક્યાં આ સર્વમંગલ સ્વામી ને ક્યાં આ બાજુના અમે બધા, કોઈ કોઈનો સાંધો બાઝે એમ જ ક્યાં છે. છતાં કેવી રીતે ભેગા થઈ ગયા હોઈશું?'

સ્વામીશ્રી કહે : 'એજ મોટી વાત છે ને! આજે પાંચ ભાઈઓ ભેગા નથી રહી શકતા એને બદલે જુદી જુદી જ્ઞાતિના-ભાષાના, બધા સાથે રહે છે એ જ ઐશ્વર્ય છે ને!' એક વખત તો જાણે સ્વમુખે ઐશ્વર્ય છતું થઈ ગયું પરંતુ તરત જ સભાન થઈ ગયા. અને કહે : 'આ તો જોગીબાપાના વખતની વાત કરું છું.'

* * *

તા. ૩-૪-૯૦, ૨૧૦મો શ્રીહરિ પ્રાકટ્યોત્સવ, સારંગપુર. આજે સભામાં સ્વામીશ્રીને મારું કંઈક કામ પડ્યું. પણ સ્વામીશ્રીને તાત્કાલિક નામ યાદ ન આવ્યું. પછી રૂમમાં પધાર્યા ત્યારે મેં સ્વામીશ્રીને ગમ્મતમાં કહ્યું : 'નામ તો યાદ રહેતું નથી તો કલ્યાણ કેમનું કરશો?' સ્વામીશ્રી લઘુ કરવા જતા હતા. તે બાથરૂમ આગળના બારણેથી એકદમ પાછા વળીને બે વાર ચપટી વગાડીને કહે : 'કલ્યાણ તો આમ થવાનું છે.'

શ્રીહરિના પ્રાકટ્યની પરંપરા અને સામર્થ્યની એક અદ્‌ભુત ઝાંખી થઈ. પ્રાકટ્ય મહોત્સવ સાર્થક થયો.

* * *

તા. ૩૧-૧૨-૯૦, ગુણાતીતનગર-ગુણાતીત પાથેય પર્વ. ઉતારાની બાજુના રૂમમાં ઉકાળાપાણી કરવા બિરાજ્યા. રાજકોટથી આવેલા દામજીભાઈએ કહ્યું : 'વિદ્યાનગરથી ભગવત્ચરણ સ્વામીનો ફોન હતો. એમણે કહેવડાવ્યું છે કે 'ડાબરા ઉત્સવ ખરો તો ડભાણનો જ કહેવાય. ભાદરામાં ઊજવવો એ કાયદેસર ન ગણાય.' સ્વામીશ્રી કહે : 'એમને કહેજો

બ્રહ્મ તો સર્વત્ર છે. જ્યાં સમૈયો કરીએ ત્યાં બધે જ હોય! અહીંયા પણ છે ને ત્યાં પણ છે, કેમ હીલમિલ!? (દિવનંદન સ્વામી) તને કેમ લાગે છે?'

અક્ષરના દીક્ષાદિનની પુણ્યસ્મૃતિનો આ અદ્‌ભુત લહાવો અનાયાસે મળી ગયો. આ વાક્યોની અન્ય મીમાંસા હોય નહિ.

* * *

તા. ૩૧-૧૦-૯૩, ગોંડલ. સ્વામીશ્રીએ મને બોલાવ્યો હતો. પરંતુ કલાક બેસી રહ્યો છતાં મેળ ના પડ્યો. એ વાત જમતી વખતે નીકળી. મેં કહ્યું : 'હું ક્યારનો બેઠો છું.' સ્વામીશ્રી કહે : 'કોરટમાં સવારના ૧૧.૦૦ વાગ્યાના બોલાવે ને ઠેઠ સાંજે ૪.૦૦ વાગ્યા સુધી બેસાડી રાખે, ને પછી કહે : 'હવે મુદત આવતી કાલે!' તોય કંઈ કહેવાય નહિ. આપણે તો એવું નથી સાધુનો દાવો છે. ભગવાન અને સંત તો કેટલું (પુણ્ય) ભેગું કરો તોય મેળ પડે એમ નથી.'

* * *

તા. ૨૧-૨-૯૪, વિદ્યાનગર, જમતી વખતે પ્રો. અમિતભાઈએ વિજ્ઞાનની આધુનિક શોધોની ખૂબ વાતો કરી. પછી પૂછ્યું કે વૈજ્ઞાનિકો બીજા ગ્રહોમાં આ બધું જીવન છે એ શોધે છે. તો એમને કાંઈ હાથમાં આવશે?'

સ્વામીશ્રી કહે : 'મહેનત કરે એટલું જ. બાકી બીજું શું હાથમાં આવવાનું?'

મેં કહ્યું : 'આપ ચારે બાજુ (બ્રહ્માંડોમાં) ફરો છો એટલે બધી ખબર હોય એટલે પૂછે છે.

અમિતભાઈ કહે : 'તમે જ બધું કરો છો ને!' સ્વામીશ્રીએ તરત જ કહ્યું : 'એટલું સમજાય તો ઘણું છે. જેણે અંદર આ બધું મૂક્યું છે એ કોણ છે, એ કોઈ સમજતું નથી ને એને કોઈ શોધતું નથી. એને જો પહોંચે તો બધું હાથમાં આવી જાય. બીજું કાંઈ શોધવાનું બાકી ન રહે. બાકી બુદ્ધિ ડોળથી કેટલું પહોંચવાના? એનો તો અંત જ નથી. ભગવાન કે જે આ બધું આપનાર છે એને વળગોને !' એમ કહી તેઓને પ્રસાદ આપતાં કહે : 'આ લ્યો, આમાંથી બધું જડશે.'

* * *

તા. ૬-૪-૮૭, ભાવનગર. સવારે ૧૧.૪૫ વાગે સભાની સમાપ્તિ બાદ મંદિરે પધારતા હતા. હું સાથે હતો.

મેં કહ્યું : 'આપે હમણાં ઊંટિયાએ ૪૦૦ ગાઉ લાંબી ડોક માગી એ વાત કરી. પણ મને એમ થાય છે કે આ બધો વ્યવહાર શું કરવો? પાછું બંધન થાય તો?'

સ્વામીશ્રી કહે : 'ભગવાન અને સંતની આજ્ઞાથી જે કરીએ એમાં બંધન ન થાય. ઊંટને તો ભગવાને કહ્યું હતું કે 'લાંબી ડોક માગવામાં માલ નથી.' છતાં માગ્યું એટલે દુ:ખ આવ્યું. આપણે તો આજ્ઞાથી કરવાનું છે. મુકાવે ત્યારેય બીજો વિચાર કરવાનો નથી કે 'કોણે કહ્યું હશે? શું થયું હશે? કાંઈ જ વિચાર નહિ. કહે : 'મૂકી દો' એટલે હાથ જોડીને મૂકી દેવાનું. એટલો જ આનંદ રાખવો.'

'પણ પ્રવૃત્તિમાં લોકો સાથે બોલાચાલી કરવી પડે. આ બધું સારું ન લાગે.' મેં ફરી કહ્યું.

સ્વામીશ્રી કહે : 'આપણે તો પ્રવૃત્તિમાં જ નિવૃત્તિ છે. પ્રવૃત્તિ કરે એને બધુંય થાય. ઉપરથી એનું બહુ શોભે નહિ. પણ એનો વાંધો નથી. સાવ નિવૃત્તિ પકડીને બેસી રહે, કાંઈ સેવા ન કરે, પીરસે નહીં, વાત ન કરે એનું શું ખોટું દેખાય? લોકોનેય ભાર પડે કે 'ઓ... હો મહાત્મા બહુ મોટા.' પરંતુ આજ્ઞાથી પ્રવૃત્તિ કરવી એ શ્રેષ્ઠ છે.'

મેં કહ્યું : 'પણ એમાં પડી જવાનો ભય બહુ,'

સ્વામીશ્રી કહે : 'એના માટે છેલ્લાનું ૯મું વચનામૃત કાયમ નજર સામે રાખવું અને એટલું ધ્યાન રાખવું કે સત્પુરુષની રુચિ બહાર ગયા તો વ્યવહારમાં લપસી જ પડાય. આજ્ઞામાં રહીને થાય એટલું કરવું.' પ્રવૃત્તિ માર્ગમાં ઘણી વખત આશ્ચર્યકારી પતન સાંભળવા મળે ત્યારે આવા જ પ્રશ્નો ઘણાના મનમાં ઊગતા હોય છે. આ પ્રશ્નોની ગુરુચાવી સ્વામીશ્રીએ ટૂંકી પ્રશ્નોત્તરીમાં બતાવી દીધી.

* * *

તા. ૪-૫-૮૭, સારંગપુર. આજે જાંબું આવ્યાં હતાં. સ્વામીશ્રીએ અંગીકાર કર્યાં.

મેં પૂછ્યું, 'આ જાંબુનું શું થશે?'

સ્વામીશ્રી કહે : 'બીજું શું થવાનું છે? ભગવાન અને સંતના કામમાં આવ્યા એટલે સારા સંસ્કાર પડશે.'

'અમારું શું થશે?'

'તમારું તો પાકું જ થઈ ગયું છે ને! પણ હવે આપણે કરતા હોય એમ કરો, એમ નહિ! હવે બધું રાજીપા માટે કરવાનું છે. બેસી નથી રહેવાનું કે નથી ઊભાંગડ ચાલવાનું. નિયમધર્મમાં રહીને રાજી કરવાની વાત છે. જે કરવાનું છે, એ ભગવાન અને સંત મળ્યા પછી કરવાનું છે.' મેં કહ્યું : 'તપ એટલું બધુ થાય એમ નથી.' સ્વામીશ્રી કહે : 'એમાં માપ શેનું આવ્યું? આજ્ઞામાં રહેવું એ મોટામાં મોટું તપ છે. મનનો ભીડો ખરેખરો. એમાં બધું આવી જાય તપ કરતાંય એ અધિક છે. એ કહે 'આમ કરો' તો કરવાનું જ ! એમાં મનનું ધાર્યું ફેરવાય તોય વાંધો નહિ. મનનું ફેરવવું પડે ત્યારે વસમું બહુ લાગે કેટલાય સંકલ્પો વિકલ્પો થઈ જાય રૂંવાડાં ઊભાં થઈ જાય. શું કરું ને શું ના કરું ? એવું થઈ જાય પણ આ જ તપ છે. બીજા તપમાં તો ઇન્દ્રિયો શુદ્ધ થાય. મનને શુદ્ધ કરવામાં 'એ કહે એમ કરવું' એજ! તમે જાણો કે આ બધું કરીએ છીએ એટલે ધામમાં બેસી ગયા. અક્ષરધામમાં તો જોડે બેસવાનું છે. ત્યાં કોઈ ગ્રેડ ઓછા છે? મહારાજ સૌને સરખા બેસાડશે. માટે એવી રીતે તૈયાર થવું. એમ નહિ કે 'બુદ્ધિશાળી છું, સેવા કરાવું છું એટલે ચાલો ઘૂસી જઈએ.'

* * *

તા. ૨૫-૧૨-૯૨, વિદ્યાનગર. સવારે ૭.૪૫ વાગે રૂમમાંજ પૂજા કરી. છેલ્લે હરિવલ્લભ સ્વામીએ 'મારી નાડ તમારે હાથ...' એ કીર્તન ગાયું.

મેં કહ્યું : 'એ કહે છે નાડ તમારે હાથ છે એટલે સંભાળજો.'

સ્વામીશ્રી કહે : 'મહારાજ, સ્વામી, શાસ્ત્રીજી મહારાજ અને યોગીબાપાએ સંભાળી જ છે. ને એટલે તો અહીં બેઠા છીએ. તો જ સુખી છીએ ને અહીં આવીને લહેર મારીએ છીએ. લાપસીમાં લીટા કહે છે ને! એવું છે. મહારાજના વખતમાં ખાવા-પીવા, હરવા-ફરવાની કઠણાઈ હતી. જંગલમાં જવાનું ને અત્યારની જેમ ગાડીઓ ન હતી.'

મેં કહ્યું : 'અત્યારે તો સુખપાલમાં બેસીને ભગવાન ભજવાની પ્રાપ્તિ મોટી થઈ છે.'

સ્વામીશ્રી : 'લોકોને જે બોલવું હોય એ બોલે. આપણે તો સ્વામિનારાયણ, સ્વામિનારાયણ કરતાં માળા લઈને બેસવું. ભજન કરવું. આવું થાય તો સ્થિતિ છે કે નહિ તેની ખબર પડે ને!'

'ભગવાન અંતર્યામી છે. એમણે બતાવ્યું એમાં બધું આવી ગયું. બહાર બતાવવાની જરૂર શી?' મેં દલીલ કરી.

'તો ય પ્રતીતિ માટે કરવું પડે ને!'

સ્વામીશ્રીના ગમ્મતમય સૂરમાં સમત્વની શીખનો રણકો હતો. આગળ 'ભક્તિ'ના મદની વાત આવી.

મેં પૂછ્યું, 'મહારાજે 'મદ' શા માટે કહ્યો? મદ તો કોઈ પ્રકારે રાખવો જ ન જોઈએ.'

સ્વામીશ્રી કહે : 'મદ એટલે કેફ કહેવાય. ભક્તિનો કેફ ચડે એટલે બીજું ભૂલી જવાય. જેમ દારૂ પીને ગાંડો થાય ને બધું ભૂલી જાય એમ ભક્તિનો કેફ એવો ચઢે કે જગત ભૂલાઈ જાય.'

* * *

તા. ૨૩-૧૨-૯૨, વિદ્યાનગર.

બપોરે ૨.૩૦ વાગે આરામમાં જતાં પહેલાં કહે : 'હવેથી જાહેરસભા ને સ્વાગત સભાઓ રદ કરો. કો'કનું ખાત ને કો'કની વિદાય ને કો'કનું સન્માન.. આમાં બધાના સમય સાચવવાના એ બધું હવે નહિ ફાવે. એટલે બધામાં ના જ પાડી દેવી. હવે એ બધું થઈ રહ્યું. સત્સંગ સભાઓ થાય એ જ કરવું. કોઈ આવે તો કહી દેવું તમારો ભાવ છે, એ જ મોટામાં મોટું સન્માન છે.' થોડીવાર પછી ધીરેથી કહે : 'હવે તો ફૂલહાર પહેરી લીધા અને સન્માન પણ ઘણાં થઈ ગયાં. હવે સત્સંગ સભા જ કરવી.'

* * *

તા. ૩-૬-૯૨, ગોંડલ. સાંજે ૫-૧૫ વાગે પ્રસાદ જમ્યા પછી યોગી શતાબ્દી પછીના કાર્યક્રમો ગોઠવાતા હતા. મેં કહ્યું : 'હવે આપને ઝાડા-ઊલટી વારે વારે કેમ થાય છે?'

સ્વામીશ્રી કહે : 'ભજન ભક્તિ ન થાય એટલે! ભજન ન થાય એટલે મન નબળું થાય. એવું બધું કારણ છે!'

'વ્યવસ્થિત જવાબ નથી.' મેં કહ્યું.

સ્વામીશ્રી કહે : 'વ્યવસ્થિત જ છે.'

* * *

તા. ૭-૩-૯૩, મુંબઈ. સ્વામીશ્રી અલ્પાહાર કરતા હતા. મેં કહ્યું : 'ઉકાળાપાણીનું પ્રમાણ ઘટ્યું.'

સ્વામીશ્રી કહે : 'બધું ઉંમર પ્રમાણે થાય.'

પ્રિયદર્શન સ્વામી કહે : 'બધું ઘટે છે પણ પ્રવૃત્તિ નથી ઘટતી.'

સ્વામીશ્રી કહે : 'એય પહેલાં કરતાં ઘણી ઘટી છે.'

'સૂતાં સૂતાંય પ્રવૃત્તિ ચાલુ જ હોય.' મેં કહ્યું.

સ્વામીશ્રી કહે : 'બહુ સૂઈ રહીએ એટલે આળસુ થઈ જવાય એટલે બહુ સૂવાની જરૂર નહીં. જરૂર પૂરતું જ સૂવું. જરૂર હોય ત્યારે રેસ્ટ લેવો બરાબર છે. પણ અમથા અમથા પડ્યા રહે ત્યારે આળસુ જ કહેવાય.'

'આપ સૂતા હો ત્યારે અમેરિકા જતું રહેવું.' મેં ગમ્મત કરી.

સ્વામીશ્રી કહે : 'એવો બીજો વિચાર જ ન થાય. ભગવાનનું ભજન, સ્મરણ થયા કરે એ જ વિચાર, સૂઈ રહેવામાં શરીર બેઠાડુ રહે એના કરતાં એ ચાલતું રહે એ સારું.'

* * *

તા. ૧૬-૧૧-૮૯, બોચાસણ.

આજે સ્વામીશ્રીને બીજી પ્રવૃત્તિ કરવાનું મન જણાતું ન હતું. નાદુરસ્ત સ્વાસ્થ્યને કારણે અશક્તિ ઘણી હતી. મુખ પણ શાંત-ગંભીર જણાતું હતું. મેં કહ્યું : 'અમે વિવેકસાગર સ્વામી સાથે મળીને એવું વિચાર્યું છે કે આપનાં વિચરણમાં જાહેરસભાઓ વગેરે ગોઠવવા જ નહીં. આ અંગે આપનું શું મંતવ્ય છે?'

સ્વામીશ્રી કહે : 'આ તો અમારે ના છૂટકે જ. બાકી જાહેર સભાઓ, આવા પ્રોગ્રામો, ઉદ્‌ઘાટનોમાં રુચિ જ નથી. બહુ મંડ્યા હોય એટલે જવું પડે. બંધ થાય તો રાજી. આપણે તો સત્સંગ સભા થાય એમાં રાજી. પેલામાં તો મર્યાદા (સાધુ-સ્ત્રીની) ન સચવાય. સત્સંગની જાહેર સભા થાય એમાં વાંધો નહિ. વહેલા-મોડા જઈએ તોય વાંધો ન આવે.' સ્વામીશ્રીએ સ્પષ્ટપણે પોતાની રુચિ બતાવી.

* * *

'સાધુને સુખના ઢગલા થઈ ગયા સત્તાનો મોહ કરવો નહીં.' સ્વામીશ્રીએ એકવાર વાત કરી.

મેં કહ્યું : 'સત્તા હોય તો કો'ક આપણું સાંભળે.'

સ્વામીશ્રી કહે : 'લ્યો ! એ જ મોહ છે ને! સેવા કરો તો સૌ એની મેળે સાંભળે. જોગીબાપા કહે : 'સેવા કરે એ મોટો.' ઝાડુવાળે, વાસણ ઊટકે, ચોકા સાફ કરે, ચોક વાળે એ મોટો!' છેલ્લે મોટપ પામવાનું શાસ્ત્ર નિરૂપીને સ્વામીશ્રી આરામમાં પધાર્યા ત્યારે રાત્રે ૧૧.૧૫ વાગ્યા હતા.

* * *

તા. ૧૦-૪-૯૪, વિદ્યાનગર. આજે પૂજામાં આવતા વેંત સ્વામીશ્રીએ થોડા હાર તૈયાર રાખવાની સૂચના આપી હતી. પરંતુ સંજોગોવશાત્ છેલ્લે સુધી એ આવી ન શક્યા.

અહીં આવેલા કેટલાક સમર્પિત હરિભક્તોનું સ્વામીશ્રી જાહેર સન્માન કરવા માગતા હતા. વિવેકસાગર સ્વામી સૌનો પરિચય આપતા જતા હતા. પરંતુ હાર ન આવ્યાનો રંજ હતો. એટલે સ્વામીશ્રી કહે : 'કેટલીયવાર કીધું તોય હજી હાર તો આવ્યા નથી ને અમૃત મહોત્સવ ઊજવવો છે..'

આ પછી સ્વામીશ્રી મને વારે વારે યાદ કરાવતા હતા કે 'હાર ન લાયા અને અમૃત મહોત્સવ ઊજવવા બેઠા છો.' એ લીલા મને ખીજવવા માટે જ હતી. સ્વામીશ્રી વાક્ય બોલીને બીજા સામે જોઈ મર્માળુ હસી લેતા હતા. છેવટે સ્વામીશ્રીનું લક્ષ્ય વિંધાયું. મેં ખીજાઈને કહ્યું : 'અમુક માણસો અહીંથી જાય ત્યારે જ શાંતિ થાય.' સ્વામીશ્રી ખડખડાટ હસી પડ્યા અને કહે : 'શાંતિમાં અશાંતિ ઊભી કરવાનો અમુકનો સ્વભાવ હોય છે.'

* * *

તા. ૧-૫-૯૩, બોચાસણ.

રાત્રે ૮.૧૦ વાગે ઉતારે પધારી ઠાકોરજી જમાડવા બેઠા મેં કહ્યું : 'મને વ્યવહાર આપે શીખવાડેલો.'

સ્વામીશ્રી કહે : ' અમે તો ઢોરા ચારતા આવેલા, નિશાળમાં ભણતા આવેલા અમને વ્યવહાર ઓછો આવડે? તમે તો પહેલેથી જ બધું લઈને આવેલા.'

* * *

તા. ૨-૫-૯૩, બોચાસણ.

પુરુષોત્તમ સ્વામીની દેરીએ દર્શન કર્યાં. બાદ ઉતારે પધારી સવારે ૯.૦૦ વાગે ફરાળ કરવા બિરાજ્યા.

શ્લોક બોલાયો. 'ૐ શાંતિ...' થયું.

સ્વામીશ્રી કહે : 'ભગવાનનું નામ લયા કરે એટલે શાંતિ, બાકી તો બધું ચાલ્યા જ કરે.'

મેં કહ્યું : 'આપ તો પહેલેથી શાંતિ લઈને આવેલા તો જ બીજાને આપી શકો ને !'

સ્વામીશ્રી કહે : 'શાસ્ત્રીજી મહારાજ મળ્યા એટલે શાંતિ. બાકી નામે કાંઈ શાંતિ થાય? એ ના મળ્યા હોત તો અશાંતિ જ હતી ને !'

* * *

તા. ૨૭-૫-૮૯, વિદ્યાનગર.

આજે પૂજા બાદ સ્વામીશ્રીએ સૌને વ્યક્તિગત આશીર્વાદ આપ્યા. પછી ઉકાળાપાણી દરમ્યાન મને સંબોધીને ખાસ સૂચના આપી કે 'આપણે (બાળ) મહોત્સવ માટે જે જે હૉસ્ટેલો ઉપયોગમાં લીધી હોય એ ખાસ એકદમ સાફ કરીને પાછી સોંપવી અને મેદાન પણ જેવું લીધું હોય એવું પાછું સોંપવું..' દરેક વખતે સ્વામીશ્રીનો આ ખટકો ખાસ કરીને પરસ્પરના સંબંધોને જાળવી રાખવા માટે ખૂબ મદદરૂપ થાય છે.

* * *

તા. ૨૭-૧૨-૯૨, વિદ્યાનગર.

સાંજે ૬.૨૫ વાગે પ્રસાદ જમતી વખતે યોગીશતાબ્દી મહોત્સવની વાત નીકળી. મેં કહ્યું : 'નગર'માં બધું બરાબર ચાલતું હતું ત્યારે તમે વરસાદની હેલી કરી, વરસાદ પાડ્યો એ પાછળનું રહસ્ય શું?'

સ્વામીશ્રી કહે : 'એમાં રહસ્ય શું? ભક્તોની ધીરજ, હિંમત, શ્રદ્ધા એ બધું ભગવાન જુએ ને !'

નિર્ભય સ્વામી કહે : 'બધાને શ્રદ્ધા તો હતી જ ને!'

સ્વામીશ્રી : 'હતી જ પણ વિશેષ થઈ (એની બધાને પ્રતીતિ થઈ).'

* * *

તા. ૭-૩-૯૩, મુંબઈ, ઉકાળાપાણી દરમ્યાન મેં કહ્યું : 'ભગવાને શરીરના સ્પેરપાર્ટ જુદા જુદા આપ્યા હોત તો સારું થાત. ખોલીને રિપેર તો થઈ શકે!'

સ્વામીશ્રી કહે : 'ભગવાને જે કર્યું છે એ સારા માટે જ છે. (તમારા કહેવા પ્રમાણે) એવું કર્યું હોત તો માથાકૂટનો પાર નહીં, સારા સારા પાર્ટ કોઈ લઈ જાત, ચોરી કરીને! આ તો કોઈ કોઈના લે જ નહિ. ને કોઈને કોઈના બેસે જ નહિ! (શરીર જ) રીજેક્ટ કરી નાંખે. કો'કનું બેસાડે તોય અસલ જેવું નહીં. જિંદગીભર ગોળીઓ ખાવી પડે. ભગવાને કર્યું એ સમજીને કર્યું છે. બાકી ગરીબોને કોઈ જીવવા ન દેત. બળિયો બીજાને દબાવીને સારા સ્પેરપાર્ટ લઈ જાત.'

* * *

તા. ૯-૪-૯૪, વિદ્યાનગર, જમતી વખતે મેં વાત ઉપાડી, 'આ હરીશભાઈ મને દર વખતે ઠપકો આપે છે કે તમે કહેતા નથી કે સ્વામી આરામ કરો... આપે આપનું શરીર સચવાય એ રીતે ફરવું. વધારે જોર ના કરવું. આરામ કરવો.' સ્વામીશ્રીએ સંજોગોનો જ સંદર્ભ આપીને કહ્યું : 'આરામ કરાવવો હતો તો અહીં શું કામ બોલાવ્યા? બોચાસણ આરામ થાત'. બે ઘડી હું કાંઈ બોલી શક્યો નહીં. સ્વામીશ્રી હસી પડ્યા. થોડીવાર પછી કહે : 'परोपदेशे पांडित्यम्।' બધે ચાલે છે. પોતાના વિભાગમાં સ્વામી હોય ત્યારે પૂરો લાભ લઈ છે. અને જાય પછી કહે : 'વધારે વિચરણ ના કરવું. આરામ કરવો. આ બધું ખોટું થાય છે.' સ્વામીશ્રીના આ શબ્દોમાં ડંખ નહીં, વાસ્તવિકતા હતી...

* * *

રાજેશ્વર સ્વામી
અટલાદરા

શાસ્ત્રો કહે છે : 'महद्भिः लीलयाप्रोक्तं शिलालिखितमक्षरम् ।'

મહાપુરુષો કેવળ હસતાં રમતાં બોલે છે, તે પણ શિલાલેખની જેમ સત્ય ઠરે છે.

સ્વામીશ્રીના શબ્દોની શી તાકાત છે, તેનો મને અગિયાર વર્ષે સ્વાનુભવ થયો હતો.

યોગીજી મહારાજના અક્ષરધામ ગમન પછી જ્યારે પણ સ્વામીશ્રી સાથે મુલાકાત થતી, સેવામાં, કાર્યકર તરીકે કે ઉત્સવોમાં જ્યાં પણ મળતા ત્યારે સ્વામીશ્રી એક વાત અચૂક ઉચ્ચારતા, 'તૈયાર રહેજો, સાધુ કરવા છે !' સ્વામીશ્રીના આ શબ્દો ગમ્મતના છે એમ માની ઘણાં યુવકોની જેમ એમના લાડકોડ ને હેત મેળવતા રહ્યા. કળશ જયંતી સમયે પણ સ્વામીશ્રીએ આદેશ આપ્યો કે 'સ્વામીની સેનામાં આવી જાવ.' પણ તે વખતે તો ન જ મનાયું. એ પછી ચાર વર્ષ વીતી ગયાં. સ્વામીશ્રી ૧૯૭૭ની વિદેશયાત્રાએથી દેશમાં પધાર્યા ત્યારે અત્યંત ગંભીર બીમારી ગ્રહણ કરી હતી. સારંગપુરમાં આરામ લઈ સ્વામીશ્રી અમદાવાદ પધાર્યા ત્યારે પણ ખૂબ અશક્તિ જણાતી હતી. ડૉક્ટરોની કડક સૂચના મુજબ સ્વામીશ્રીનો રોજિંદો કાર્યક્રમ પણ બદલવામાં આવ્યો હતો. તે દિવસોમાં માત્ર પૂજામાં જ જાહેર દર્શન થતાં. અંગત મુલાકાતો સદંતર બંધ રાખવામાં આવી હતી. આગમનના બીજા જ દિવસે સ્વામીશ્રી પ્રાતઃપૂજા બાદ રૂમમાં પ્રવેશતા હતા, ત્યાં અચાનક ત્રણ પગથિયાં ચઢીને ઊભા રહી ગયા. પાછા ફરીને પૂછ્યું, 'કોઠારી ક્યાં ગયા ?'

'આ રહ્યો બાપા.' સુરેશે આવીને કહ્યું.

સ્વામીશ્રી કહે : 'તમે નહીં, અમારા કોઠારી ક્યાં છે ?'

હું આ સમયે ભંડારના પગથિયે ઊભો હતો. આત્મસ્વરૂપ સ્વામીએ મને જોયો એટલે એકદમ બોલાવ્યો કે બાપા યાદ કરે છે. હું દોડ્યો. સ્વામીશ્રી પગથિયાં નીચે ઊતરી ગયા. બદામના ઝાડ પાસે આવી બાથમાં લઈને

મળ્યા. ને કહે : 'ક્યાં હતા ? અમે ક્યારના શોધીએ છીએ... આવું ચાલે ?'

સ્વામીશ્રીના શબ્દોમાં મિત્રભાવની મીઠાશ વધુ હતી કે માતાની મમતા - તે હું નક્કી ન કરી શક્યો... એ સુખ અદ્ભુત હતું બસ, આજે એટલું જ યાદ છે.

આત્મસ્વરૂપ સ્વામી કહે : 'બાપા ! એ કાર્યકર છે. એટલે એણે શિસ્ત રાખવી પડે ને ! બધાને દૂર રાખે ને એ જ નજીક રહે તો કેવું લાગે ?'

સ્વામીશ્રી ભાવમાં આવીને બોલ્યા : 'એમાં વાંધો નહીં, તમારે એકવાર તો આવીને મળી જ જવું...'

આ અણચિંતવ્યા સુખે, આ પ્રેમના મીઠા બોલે મારા હૈયા પરથી સાત સાત વર્ષ જૂની ધૂળ ખંખેરી નાખી ! આખી વિચારધારા બદલાઈ ગઈ. મારી માનસિક જડતામાં જાણે તિરાડ પડી ગઈ. અંતરમાંથી સાધુ થવાની સ્ફુરણા ફૂટી પડી. અને ૧૯૮૧ના ભગવાન સ્વામિનારાયણ દ્વિશતાબ્દી મહોત્સવમાં સ્વામીશ્રીએ પોતાનો કરીને બેસારી દીધો ! પતંગિયાંની જેમ સ્વામીશ્રીમાં પાગલ થયેલા અનેક યુવાનો, બાળકો કે કિશોરોને જોઈએ છીએ, ત્યારે જરાય નવાઈ નથી લાગતી, કારણ કે એ બધા પણ આવી પરમપ્રીતિની તેજધારાએ વીંટળાઈને જ ફરતા હોય છે.

* * *

૧૯૮૨માં સ્વામીશ્રી અમદાવાદમાં રોકાયા હતા. તે દરમ્યાન એક સવારે મને રૂમમાં બોલાવી ધીરેથી કહે : 'સાંજે પાઘ લઈને તૈયાર રહેજો. કોઈને જણાવવાની જરૂર નથી...'

સ્વામીશ્રીને ક્યાં જવું હશે તેની અટકળ કરતો હું તૈયાર થઈને સમયસર આવી ગયો. બધું ગોઠવાયેલું હોય તેમ ઈન્દ્રવદને ઍમ્બેસેડર લાવી દીધી. સ્વામીશ્રી, ડૉ. બાજડિયા અને રમેશભાઈ દલાલ એમ અમે ઉપડ્યા. સ્વામીશ્રી ધીરેથી કહે : 'સિવિલ લઈ લો.'

અમે સિવિલ હૉસ્પિટલે પહોંચ્યા. અહીં ગુજરાત રાજ્યના તત્કાલીન સચિવ અને સત્સંગીબંધુ પ્રદ્યુમ્નસિંહ જાડેજાને દાખલ કરવામાં આવ્યા હતા. સ્વામીશ્રીએ તેમને આશીર્વાદ આપી ખૂબ ધૂન કરી. તેઓ પણ ખૂબ જ રાજી થયા.

પાછા ફરતા હતા ત્યાં સ્વામીશ્રીએ ગાડીમાં એક સરનામાની ચિઠ્ઠી કાઢી. કહે : 'આપણે ખાનપુરમાં આ દવાખાને જવું છે.' અમે મોડું થાય તેની ચિંતા કરી રહ્યા હતા. કારણ કે મંદિરે કિશોર મંડળનો સુંદર કાર્યક્રમ હતો. પરંતુ સ્વામીશ્રીનું આયોજન હતું એટલે નિર્દેશિત દવાખાને આવી પહોંચ્યા. અહીં સ્વામીશ્રીના બાળસખા અને મૂળ ઓડના શ્રી ગોરધનભાઈ પટેલને દાખલ કર્યા હતા ! સ્વામીશ્રી ખૂબ પ્રેમથી તેમને મળ્યા. ગોરધનભાઈ તો આ અનપેક્ષિત મિલનથી ભાવવિભોર બની ગયા. સ્વામીશ્રી સાથે અમે નીકળ્યા અને નહેરુબ્રિજના ટર્નિંગ પોઈન્ટ પાસે પહોંચ્યા. ત્યાં સ્વામીશ્રી કહે : 'આપણે વાડીલાલ હૉસ્પિટલ પાસે એક હાડકાંના ડૉક્ટરના દવાખાને જવું છે...'

'પણ બાપા ! મંદિરે કિશોરમંડળના કાર્યક્રમમાં પહોંચવાનું છે.'

'એ તો પહોંચી જઈશું. આ વખતે બહાર નીકળ્યા જ છીએ તો જઈ આવીએ.'

'ત્યાં કોને દાખલ કર્યા છે ?'

'નામ તો યાદ નથી, પણ મહીજડાવાળા અંબાલાલભાઈના દીકરાને દાખલ કર્યા છે. તેનું ઑપરેશન છે.'

'કયા ડૉક્ટર છે ?'

'એ કાંઈ ખબર નથી !'

અમે ચારે વિચારમાં પડી ગયા ! અંધારામાં કૂદવા જેવું હતું. નિશાન વગર જવું ક્યાં ? કેટલાય ઓર્થોપેડિક સર્જનો હોય છે... સ્વામીશ્રીએ અમારી મૂંઝવણ પારખીને કહ્યું : 'વાડીલાલ હૉસ્પિટલની પાસે જ છે, ત્યાં કેટલાંક દવાખાનાં હશે ? બે ત્રણ હશે, એમાં શોધી કાઢીશું !' સ્વામીશ્રીની ભક્તો ઉપર અકારણ કરુણા રેલી રહી હતી, તેનું મને આ પ્રત્યક્ષ દર્શન હતું.

વી.એસ. હૉસ્પિટલ પાસે આવી થોડીવાર તપાસ કરી. રમેશભાઈને એક ડૉક્ટરના દવાખાનામાં તપાસ કરવા મોકલ્યા હતા. ને અમે સૌ સાઈડમાં પાર્ક કરેલી ગાડીમાં બેઠા હતા. એવામાં એક ભિખારી લઘરવઘર લૂગડે ને લાચાર ચહેરે ગાડી પાસે આવી ગયો. સ્વામીશ્રી પાસે હાથ લંબાવી કહે : 'દો દિન સે ભૂખા હું, ખાને કા દો...'

સ્વામીશ્રીએ મારી સામે જોયું. કહે : 'કાંઈ પ્રસાદ લાવ્યો છું ?'

'ના સ્વામી.' અચાનક જ નીકળવાનું હોઈ ને ક્યાં જવાનું છે તેની પણ જાણ ન હોઈ, મેં કાંઈ જ લીધું નહોતું.

સ્વામીશ્રીએ ઇન્દ્રવદન(ગાડીચાલક)ને પૂછ્યું, 'તારી પાસે પૈસા છે ?'

'ના, આપે જ ના પાડી હતી કે પૈસા ન રાખવા, ત્યારથી નથી રાખતો.'

સ્વામીશ્રી જરા આકળા થયા. 'તો શું નીકળી પડ્યો છે ? થોડા તો રાખવા જોઈએ ને !'

પેલો ભિખારી હજુ એમ જ ઊભો હતો. સ્વામીશ્રીની નજર હમણાં જ પધરામણીમાં આવેલા કાજુનાં પડીકાં ઉપર ગઈ. સ્વામીશ્રીએ તરત જ તે લઈ લીધું : 'આ તો છે ને !' કહીને ભિખારીની બંને હથેળી ઊભરાઈ જાય તેટલા કાજુ આપી દીધા.

ભિખારીએ એટલી જ દીનતાથી ફરી માંગણી કરી, 'બાબા, બહોત ભૂખા હૂં ઓર ભી દે દો !'

કરુણામૂર્તિ સ્વામીશ્રીએ તેને આખું પડીકું આપી દીધું ! કદાચ તેને વર્ષો પછી જિંદગીમાં પહેલી ને છેલ્લીવાર કાજુ જમવાનો અવસર આવ્યો હશે. તેના મોં પર સંતોષની રેખા જોઈ સ્વામીશ્રીના હોઠ પર સ્મિત ફરકી રહ્યું. એવામાં રમેશભાઈ તપાસ કરીને આવી ગયા. એ જ દવાખાનું હતું. સ્વામીશ્રી પહોંચ્યા ત્યારે દર્દીને ઑપરેશન થિયેટરમાં લઈ ગયા હતા. સ્વામીશ્રી સીધા ત્યાં પધાર્યા. પ્રેમથી આશીર્વાદ આપ્યા. ધૂન કરી. ડૉક્ટર ઉપર પણ ઘણી પ્રસન્નતા વરસાવી. સ્વામીશ્રી ત્યાંથી નીકળ્યા અને મંદિરે પહોંચ્યા ત્યારે કિશોરમંડળનો કાર્યક્રમ શરૂ જ થઈ રહ્યો હતો !

આજે અમે 'કરુણાના મેઘમલાર' વરસતા નજરે નિહાળ્યા. પરને અર્થે જ ક્ષણે-ક્ષણનો ઉપયોગ કરી નાખતા સ્વામીશ્રી લોકજીવનની મૂડી છે, હાર્યાની હૂંફ છે, ગરીબોના બેલી છે અને કરુણાંની હેલી છે. આ દર્શન આજીવન જીવ સાથે જડાઈ ગયું...

* * *

૧૯૮૫માં અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી દ્વિશતાબ્દી મહોત્સવમાં સ્વામીશ્રીનો એક નાનકડો ઉતારો સભામંડપની નજીક જ બનાવવામાં આવ્યો હતો. તા. ૧૨-૧૨-૮૫નો દિવસ હતો. રાષ્ટ્રપતિ જ્ઞાની ઝેલસિંઘ

આવવાના હતા, તેની તૈયારીઓ ચાલી રહી હતી. સ્વામીશ્રીએ કેટલાક મોટેરા સંતોની ઉપસ્થિતિમાં મને બોલાવ્યો. હું પ્રવેશ્યો ત્યારે સ્વામીશ્રી પ્રેમભર્યા આવકાર સાથે હસી પડ્યા. ને વાત શરૂ કરી, 'હમણાં અટલાદરામાં ધર્મજીવન સ્વામી છે, તેમને કેટલીક શારીરિક તકલીફો છે, ને કેટલાય વખતથી કહે છે, તો હવે તમારી પર કળશ ઢળ્યો છે. માટે હવે આ કામ તમારે કરવાનું છે !'

અચાનક થયેલી આ આજ્ઞા હું સફળ રીતે પાળી શકીશ કે કેમ તેની દ્વિધા હતી. સ્વામીશ્રીએ મારી સ્તબ્ધતાને ખંખેરતાં ફરી પૂછ્યું, 'તમને કેમ લાગે છે ?'

'બાપા !' મેં કહ્યું 'આવી (કોઠારી તરીકેની) જવાબદારીમાં મારું કામ નહીં.'

સ્વામીશ્રી ભાવમાં આવીને બોલી ઊઠ્યા, 'તમારે ક્યાં કરવાનું છે ? મહારાજ-સ્વામી- અમો તમારી સાથે છીએ. પછી શું છે ? કાર્ય કરનારા મહારાજ છે, અમારે જ કરવાનું છે. પછી શાનો પ્રશ્ન ?'

સાચી જ વાત છે ! એમને જ કાર્ય કરવાનું છે, તો પછી આજ્ઞામાં ઝુકાવવું જોઈએ... સ્વામીશ્રીએ તે વખતે ખૂબ આશીર્વાદ-બળ-પ્રેરણા અને શિખામણો આપી હતી. આજે તેમની પ્રેરણા-માર્ગદર્શન-હૂંફ અને પ્રેમનો આસ્વાદ પ્રસંગે પ્રસંગે ચખાડીને તેઓ જીવતરને ધન્ય બનાવતા રહ્યા છે.

* * *

અક્ષરવિહારી સ્વામી

લંડન

મુંબઈમાં જૂના અક્ષરભુવનમાં અમારા સંસ્કૃતવર્ગના વિદ્યાર્થીસંતોની 'સરલ સંસ્કૃત પરિચય - ૪'ની પરીક્ષા લેવાઈ. થોડા દિવસમાં સ્વામીશ્રી મુંબઈ પધાર્યા. રાત્રે આરામમાં જતા પહેલાં એમની રૂમમાં બધા સંતો બેઠા હતા ત્યારે અમારી પરીક્ષાનું પરિણામ જાહેર થયું અને સંતોને પોતાની ઉત્તરવહી સ્વામીશ્રીના હસ્તે સ્મૃતિરૂપે પરત કરાઈ. મારું નામ બોલાયું. હું સ્વામીશ્રી પાસે ગયો. સ્વામીશ્રીએ મારી ઉત્તરવહી જોઈ. અને કહ્યું : 'અક્ષર બહુ સારા છે, લાવો બીજા પાંચ માર્કસ્ ઉમેરી આપીએ.' એમ કહીને ૩૬/૫૦ લખેલા તેની બાજુમાં '+૫' લખીને સ્મૃતિ આપતાં ફરી કહે : 'અક્ષર સારા તેના માર્ક પાંચ વધારે !' કેટલી નાની વાતમાં કેવું અજબ પ્રોત્સાહન ! જે સંતોના માર્કસ્ વધારે હતા, તેમની હરોળમાં જ મને પણ મૂકી દીધો. આપણે જાણીએ છીએ કે પરીક્ષામાં ઉત્તરો ઉતાવળથી જ લખાતા હોય છે. મારા પેપરની પણ એજ દશા હતી. જેમાં અક્ષરો પણ સારા ના હોય, તેમ છતાંય સુઘડ અક્ષરો માટેનો પ્રયત્ન થયેલો જોઈને મને અંગત સ્મૃતિ આપી. પોતાની સહી કરતાં લખ્યું : 'શા. નારાયણ સ્વરૂપદાસના જય સ્વામિનારાયણ. તા. ૩-૭-૭૧ !'

આ ઉત્તરવહી આજે મારી પાસે સાચવી રાખી છે. કારણ કે તે કેવળ અકારણ કરુણાની અપૂર્વ સાક્ષી છે.

* * *

ઉનાળાનો સમય હતો. સ્વામીશ્રી બદલપુર ગામે બિરાજમાન હતા. મુંબઈના અમુક સંતો સાથે હું પણ બદલપુર આવ્યો હતો. શરૂઆતનાં વર્ષોમાં સ્વામીશ્રી ખૂબ જ પધરામણી કરતા. બદલપુરમાં ખેતરે ખેતરે પધરામણી કરવાની થતી. સ્વામીશ્રી સાથે ફરવાના લાભ માટે હું અને

બીજા એક સંત સવારથી પધરામણીમાં સેવા કરવા જોડાયા. બંનેના પગમાં ચંપલ કે બૂટ હતા નહીં, તેથી જેમ જેમ ઉનાળાનો ધોમ ધખતો ગયો તેમ તેમ તપેલી રેતીમાં પગ વધારે બળવા લાગ્યા. નાની કેડીના રસ્તે ચાલવાનું આવે ત્યારે કેડીની બંને બાજુમાં ઊગેલાં ઘાસ પર ચાલતા. પણ જ્યારે ઘાસ ન હોય ને એકલી ગરમ ધૂળ જ આવે ત્યારે ઝડપથી ચાલીને અમે કોઈ છાંયાવાળી જગાએ પહોંચી જઈએ, જેથી બળતા પગને કંઈક રાહત રહે. સ્વામીશ્રી આ બધું જોઈ રહ્યા હતા. અમારે તો એમની સાથે રહેવાના લોભે ફરિયાદ કરવાનો તો પ્રશ્ન જ નહોતો પણ બળતા તળિયાને રાહત રહે તે માટે છાના છાના યુક્તિ કરતા રહેતા. સાથેના સૌને પણ ખેતરોમાં સાથે જ ફરવાનું હતું એટલે કોઈના બૂટ કે ચંપલ મંગાય એવું તો હતું જ નહિ. બળતરા જોઈને સ્વામીશ્રી દુખાઈ રહ્યા હતા. પણ તાત્કાલિક કોઈ ઈલાજ નહોતો.

પધરામણીઓ પછી સ્વામીશ્રી સાથે ગાડીમાં બદલપુર મંદિરે પાછા ફરતા હતા ત્યારે અમને કહે : 'હવે તમે બપોરે મંદિરે આરામ કરવા રોકાજો. બીજા સંતોને સાથે પધરામણીમાં લઈ લઈશું.' થોડી ક્ષણો પછી સ્વગત બોલતા હોય તેમ કહે : 'આગળ મોટા શહેરમાંથી ચંપલ લઈ આપીશું !' સાંજે ૪ વાગે સ્વામીશ્રી તો ફરીથી પધરામણી માટે નીકળી ગયા ! બીજા તો બદલાતા રહે પણ તેઓ તો એકના એક ! કાયમ માટે થાક્યા કે કંટાળા વિના ફરતા રહેતા, હરિભક્તોને રાજી કરતા રહેતા. વિચરણમાં બીજાનું ખૂબ જ ધ્યાન રાખતા અને બીજાના દુઃખે દુઃખાઈ જતા. આવું ઘણીવાર અનુભવ્યું છે.

* * *

અમદાવાદમાં ૧૯૮૧માં ભગવાન સ્વામિનારાયણ દ્વિશતાબ્દી મહોત્સવ ઉજવાયો હતો. જેમાં મારી સેવા પાણી વિભાગમાં હતી. 'સ્વામિનારાયણ નગર'માં જ્યાં 'છપૈયાપુરમ્' (ઉતારાના ટેન્ટ)ની રચના કરી હતી, તેને અડીને એક ઊંચો ટેકરો હતો. આ ટેકરાનો લાભ લઈને અમે એક ગોળ ઊંચો પાણીનો હોજ બનાવ્યો હતો. જેથી ટેકરા ઉપરની ઊંચાઈને કારણે ઉતારાના અમુક વિસ્તારમાં પાણી આપોઆપ સહેલાઈથી પહોંચતું. હૉજની ફરતી ધૂળ દાબીને તેને ઢાળ આપ્યો હતો, જેથી હૉજ ભરેલો હોય ત્યારે

પડે તેટલા ભેગા કરી આપજો. એકલા માણસથી પહોંચાય તેવું નથી. પછી પાણી વિભાગવાળા જે સંતે આ કામ માથે લીધું હતું તેમને પણ તૈયાર કર્યા અને કહ્યું : 'રાતોરાત કામ પતાવી આપો અને રસોડું સવારે ચાલુ કરી આપો. સ્વામીશ્રી મારી સામું જોઈ રહ્યા. એમણે મદદ કરી પણ ઠપકો ન આપ્યો. મને તો આનંદનો પાર ન રહ્યો. મનોમન સ્વામીશ્રીનો ખૂબ ખૂબ આભાર માન્યો.

મિટિંગ પછી સૌ કામે લાગી ગયા અને સવાર થતા તો લાઇન તૈયાર થઈ ગઈ. પણ જો એ મિટિંગમાં-સ્વામીશ્રી હાજર ન હોત તો હું અસહાય પણે શું કરી શકત ? તે કલ્પી પણ શકતો નથી. સ્વામીશ્રીએ સૌને જે પ્રેરણા કરી અને પોતાનું જાણીને જે મદદ કરવા પ્રેર્યા, તે અન્યથી ના થાત. એટલું જ નહીં, એ કાર્ય માત્ર ગણ્યા ગાંઠ્યા પાણી વિભાગના સ્વયંસેવકોથી પણ રાતોરાત તો ના જ થાત. સ્વામીશ્રીએ પાણી વિભાગની અને મારી લાજ રાખી, સંકટ સમયે - ટાણે આવીને ઊભા રહ્યા અને એમણે જ કાર્ય પૂરું કરી આપ્યું.

* * *

ભગવાન સ્વામિનારાયણ દ્વિશતાબ્દી મહોત્સવ, એપ્રિલ ૧૯૮૧માં અતિ ભવ્યતાથી ઊજવાઈ ગયો. ઉત્સવ પૂરો થયો, પછી થોડા દિવસમાં તો આખું 'સ્વામિનારાયણ નગર' સમેટાઈ ગયું. 'સહજાનંદ સભાગૃહ' ની મોટી મોટી વળિયો પણ જમીનમાંથી ખોદીને કાઢીને લેવાઈ ગઈ હતી. 'નગર'ને ફરતી સુરક્ષા માટે પતરાની બૉર્ડર પણ લેવાઈ ગઈ અને ફક્ત રહ્યા હતા ઉનાળાના લૂ વાતા વાયરામાં ઊડાઊડ કરતા છાપાંના કે કચરાનાં કાગળિયાં અને સ્મૃતિઓ. સૂનકાર અને ભેંકાર સિવાય કાંઈ જ રહ્યું ન હતું. જ્યાં હજારો ભાવિકોની ભીડ જામતી ત્યાં હવે નિર્જનતા કઠતી હતી. કામ કરવુંય ગમતું ન હતું, પણ પાણી વિભાગની પાઇપો કાઢીને થાળે પાડવાની હતી. હવે તો છેલ્લું રસોડું ભરવાડ હૉસ્ટેલને અડીને હતું, તે પણ આજે બંધ થયું. લગભગ અઠવાડિયું થયું હશે. સ્વામિનારાયણ નગરની સ્મૃતિઓ કરાવતી ફક્ત સૂકી નાળિયેરીની બે લાઇનો જ ઊભી હતી, ન ધણિયાતી, જેને જોઈએ તેને લઈ જવાની છૂટ હતી.

સવારથી સાંજ સુધી અમે થોડા સંતો ત્યાં જ રહેતા અને સેવા કરતા.

આજે છેલ્લા દિવસે સત્સંગિજીવન સ્વામી તથા હું ત્યાં રોકાઈને સેવા કરતા હતા. બપોરે લગભગ ૪.૩૦નો સમય થયો હશે. સ્વામીશ્રી ઍમ્બેસેડર ગાડીમાં પધાર્યા. હું હૉસ્ટેલની પાછળ કામ કરતો હતો તેથી ખબર નહોતી. સેવા પતાવીને આગળ ગયો ત્યાં સત્સંગિજીવન સ્વામી સાથે સ્વામીશ્રી ગાડીમાં બેઠા બેઠા જ વાતો કરતા દેખાયા. ગાડી ચાલુ થઈ અને ઉપડવાની તૈયારીમાં હતી, તેથી હું દોડ્યો અને સ્વામીશ્રીની નજીક જઈને હાથ જોડી પગે લાગ્યો. છેલ્લાં દર્શન થઈ ગયાં. સ્વામીશ્રીએ માથે હાથ મૂકી આશીર્વાદ આપ્યા અને પૂછપરછ કરી. આખા સમૈયા દરમ્યાન નગરમાં ક્યાંય શાંતિથી દર્શન થયાં ન હતાં. તે અત્યારે નગરની ભૂમિ પર છેલ્લી સ્મૃતિ આપી દીધી.

સ્વામીશ્રીએ છેલ્લીવાર 'સ્વામિનારાયણ નગર' છોડ્યું પછી પાછા ક્યારેય આવ્યા નહિ. ગાડી રાણીપ તરફ ધીમી ગતિથી જતી અદશ્ય થઈ ત્યાં સુધી અમે બે સંતો ગાડીને જોતા રહ્યા.

સ્વામીશ્રી જાણે મારા માટે જ આવ્યા ના હોય, એમ ચિરંજીવ સ્મૃતિ હૃદયમાં સ્થાપી દીધી. હૃદયમાં શાંતિ શાંતિ થઈ ગઈ અને નગરમાં સેવા કર્યાનો સંતોષ આ દર્શન માત્રે થઈ ગયો !

* * *

સ્વામીશ્રી સારંગપુરમાં બિરાજમાન હતા. પ્રાતઃપૂજા બાદ મંદિરે દર્શને પધાર્યા. બોટાદના વયોવૃદ્ધ ભક્તરાજ મગનભાઈ ભડલીવાળા મંદિરમાં જ ઊભા હતા. સ્વામીશ્રી પધાર્યા એટલે તેમણે બુલંદ અવાજે બધી જય બોલાવી અને મૂર્તિનું કીર્તન ગાયું. સ્વામીશ્રીએ રાજી થકા આશીર્વાદ આપ્યા. પછી રંગમંડપમાં દર્શન કરી હનુમાનજીનાં તથા ગણપતિનાં દર્શન કરતા હતા ત્યારે ફરીથી મગનભાઈ ભડલીવાળાએ જય બોલાવી અને પગે લાગ્યા. સ્વામીશ્રીએ તેમને માથે હાથ મૂકી આશીર્વાદ આપ્યા અને એમની ભક્તિથી રાજી થઈ, એટલું જ બોલ્યા, 'વાહ !' પછી પગથિયાં ઊતરી શાસ્ત્રીજી મહારાજના સ્મૃતિ મંદિર તરફ ચાલ્યા. આજુબાજુ સંતો-હરિભક્તોની ભીડ હતી.

જેવા સ્વામીશ્રી પગથિયાં ઊતર્યા અને આ બાજુ મગનભાઈ ભડલીવાળાને હાર્ટએટેક આવ્યો અને ઢળી પડ્યા, બેહોશ થઈ ગયા, મોઢે

ફીણ આવ્યાં. હું, ડૉ. કનુભાઈ ધાનાણી તથા થોડા હરિભક્તો ત્યાં જ હાજર હતા. ડૉ. કનુભાઈ ધાનાણીએ તેમની નાડી તપાસી. ચિહ્નો જોઈને કહ્યું : 'મગનદાદા નહિ રહે.' મેં મારું ભગવું ગાતરિયું આપ્યું અને કહ્યું કે 'આમાં ઊંચકીને એમને ટાવરવાળા ગેસ્ટ હાઉસની એક રૂમમાં લઈ જાવ, હું તેની ચાવી લઈ આવું છું.'

અમે મગનદાદાને રૂમમાં સુવાડ્યા ત્યાં જ તેમણે છેલ્લો શ્વાસ છોડ્યો. તેમના સંબંધીઓ હાજર થઈ ગયા હતા. સ્વામીશ્રીને પણ સ્મૃતિ મંદિરેથી પાછા આવતાં આ સમાચાર મળી ગયા હતા. મેં મંદિર આગળ જ સ્વામીશ્રીને પૂછ્યું, 'હવે શું કરવું ?

સ્વામીશ્રીએ કહ્યું : 'ચાલો, હું ત્યાં આવું છું.' પછી ચાલતાં ચાલતાં જ સાથેના સંતને હાર, નવી કંઠી તથા કંકુ ત્યાં લાવવા કહ્યું. અમે રૂમે પહોંચ્યા. તેમના દેહને ભગવા કપડામાં ઓઢાડ્યો હતો. સ્વામીશ્રીએ ધૂન કરી નવી કંઠી પહેરાવી, ચાંદલો કર્યો તથા હાર પણ જાતે જ પહેરાવ્યો. તેમના સંબંધીઓને આશ્વાસન આપી બળનાં વચનો કહ્યાં અને કહ્યું કે 'મંદિરની ગાડી આવે છે તેમાં મગનદાદાને બોટાદ લઈ જઈને અગ્નિ સંસ્કાર કરજો.'

સ્વામીશ્રીની હાજરીમાં અને મંદિર જેવા તીર્થમાં મગનદાદા ધામમાં ગયા હોવાથી સગાં સંબંધીઓને ઘણી ધીરજ હતી. એક પ્રકારનો સંતોષ પણ હતો કે સ્વામીશ્રીની હાજરી અને ઠાકોરજીનાં ચરણોમાં આવું દિવ્ય મૃત્યુ ક્યાંથી ?! આવા કપરા પ્રસંગમાં મોટા પુરુષનું સાંનિધ્ય કેટલી હૂંફ અને કેટલી શાતા આપી જાય છે તે પ્રત્યક્ષ અનુભવ્યું.

* * *

સ્વામીશ્રી શ્રાવણ મહિનામાં અમદાવાદ મંદિરે બિરાજતા હતા. હિંડોળા ઉત્સવ માટે અમે મંદિરના ભંડકિયામાં રાખડીના હિંડોળાની તૈયારી કરતા હતા. સાંજનો સમય થયો હતો. સંધ્યા આરતીમાં રાખડીના હિંડોળાનું ઉદ્‌ઘાટન કરવું એવો અમારો સંકલ્પ હતો. હિંડોળો તો મંદિર ઉપર મુકાઈ ગયો હતો, પણ ફક્ત રાખડીનું ઝુમ્મર મૂકવાનું બાકી હતું. અમે છેલ્લી સજાવટ કરી રહ્યા હતા. ત્યાંજ આરતીનો ઘંટ વાગ્યો. થોડી ક્ષણોમાં સ્વામીશ્રી બે ત્રણ સંતો સાથે ભંડકિયામાં પધારી ગયા. અહીંથી જો નિજ -

મંદિરમાં પધારે તો પૂજારી આરતી ઉતારી દે ને હિંડોળો અધૂરો રહે... આ વિચારમાં હતા ત્યાં જ સ્વામીશ્રીએ પૂછ્યું, 'શું કરો છો ?'

'સ્વામીબાપા ! થોડીવાર, બે ત્રણ મિનિટ અહીં ઊભા રહો ને ! અમે આ ઝુમ્મર તૈયાર કરી દઈએ. નહિ તો તમે ઉપર જશો, પછી પૂજારી સ્વામી રાહ નહિ જુવે, આરતી પ્રગટાવી જ દેશે...' મેં કહ્યું...

સ્વામીશ્રી તો અતિ સરલ ! ઊભા રહ્યા. અમે ઝડપથી ઝુમ્મરનું કામ પૂરું કર્યું.. ઉપર લઈને તરત હિંડોળામાં ઠાકોરજી ઉપર લટકાવી દીધું. આ ઝુમ્મરથી આખા હિંડોળાની શોભામાં ઓપ આવી ગયો. પાછળ પાછળ સ્વામીશ્રી પણ મરક મરક હસતા આવી ગયા. રાખડીના હિંડોળો હીંચકાવીને ઠાકોરજીની આરતી ઉતારી. પિતા જેમ પોતાના દીકરાનું કહ્યું કરે છે, તેમ સ્વામીશ્રીએ પણ અમારું કહ્યું કર્યું ! 'સરલં સુહૃદં...' આ પંક્તિઓ સ્વામીશ્રીએ સાર્થક કરી.

* * *

જ્ઞાનયજ્ઞ સ્વામી
અમદાવાદ

ધર્મધુરા ધારણ કર્યા પછી સ્વામીશ્રી પ્રથમવાર ૧૯૭૪માં યુ. કે. પધાર્યા હતા. એ ધર્મયાત્રામાં અમે કેટલાક યુવકો લંડન ખાતે તમામ પ્રકારની સેવામાં જોડાયા હતા. સ્વામીશ્રીનો ઉતારો ફૉરવેઝમાં એક હરિભક્તના ઘરે રાખવામાં આવ્યો હતો.

એક દિવસ સ્વામીશ્રી બપોરે આરામ બાદ જાગ્યા ત્યારે અમે દર્શને ગયા. સ્વામીશ્રી નખ કાપી રહ્યા હતા. એવામાં સભાસ્થળે જવાનો સમય થઈ ગયો અને સ્વામીશ્રી ડૉ. કારિયાની ગાડીમાં બિરાજ્યા. હજુ નખ કાપવાના બાકી હતા તેથી નેઈલ કટર સાથે જ રાખ્યું. Acton Town Hallમાં સભા શરૂ થઈ ગઈ હતી. સ્વામીશ્રી હૉલમાં પધાર્યા કે તરત હું ગાડી પાસે ગયો. ડૉ. કારિયાને કહ્યું : 'સ્વામી અંદર નખ કાપતા હતા, તે એકાદ પડી ગયો હોય તો જરા જુઓ ને ! મારે સ્મૃતિ માટે જોઈએ છે.' જો કે નખ મળ્યો નહીં. હું હૉલમાં આવી ગયો. સ્વામીશ્રીનાં આશીર્વચન શરૂ થયાં. પણ માઇક વારે વારે નમી જતું હતું. હું સ્વામીશ્રીના આસન પાસે નીચે બેસી ગયો ને માઇકનું સ્ટેન્ડ પકડી રાખ્યું. આ દરમ્યાન મેં જોયું કે સ્વામીશ્રીએ છેક મૂળમાંથી આંગળીઓના નખ કાપ્યા હતા. આશીર્વાદને અંતે મેં કહ્યું : 'સ્વામી ! આપના હાથ બતાવો તો !'

સ્વામીશ્રીએ હાથ ધર્યા, એટલે મેં કહ્યું : 'આટલા ઊંડા નખ કાપો છો, તે બળે નહીં ?'

સ્વામીશ્રી ક્ષણાર્ધ માટે મારી સામે જોઈ રહ્યા. ને કહે : 'આપણે જાતે કાપીએ એટલે કાંઈ ન થાય.' પછી એકદમ કહે : 'આપણે નખ-કેશમાં (પ્રસાદીની વસ્તુમાં) માલ ન માનવો ! આપણે આજ્ઞા પાળી લેવી. સાધુ થઈ જવું.' એમ બોલતાં બોલતાં મંચનાં પગથિયાં મારો હાથ પકડીને ઊતરી

ગયા ! સ્વામીશ્રીને ખ્યાલ પણ નહોતો કે મેં એમના નખ મેળવવા કંઈક યત્ન કર્યો હતો ! પરંતુ અંતર્યામીથી શું છુપાવી શકાય ?

ગુરુપદે, છતાં જાતે નખ કાપવાના ! ચાલુ ગાડીએ સમયનો સદુપયોગ કરવાનો અને સાથે ભગવાનની આજ્ઞામાં જીવને જોડીને ભક્તિમાંથી નીપજતી વેવલાશને દૂર કરી અંતરમાં ભક્તિનું ગૌરવ સર્જવાનું ! આવા અંતિમો સ્વામીશ્રીમાં પળે પળે સાંપડ્યા કરશે.

* * *

સ્વામીશ્રી સંતોના સંઘ સાથે ૧૯૭૯માં નેપાળ અને ઉત્તરનાં કેટલાંક તીર્થોની યાત્રાએ પધાર્યા હતા.

તા. ૨-૫-૭૯ના રોજ નૌકા દ્વારા આદિવરાહ જવાનું હતું. સૌ સંતો સ્વામીશ્રી સાથે નૌકામાં જઈ રહ્યા હતા. યાત્રાધામોની સ્મૃતિ ચાલી રહી હતી.

કૃષ્ણપ્રિય સ્વામી કહે : 'બાપા ! અમે જગન્નાથપુરી ગયા. ત્યાં ઠાકોરજી પાસે જઈ પગે લાગવું હોય તો બ્રાહ્મણો માણસ દીઠ દોઢ રૂપિયો લે છે ! એટલે અમે તો મંદિરે ગયા. પણ દૂરથી દર્શન ! પૈસા વળી ક્યાં આપાવવા ?!'

સ્વામીશ્રી સહસા બોલી ઊઠ્યા : 'દોઢ શું, પાંચ આપવા પડે તો આપાવી દેવા ! મહારાજ ત્યાં ગયા છે. મહાપ્રસાદીનું સ્થાન છે. તેમાં પૈસાનું કાંઈ જોવું નહીં.'

આ એમની પ્રભુપ્રધાનતાની વિલક્ષણ ક્ષણ હતી. આવી ક્ષણોના સાક્ષી બનવાનું સૌભાગ્ય અનેકવાર પ્રાપ્ત થયું છે.

એકવાર તા. ૬-૭-૮૩ના રોજ સ્વામીશ્રી અમદાવાદમાં બિરાજમાન હતા. બપોરે ઠાકોરજી જમાડ્યા. રોજ પ્રમાણે સ્વામીશ્રી દવાની ટૅબ્લેટ ગળી રહ્યા હતા. સ્વામીશ્રીની એક સ્વાભાવિકતા છે કે મોંમાં ગોળી લઈ પાણી સાથે ઊંચે જોતાં જોતાં દવા ગળી જાય. આજે પણ એ રીતનું પુનરાવર્તન થયું. આથી સામે બેઠેલા સંતોએ સામ સામે જોઈ સ્મિત કર્યું. સ્વામીશ્રીની ચકોર નજરે એ નોંધાઈ ગયું એટલે વિરાગ ભગત કહે : 'પાર્ષદો પૂછે છે કે ગોળી તો સીધી જ ગળી જવાય, તેને બદલે ઊંચું જોઈને આપ ગોળી કેમ ગળો છો ?'

સત્વરે સ્વામીશ્રીએ ઉત્તર કર્યો : 'ઉપર ભગવાન હોય છે, એમ કહે છે ને ! લોકો કહે છે કે ભગવાન ઉપર હોય. એટલે ગોળી લેતાં એમને જોઈ લઈએ છીએ !'

ભગવત્-અનુસંધાનની આવી પળો આપણી સ્મૃતિને કાયમ માટે પાવન બનાવ્યા કરે છે, અને આપણી જિંદગીને સદાને માટે પવિત્ર કર્યા કરે છે ! આવું સ્વામીશ્રીનું સહજાનંદમય જીવન છે !

* * *

૧૯૭૩, મુંબઈમાં સ્વામીશ્રી જૂના અક્ષરભવનમાં બિરાજતા હતા. એક દિવસ સવારે સ્નાન કરી, ત્રીજે માળે પૂજા કરવા જતા પહેલાં નીચેના હૉલમાં ઠાકોરજીનાં દર્શને પધાર્યા. તે સમયે તે હૉલમાં કેટલાક સંતો, પાર્ષદો અને યુવકો પૂજા કરી રહ્યા હતા. સ્વામીશ્રી હૉલમાં પ્રવેશીને પૂજા કરી રહેલા તમામને એક પછી એક નીચા નમી નમી પગે લાગ્યા. હું પણ ત્યાં પૂજા કરી રહ્યો હતો. સ્વામીશ્રી છેલ્લે મને પણ નીચા નમી ચરણ-સ્પર્શ કરતા હોય એ રીતે પગે લાગ્યા ! મેં મારી પૂજાની મૂર્તિઓ બતાવતાં કહ્યું : 'હું ઘણાં સમયથી આ મૂર્તિઓની પૂજા કરું છું, પણ મૂર્તિઓ હજી સુધી પ્રસાદીની થઈ નથી.' સ્વામીશ્રી તરત જ ફરી નીચા નમ્યા અને પૂજામાં બિરાજેલ અક્ષરપુરુષોત્તમ મહારાજ, ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજની મૂર્તિનો ચરણસ્પર્શ કરી, હાથ પોતાની આંખોએ અડાડી, ઠાકોરજીનાં દર્શને પધાર્યા.

* * *

૧૯૭૩, ખારવા. (જિ. સુરેન્દ્રનગર) હું અહીં સ્વામીશ્રી સાથે પધરામણીમાં જોડાયો હતો. ભાદરવાનો ઉત્કટ તાપ હતો; ઘણી બધી પધરામણીઓ થઈ ચૂકી હતી; હું ખૂબ થાક્યો હતો; પધરામણીમાં એક ઘરે હું કરમાઈ ગયો હોઉં એ રીતે સૂનમૂન થઈને બેઠો હતો.

સ્વામીશ્રી કહે : 'આ ગામનું નામ શું છે ?'

મેં કહ્યું : 'ખારવા.'

સ્વામીશ્રીએ ફરી પૂછ્યું : 'શું નામ છે ?'

મેં અક્ષરો છૂટા પાડીને કહ્યું : 'ખા-ર-વા.'

સ્વામીશ્રી કહે : 'એમાંથી 'ર'નો લોપ થઈ જાય તો શું કહેવાય ?'

મેં કહ્યું : 'ખા-વા એમ કહેવાય.'

સ્વામીશ્રી કહે : 'ખા એટલે ખાવું અને વા એટલે પવન.'

પછી બાજુમાં પડેલો હાથપંખો (વીંઝણો) બતાવતાં કહે : 'આ ગામ આપણને કહે છે કે પવન ખા, માટે આ પંખો લઈ ઠાકોરજીને પવન ખવડાવો.'

આ રીતે સ્વામીશ્રી પધરામણીમાં હળવી ગમ્મત સાથે થાક દૂર કરાવી સેવામાં પ્રવૃત્ત કરાવી શકે છે એ પણ એમની એક કળા છે.

*

૧૯૭૬માં સ્વામીશ્રી મુંબઈ બિરાજતા હતા. એ સમયે દર સુદ નોમને દિવસે ભગવાન સ્વામિનારાયણ દ્વિશતાબ્દી મહોત્સવ નિમિત્તે પ્રભાતફેરીનું આયોજન થતું.

આજે સુદ નોમ હતી. સ્વામીશ્રી વહેલી સવારે સ્નાન કરી ૬ વાગે પ્રભાતફેરીમાં પધાર્યા હતા. પ્રભાતફેરી પૂરી થયા બાદ મંદિરે આવી સ્વામીશ્રી પુનઃ સ્નાન કરવા પધાર્યા. સ્નાન કરવા જતી વખતે સ્વામીશ્રી સેવક સંત દેવચરણ સ્વામીને કહેતા ગયેલા : 'મારું ધોતિયું ફાટી ગયું છે તે નાહીને પાછો આવું ત્યાં સુધીમાં સંધાવી રાખજે.' સ્વામીશ્રી નાહીને પાછા પધાર્યા, તે વખતે દેવચરણ સ્વામીએ એકસ્ટ્રા ધોતિયું હતું તે સ્વામીશ્રીને આપ્યું.

સ્વામીશ્રી કહે : 'સાંધવા આપેલું તે ધોતિયું ક્યાં છે ?'

દેવચરણ સ્વામી કહે : 'અત્યારે આ ધોતિયું પહેરી લો. પેલું ધોતિયું આજે દિવસ દરમ્યાન સંધાવી રાખશું. કાલે તે પહેરજો.'

સ્વામીશ્રી કહે : 'અત્યારે જ સંધાવી લાવ ! મારે તે જ ધોતિયું પહેરવું છે.'

દેવચરણ સ્વામી કહે : 'પણ અત્યારે કોની પાસે સંધાવવું ?'

સ્વામીશ્રી કહે : 'પેલા શામજી ભગત (તે સમયે પાર્ષદમાં મારું નામ શામજી ભગત હતું) સાંધવાવાળા છે ને ?'

દેવચરણ સ્વામી કહે : 'પણ અત્યારે એને ક્યાં શોધવા ? અહીં તપાસ

કરી પણ મળતા નથી.'

સ્વામીશ્રી કહે : 'ગમે ત્યાંથી શોધી કાઢ; એ મંદિર છોડી થોડા જતા રહ્યા છે ?' આ વખતે હું (શામજી ભગત) નીચે ઑફિસમાં બેઠો હતો. બે યુવકો મને શોધતાં શોધતાં ત્યાં આવ્યા, અને કહે : 'તમને સ્વામીશ્રી જલદી ઉપર બોલાવે છે, ધોતિયું સાંધવાનું છે.' હું દોડતો બીજે માળ પહોંચ્યો. સ્વામીશ્રી બાથરૂમની સામેની રૂમમાં ઊભા હતા. તેઓ સ્નાન કરી જે કટકો પહેરીને આવેલા તે જ કટકો પહેરીને ઊભા હતા. હું ધોતિયું સાંધવા માટે લઈ ગયો. ધોતિયું સાંધીને પાછો આવ્યો ત્યાં સુધી સ્વામીશ્રી તે જ સ્થિતિમાં ઊભા રહ્યા હતા ! સ્વામીશ્રી સંધાયેલું ધોતિયું પહેરીને જ પ્રાતઃપૂજા કરવા પધાર્યા.

સ્વામીશ્રીને ધોતિયું સંધાવા જેવું સામાન્ય કામ પણ બીજા દિવસ પર ઠેલવું, તે રુચતું નથી. 'કલ કરે સો આજ કરે, આજ કરે સો અબ.' અને સાથે સાથે સાદગી અને સરળતાપણ કેવી !!

પ્રમુખસ્વામી મહારાજે સંસ્કૃત અભ્યાસને આપેલું પ્રોત્સાહન

૧૯૭૧, મુંબઈમાં સંસ્કૃત ભણવાનો પ્રારંભ કર્યો. સંસ્કૃત શિક્ષણની પહેલી પુસ્તિકા 'બાલબોધ'ની પરીક્ષા લેવાઈ. ૫૦ માર્કમાંથી ૩૧ માર્ક મળ્યા. ભણવામાં કંટાળો આવતો, ગોખવાનું કપરું લાગતું. પહેલી પરીક્ષા પાસ કરીને તરત જ સ્વામીશ્રીને પત્ર લખ્યો : 'સંસ્કૃત ભણી શકાય તે પ્રકારની બુદ્ધિ, ગોખણ-શક્તિ મારી પાસે નથી, માટે સંસ્કૃત ભણવામાં ટાઈમ બગાડવો તે યોગ્ય લાગતું નથી; સંસ્કૃત ભણવાનું બંધ કરી બીજી કોઈ પ્રવૃત્તિ-સેવામાં કે ગામડે ફરવામાં જોડાઈ જવું તે વધારે યોગ્ય લાગે છે; આપ જે મંદિરમાં મૂકશો ત્યાં જઈશ અને જે પ્રવૃત્તિ-સેવા સોંપશો તે રાજીખુશીથી કરીશ અથવા જ્યાં અને જેની સાથે મૂકશો તેની સાથે ગામડે ફરીશ; તો તે અંગે આપ જણાવવા કૃપા કરશો.'

સ્વામીશ્રીએ પત્ર દ્વારા જણાવ્યું : 'આપ બળ રાખશો. માર્ક સારા મળશે. પૂ. બાપાના આશીર્વાદ છે. આચાર્ય થવાનો સંકલ્પ રાખવો અને તમોને યાદશક્તિ વધશે. કોઠારી સ્વામી દાખડો કરે છે તો જોગ સારો છે માટે કાર્ય કરી લેવું. રાજી રહેશો. અત્રે દર્શન કરી પ્રાર્થના તમારી કરી છે તો રાજી રહેશો. તમામને જયસ્વામિનારાયણ.' આ પત્ર વાંચી આચાર્ય થવાના

સંકલ્પમાત્રથી હતાશા વ્યાપી ગઈ. છેક બાર વર્ષે આચાર્ય થવાય ! ત્યાં સુધી ભણ્યા જ કરવાનું ? આવું ન ફાવે ! સ્વામીશ્રીને મળવાનું થશે ત્યારે રૂબરૂ વાત કરીશ. આવા વિચારો સાથે મહા કંટાળાજનક સંસ્કૃત અભ્યાસ જેમ-તેમ ચાલુ રાખ્યો.

એ પછી થોડા જ સમયે સ્વામીશ્રી મુંબઈ પધાર્યા. સંસ્કૃત અભ્યાસ છોડી દેવા અંગે હું સ્વામીશ્રી સાથે વ્યક્તિગત બેઠો. મેં જણાવ્યું : 'આ જમાનામાં સંસ્કૃતના અભ્યાસથી કંઈ જ લાભ નથી અને સંસ્કૃત ભણતા પણ ફાવતું નથી, માટે તેમાં શક્તિનો દુરુપયોગ થઈ રહ્યો હોય તેવું જણાય છે, સંસ્કૃત ભણવાનું બંધ કરી અંગ્રેજી અથવા સંગીત શીખીએ કે બીજી કોઈ પ્રવૃત્તિ કરીએ તો વધારે લાભ થાય.'

સ્વામીશ્રીએ કહ્યું : 'આપણે જમાનાનું શું કામ છે ! જમાનાને ગમે કે ન ગમે, આપણે બીજા કોઈ માટે થોડા સંસ્કૃત ભણીએ છીએ ! આપણે તો બાપાને ગમે છે માટે સંસ્કૃત ભણવાનું, બાપા રાજી થાય એ જ મોટો લાભ છે.'

મેં કહ્યું : 'પણ સંસ્કૃત ભણવાને અનુરૂપ બુદ્ધિશક્તિ નથી તેનું કેમ કરવું ?'

સ્વામીશ્રીએ કહ્યું : 'આપણે એવું ક્યાં કહીએ છીએ કે અમુક પ્રકારનું જ ભણો ! પણ જેટલી શક્તિ છે તેટલું, જેટલું ને જેવું ફાવે તેવું ભણવું; બાપા માટે ભણવું પણ અભ્યાસ મૂકવો નહીં.'

સ્વામીશ્રીના આટલા શબ્દોએ બુઝાતા અભ્યાસ-પ્રદીપની દિવેટ સંકોરી આપી, દિવેલ પૂરી આપ્યું. પરંતુ કાળક્રમે પ્રકાશી રહેલા અભ્યાસ પ્રદીપમાં દિવેલ ખૂટ્યું, દિવેટ પણ બળીને રાખ થઈ ગઈ. નિશ્ચય કરી લીધો કે સ્વામીશ્રી સ્વીકારે કે ન સ્વીકારે પણ સંસ્કૃત ભણવું જ નથી !

સ્વામીશ્રી મુંબઈ પધાર્યા. મેં સ્વામીશ્રીને જણાવ્યું : 'હું સંસ્કૃત અભ્યાસથી ખૂબ મુંઝાઈ ગયો છું. હવે ભણવું જ નથી.'

સ્વામીશ્રીએ કહ્યું : 'તો હવે શું કરવું છે ?'

મેં કહ્યું : 'આપની સાથે વિચરણમાં જોડાવું છે.' સ્વામીશ્રીએ આ વાતને સ્વીકારી અને (૧૯૭૩માં) અભ્યાસનો સદંતર ત્યાગ કરી સ્વામીશ્રીની સાથે 'માન ન માન પણ તેરા મહેમાન'ની જેમ વિચરણમાં જોડાઈ ગયો.

વિચરણ દરમ્યાન સ્વામીશ્રીએ એક દિવસ સારંગપુરમાં શાસ્ત્રીજી મહારાજની રૂમની પાછળના ચોકમાં લીંમડા નીચે ઊભા ઊભા મને પૂછ્યું :

'હવે કેમ છે ? હવે ફાવે છે ને ?'

મેં કહ્યું : 'હવે બહુ સારું છે અને કાયમ આવું ને આવું જ રહે તે પ્રાર્થના !'

સ્વામીશ્રીએ ધીમે રહી કહ્યું : 'એક કામ કરો, તમે જે સંસ્કૃતનાં પુસ્તકો ભણતા હતા તે પુસ્તકો મુંબઈથી મંગાવી લો.'

હું ચમક્યો ! મેં કહ્યું : 'હવે ભણવું જ નથી તો પુસ્તકોને શું કરવા છે?'

સ્વામીશ્રીએ કહ્યું : 'ભણવું નથી એ તો બરાબર છે, પણ આપણે મહેનત કરી જેટલું ભણ્યા છીએ અને જેટલું ગોખ્યું છે તે ભુલાઈ ન જાય ને કામ લાગે એટલે કહું છું, પણ નવું ભણવાનું નથી. પુસ્તકો સાથે હોય તો જૂનું જે ભણ્યા છીએ તેનું ટાઇમ મળે ત્યારે પુનરાવર્તન કરી શકાય ને તે તાજું રહે. વળી અનુપમ ભગત (ભગવત્પ્રિય સ્વામી - હાલ, કલકત્તા) વિચરણમાં આપણી સાથે છે તો કાંઈ ન સમજાતું હોય તો તેઓને પણ પૂછી શકાય. અમે પધરામણીએ જઈએ ત્યારે તમારે ઉતારે પુસ્તકો લઈ અનુપમ ભગત સાથે બેસવું, જે બે શબ્દ શીખાયા તે સાચા.'

મને આ વાત ગળે ઊતરી ગઈ. પુસ્તકો મગાવ્યાં. મુંબઈથી કોઠારી સ્વામીએ 'लघुसिद्धान्तकौमुदी' 'रूपचन्द्रिका' 'नीतिशतकम्' વગેરે પુસ્તકો મોકલી આપ્યા. વિચરણ દરમ્યાન ઇચ્છા થાય ત્યારે પાનાં ફેરવતો અને ક્યારેક અનુપમ ભગત પાસે પણ પુસ્તકો લઈ બેસતો.

સ્વામીશ્રી વિચરણ દરમ્યાન આજ્ઞાપાલનના મહિમાની હૃદયવેધક વાતો ખૂબ કરતા. વારંવાર આવી વાતો સાંભળી મને થોડો કેફ ચડી ગયો, અન્તઃકરણમાં નક્કી કર્યું કે સ્વામીશ્રી જે મંદિરમાં મૂકે કે જે સેવા સોંપે તે રાજીખુશીથી કરવી અને સ્વામીશ્રીની આજ્ઞા મુજબ જ જીવન જીવવું.

એક દિવસ ગોંડલમાં સ્વામીશ્રીએ મને પૂછ્યું : 'હવે શું કરવું છે ?'

મેં કહ્યું : 'આપ કહો તેમ કરવું છે.'

સ્વામીશ્રીએ કહ્યું : 'અમે કહીએ છીએ કે મુંબઈ જાઓ અને પાછું સંસ્કૃત ભણવાનું ચાલુ કરી દો.' મેં સ્વીકાર્યું. સ્વામીશ્રીએ રાજી થઈ આશીર્વાદ આપતાં કહ્યું : 'આપણે હવે થોડા દિવસોમાં જ કચ્છની પંચતીર્થી

કરવાની છે, તેમાં મુંબઈથી પણ સંતો આવવાના છે. પંચતીર્થી કરી અમદાવાદ કળશનો સમૈયો કરી મુંબઈના સંતો સાથે મુંબઈ જજો અને સંસ્કૃતનો અભ્યાસ ચાલુ કરી દેજો.'

સ્વામીશ્રીના આદેશ મુજબ હું મુંબઈ ગયો અને સંસ્કૃતનો અભ્યાસ ફરી ચાલુ કર્યો. 'ગઢવી ઘેરના ઘેર', 'ફેરો ફરીને પાછો ઘરનો રે ઘરમાં...' સ્વામીશ્રીએ ચાર મહિના સાથે રાખી ખૂબ જ પ્રેમથી, ધીરજથી, યુક્તિથી, બળભરી વાતો કરી બુઝાયેલા અભ્યાસ-પ્રદીપને પુનઃ પ્રજ્વલિત કર્યો. અને અવારનવાર પત્રો દ્વારા પણ દિવેટ સંકોરતા રહ્યા અને દિવેલ પૂરતા રહ્યા.

૭ સપ્ટેમ્બર, ૧૯૮૧માં સ્વામીશ્રીનું ગોલબ્લેડરનું ઑપરેશન થયું હતું તે વખતે તેઓ મુંબઈ ખંભાલા હિલ હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા હતા. ઑપરેશન બાદ સ્વામીશ્રીનાં દર્શનની વ્યવસ્થા સંતો માટે કોઠારી સ્વામીએ વારા પ્રમાણે ગોઠવી હતી. રોજ થોડા થોડા સંતો વારા પ્રમાણે દાદર મંદિરથી હૉસ્પિટલે દર્શને જતા. કોઠારી સ્વામીએ દર્શનાર્થી સંતોને ખાસ સૂચના આપેલી કે 'હૉસ્પિટલમાં સ્વામીશ્રીની રૂમમાં સૌએ દૂરથી જ દર્શન કરવા, ડૉક્ટરોએ સ્વામીશ્રીને બોલવાની ના કહેલ છે તો કોઈએ સ્વામીશ્રીને બોલાવવા પ્રયત્ન ન કરવો અને જય સ્વામિનારાયણ કહેવાનો પણ આગ્રહ ન રાખવો. એકદમ મૌન રહી, દૂરથી દર્શન કરી તરત જ રૂમમાંથી બહાર નીકળી જવું.'

અમારા વારા પ્રમાણે અમે થોડા સંતો હૉસ્પિટલે દર્શને ગયા. ઑપરેશન કરાવ્યાને આ લગભગ બીજો કે ત્રીજો દિવસ હતો. ટાંકા પણ ખોલ્યા ન હતા; સ્વામીશ્રીના હાથમાં ગ્લુકોઝ વગેરેની અનેક પ્રકારની નળીઓ જોડેલી હતી. અમે સૌ ધીમે રહી શાન્તિથી રૂમમાં પ્રવેશ્યા, સ્વામીશ્રીના પલંગથી દૂર એક ખૂણામાં ઊભા રહી અમે દર્શન કરી રહ્યા હતા. સ્વામીશ્રી પણ પોતાનાં નેત્રો દ્વારા સૌને મળી રહ્યા હતા. સ્વામીશ્રી ખૂબ જ અશક્ત જણાતા હતા. અમે સૌ દર્શન કરી રૂમમાંથી બહાર જવાનું વિચારી રહ્યા હતા; તે જ વખતે સ્વામીશ્રીએ પોતાના હાથના અને આંખોના ઇશારાથી મને નજીક બોલાવ્યો. હું સ્વામીશ્રીના પલંગ નજીક ગયો. સ્વામીશ્રી એકદમ અશક્ત સ્વરે બોલ્યા : 'ભણો છો ને ?' મેં કહ્યું : 'હા બાપા ! ભણવાનું ચાલુ જ છે.' સ્વામીશ્રીએ એક પછી એક પ્રશ્નોની પરંપરા ચાલુ જ રાખી :

'શું ભણો છો ? આ વર્ષે કઈ પરીક્ષા આપવાની છે ? આ વર્ષના કોર્સમાં કયાં કયાં પુસ્તકો છે ? સિદ્ધાન્તકૌમુદી આ વર્ષે છે ? તેનાં કેટલાં સૂત્રો ભણ્યા ? પરીક્ષામાં તેના કયા કયા પ્રકરણો છે ?' વગેરે પ્રશ્નોના મેં ક્રમશઃ ટૂંકમાં ઉત્તરો આપ્યા. અંતમાં સ્વામીશ્રીએ એકદમ વહાલભર્યા મંદ સ્વરે કહ્યું : 'અભ્યાસ ચાલુ રાખજો, મૂકતાં નહીં, વિદ્વાન્ કરવા છે.' મારી આંખો ભીની થઈ ગઈ સ્વામીશ્રી ઑપરેશન બીછાને રહ્યા રહ્યા પણ મારા અભ્યાસની ચિંતા કરી રહ્યા છે !! હું પગે લાગી રૂમમાંથી બહાર નીકળ્યો. મનમાં ગાંઠ બંધાણી કે જ્યાં સુધી સ્વામીશ્રી મુકાવે નહીં ત્યાં સુધી અભ્યાસ મૂકવો જ નહીં, અભ્યાસ કર્યા જ કરવો.

૧૯૮૯ના વર્ષમાં નવ્યવ્યાકરણાચાર્યની અંતિમ પરીક્ષા પાસ કરી ત્યાં સુધી સ્વામીશ્રી બળ આપતા રહ્યા અને આપી રહ્યા છે. તેઓનાં બળથી જ ભણી શકાયું અને ભણી રહ્યો છું. ૧૯૭૧ના વર્ષથી અત્યાર સુધી સ્વામીશ્રીએ મારી પર બેંતાલીસ પત્રો લખ્યા છે. તેમાંનાં પચીસ પત્રો ભણવાનું બળ મળે તે માટેના જ છે.

એક વખત મુંબઈમાં સ્વામીશ્રીએ અભ્યાસ સારો થાય તે અંગે મને આશીર્વાદ આપ્યા. મેં પૂછ્યું : 'આપ આશીર્વાદ આપતા હો છો તે સાચા હોય ? કે પછી ઔપચારિક માત્ર હોય છે ?' સ્વામીશ્રીએ ઠાવકાઈથી કહ્યું : 'આપણે સાચા માનીએ તો સાચા, ને ખોટા માનીએ તો ખોટા.'

૧૯૭૧ થી ૧૯૮૯ દરમ્યાન દર વર્ષે પરીક્ષાની તારીખ નિશ્ચિત થાય એટલે તરત જ પાસ થવાના આશીર્વાદ મેળવવા માટે સ્વામીશ્રીને અચૂક પત્ર લખતો. સ્વામીશ્રી પત્ર દ્વારા આશીર્વાદ આપતા અને હું પાસ થઈ જતો.

૧૯૮૪ના વર્ષમાં શાસ્ત્રીની પ્રથમ વર્ષની પરીક્ષા આપવાની હતી. પરીક્ષાની તારીખ નિશ્ચિત થઈ. દર વર્ષની જેમ આ વર્ષે પણ પરીક્ષાની સફળતાનાં આશીર્વાદ મેળવવા માટે સ્વામીશ્રીને પત્ર લખવા વિચાર્યું. પણ તે જ વખતે મનમાં એક નાસ્તિક વિચારે પ્રવેશ કર્યો - પરીક્ષા પાસ કરવામાં સ્વામીશ્રીના આશીર્વાદની શું જરૂર છે! આખું વર્ષ સારી રીતે ભણ્યા હોઈએ ને મહેનત કરી હોય તો પાસ થવાય જ, અને વર્ષ દરમ્યાન ભણ્યા ન હોઈએ ને મહેનત ન કરી હોય તો આશીર્વાદ હોય તો પણ પાસ ન થવાય. આ વિચારથી સ્વામીશ્રીને પત્ર લખવાનું માંડી વાળ્યું. દર વર્ષની

જેમ આ વર્ષે પણ મહેનત કરી પરીક્ષા આપી, પણ રિઝલ્ટ નાપાસ થયાનું આવ્યું !

મને મારી ભૂલ સમજાઈ ગઈ. મનમાં દૃઢ નિશ્ચય કર્યો કે આપણે આપણા બળે નથી ભણ્યા, સ્વામીશ્રીના બળે ભણ્યા છીએ. માટે હવેથી દર વર્ષે સ્વામીશ્રીના આશીર્વાદ લઈને જ પરીક્ષા આપવી! ૧૯૮૫ના વર્ષમાં શાસ્ત્રી પ્રથમ ખંડની પરીક્ષા સ્વામીશ્રીના આશીર્વાદ લઈ ફરીથી આપી અને પાસ થઈ ગયો. ૧૯૮૬ અને ૧૯૮૭ના વર્ષમાં શાસ્ત્રી દ્વિતીય ખંડ અને શાસ્ત્રી તૃતીય ખંડ એટલે સંપૂર્ણ શાસ્ત્રી. શાસ્ત્રી તૃતીય ખંડની 'પ્રાપ્તાંક સૂચિ' (રિઝલ્ટ) પ્રાપ્ત થઈ એટલે તે 'પ્રાપ્તાંક સૂચિ' મેં સ્વામીશ્રીને મોકલી આપી અને જણાવ્યું કે આપના આશીર્વાદથી શાસ્ત્રી થઈ ગયો છું. સ્વામીશ્રીએ તે પ્રાપ્તાંક સૂચિ પર લખાણ કર્યું : 'સ્વામી-મહારાજ ને યોગીબાપાની કૃપાથી આપ શાસ્ત્રી થયા છો તો આશીર્વાદ છે.' આ પ્રકારનું લખાણ કરી તે પ્રાપ્તાંક સૂચિ સ્વામીશ્રીએ મને પાછી મોકલી આપી. સ્વામીશ્રીના આશીર્વાદથી પ્રાપ્ત થયેલી મારી સફળતાનો યશ સ્વામીશ્રીએ સ્વામી, મહારાજ અને યોગીબાપાને આપ્યો !

આ પ્રસંગથી મને સમજાયું કે ગુરુકૃપા અને પુરુષ પ્રયત્ન બન્ને હોય તો જ સફળતા પ્રાપ્ત થાય છે; તેમાં પણ ગુરુકૃપા વિશેષ બળવાન છે.

૧૯૭૩ના વર્ષમાં ચાર મહિના સ્વામીશ્રીની સાથે ફર્યો હતો અને ત્યારબાદ મુંબઈ જઈ અભ્યાસ ચાલુ કરેલો. સ્વામીશ્રીને પત્ર દ્વારા જણાવેલ કે 'આ વર્ષે ચાર મહિના અભ્યાસ કર્યો નથી અને હવે પરીક્ષા નજીક આવી રહી છે, પાસ થવાય તેમ લાગતું નથી તો આ વર્ષે પરીક્ષા નહીં આપું પણ આવતા વર્ષે જરૂર પરીક્ષા આપીશ.' સ્વામીશ્રીએ પત્ર દ્વારા જણાવેલું : 'આ વર્ષે પરીક્ષા આપવી છે તેમ નિશ્ચય રાખી અભ્યાસ કરશો. બાપાની દયાથી પાસ થઈ જવાશે, વરસ નકામું જવા ન દેવું.'

કેવળ ગુરુવચને પરીક્ષા આપી અને પાસ થઈ ગયો. આ વર્ષે મને પ્રોત્સાહન આપી મદદ કરનારા હોંશિયાર સહાધ્યાયીઓ કરતા પણ મારા માર્ક વધારે આવ્યા હતા ! મને સૌ સહાધ્યાયીઓ કહેવા લાગ્યા : 'અમે સૌ આખું વર્ષ મહેનત કરી ભણ્યા છીએ તો પણ અમારા માર્ક ઓછા ! અને તમે ભણવાના સમયે સ્વામીશ્રી સાથે ફર્યા, અને પરીક્ષાના સમયે છેલ્લે

થોડી મહેનત કરી પરીક્ષા પાસ કરી તો પણ તમારા માર્ક વધારે ?' મેં સૌને કહ્યું : 'તમે કહો છો એવું નથી, પણ આ તો गुरुकृपा हि केवलम् છે.'

સાચે જ, સ્વામીશ્રી એક મહાન વિશ્વકર્મા છે. દરેક વ્યક્તિમાં સદ્‌ગુણો અને શક્તિનો વિકાસ કરીને જીવનશિલ્પ તૈયાર કરી આપે છે. સ્વામીશ્રીના આ માટેના ઓજારો છે - સ્નેહ ને સૌહાર્દ, પ્રોત્સાહન અને પ્રેરણા, દિવ્યપ્રતિભા અને પરમાત્માની એમના દ્વારા અનુભવાતી દિવ્યશક્તિ !

આ બધું નિહાળીને હજારો-લાખોનો વિશાળ સમુદાય ◦ાતપોતાના ઘડતરનો લાંબો પંથ ધીમે ધીમે સર કરી રહ્યો છે !

* * *

મુકુન્દજીવન સ્વામી

સુરેન્દ્રનગર

હું સાધુ થયો તે સમયે મારી ઉંમર બાર વર્ષની હતી. એ પછીના વર્ષે સને ૧૯૭૨માં સ્વામીશ્રી સાથે મારે પ્રથમવાર મુંબઈ જવાનું થયું અને ત્યાંથી વિચરણ કરતાં સ્વામીશ્રી સારંગપુર થઈ ગોંડળ પધારવાના હતા.

મેં સારંગપુર સુધી તો લાભ લીધો જ હતો, પણ ગોંડળ જવાની પણ ઇચ્છા હતી, તેથી મેં કહ્યું : 'બાપા ! મારે ગોંડળ આવવું છે !'

સ્વામીશ્રીએ માથે હાથ મૂકી વહાલથી કહ્યું : 'હમણાં સાથે જ ફર્યો, તો હવે અહીં રોકા !'

'ના બાપા ! મને લઈ જાવ, મારે આવવું છે...' મારી જીદ જોઈ, મારી તેર વર્ષની ઉંમર જોઈ કે પછી અજ્ઞાન દશા જોઈ સ્વામીશ્રીએ એક શબ્દની પણ દલીલ કરી નહીં. ઊલટું ઉત્સાહથી કહે : 'સારું જા, તૈયાર થઈ જા !'

મેં આનંદથી દોટ મૂકી.. તૈયાર થઈને સ્વામીશ્રીની ઍમ્બેસેડર પાસે પોટલું લાવી દીધું. મેં જોયું કે ગાડીમાં મારા માટે જરા પણ જગા નહોતી. સેવકો અને અન્ય વડીલ સંતો બેસી ગયા હતા. સ્વામીશ્રી પધાર્યા. આગલી સીટ ઉપર બેઠા. મને લાગતું હતું કે મેં ખોટો આગ્રહ રાખ્યો. સ્વામીશ્રી હવે ખીજાશે કે આણે નકામી ગિરદી કરી.. ત્યાં તો સ્વામીશ્રી કહે : 'આવી જા !' એમ કહી પોતે અંદર ખસી મને બાજુમાં જ બેસારી દીધો. મારો ભય નીકળી ગયો. થોડીવારમાં તો બાપ દીકરા સાથે રમૂજ કરે તેમ આત્મીયતાથી ઓતપ્રોત થઈ ગયા.

અચાનક સ્વામીશ્રીની નજર મારી હાથની આંગળીઓ ઉપર પડી. નખ વધી ગયેલા તે જોઈને મારો હાથ પકડીને કહે : 'આ શેના માટે વધાર્યા છે?'

'બાપા ! કાપવાના રહી ગયા છે.' મેં સંકોચથી કહ્યું.

'સારું, હવે કાપી નાખજે. આવા નખ ન રખાય, અંદર મેલ ભરાય, ખાવામાં જાય એટલે રોગ થાય.'

સ્વામીશ્રી 'પોતાના બાળક' સાથે વાત કરવા લાગ્યા. સ્વામીશ્રીએ મને સ્વભાવ છોડાવવા ક્યારેય વઢી-ધખીને કહ્યું નથી, પણ પ્રેમથી જ હૃદયમાં વસી ગયા છે.

મારી ઉંમરના કેટલાક સંતો મિત્રદાવે કેટલીક રમતો પણ રમતા. અમે ૧૩-૧૪ વર્ષની ઉંમરના, તેથી વડીલ સંતો પણ આંખ-આડા કાન કરે, તેમને એમ કે ભલે સૌ રમે. એ વખતે ૧૯૭૩માં પ્રથમવાર મેં સ્વામીશ્રીના સાંનિધ્યમાં ગોંડળમાં અન્નકૂટ કરેલો.

એ વખતે ઘણા ફટાકડા આવ્યા હતા. અમે બે ત્રણ સંતોએ રાત્રે એ ફટાકડા ફોડ્યા. સ્વામીશ્રી જોઈ ગયા હશે, તેની અમારામાંથી કોઈને ખબર નહીં.

બીજે દિવસે મુંબઈથી કોઠારી સ્વામી પોતાનો પી.એચડી.નો મહાનિબંધ લખીને સ્વામીશ્રીનો પ્રસાદીભૂત કરાવવા આવ્યા હતા. સભામંડપમાં બેસી સ્વામીશ્રી તે ગ્રંથ જોઈ રહ્યા હતા. અમે સૌ કુતૂહલવશ ત્યાં આવી ગયા. સ્વામીશ્રીએ તે ગ્રંથમાં આશીર્વાદ લખ્યા, ને સીધું જ મારી સામે જોયું. પછી કહે : 'જો, કોઠારી સ્વામીએ કેટલો દાખડો કર્યો ! આપણે કંઈક તો કરવું જોઈએ ને !'

મેં કહ્યું : 'શું કરું બાપા ?'

સ્વામીશ્રીએ બરાબર રગ પકડી, ધીરેથી કહે : 'હવેથી ફટાકડા ફોડવાના બંધ !'

'હા, બાપા ! હવે નહીં ફોડું!' મેં માંડ માંડ હા પાડી હતી. કારણ કે એ સમયે એ મારો તીવ્ર શોખ હતો. પરંતુ હા પાડ્યા પછી મને ફરી કદી ફટાકડાને અડવાનું પણ મન થયું નથી !

આ પ્રસંગ અતિ સામાન્ય ભલે લાગે, પણ સ્વામીશ્રીની વત્સલતામાં અહીં એક અજબ મનોવૈજ્ઞાનિકની અને સ્નેહાળ માતાના હૃદયની છબિ એક સાથે જોવા મળી હતી.

* * *

સને ૧૯૭૩માં કાર્તિક માસમાં સ્વામીશ્રી પ્રથમવાર કચ્છ-ભૂજની

પંચતીર્થીએ પધાર્યા હતા, ત્યારે મને પણ તેમાં જોડાવા માટે સ્વામીશ્રીએ સામેથી યાદ કર્યો હતો. એ આજ્ઞાપત્રમાં સ્વામીશ્રીએ અમને એકે એક વિગત જણાવી હતી, અને કયા રસ્તે થઈ કેવી રીતે સારંગપુરથી ભૂજ આવવું તે લખ્યું હતું. અને બે વાર જણાવેલું કે મોરબી થઈ માળિયાના રસ્તે ભૂજ આવજો.

અમારા મનમાં એમ કે બોટાદથી નવલખી બંદરનો રેલવેનો ડબ્બો જાય છે, તે ત્યાં ઊતરી વહાણમાં બેસીને ભૂજ પહોંચી જવાશે ને નજીક પણ પડશે. અમે એ રીતે કર્યું. નવલખી બંદરે પહોંચ્યા ત્યાં જાણ થઈ કે છ મહિનાથી ભૂજની ફેરી બંધ થઈ ગઈ છે !

એ જ સાંજે અમે ટ્રેનમાં મોરબી આવ્યા. ત્યાંથી બસમાં બેસીને આખો દિવસના થાક્યા પાક્યા મોડી સાંજે ભૂજ પહોંચ્યા.

સ્વામીશ્રી અમારી રાહ જ જોઈ રહ્યા હતા. અમે બધી હકીકત કહી ત્યારે સ્વામીશ્રી કહે : 'એટલા માટે જ અમે પત્રમાં બધી વિગત લખી હતી. પણ તમે અવળા ગયા, તો રખડવું પડ્યું.' એમ કહીને એક મર્મસભર સિદ્ધાંત ઉચ્ચાર્યો : 'આમ જ સત્પુરુષના ચિંધેલ રસ્તે જીવો ન ચાલે ત્યાં સુધી ભવસાગરમાં રખડ્યા જ કરે..'

એમ કહી વાતને વાળી લીધી ને દર્શન-પ્રસાદીનું ખૂબ સુખ આપ્યું.

* * *

સને ૧૯૮૦માં ભગવાન સ્વામિનારાયણ દ્વિશતાબ્દી મહોત્સવ નિમિત્તે મારે પ્રચાર અર્થે પંચમહાલના છોટાઉદેપુર વિસ્તારમાં વિચરણમાં જવાનું હતું.

એ સમયે આદિવાસી વિસ્તારમાં વાહનો માટે કોઈ રસ્તા જ ન હતા. પગદંડીના રસ્તે ચાલીને ડુંગરાઓના ચડ-ઊતર રસ્તે, સાથે ખીચડી લઈને ૧૮ દિવસ સુધી વિચરણ કરેલું. સાથેના કાર્યકરો પોતાની સાઇકલ ઉપર અમારાં પોટલાં લઈ લે. વળી ખીચડી માટે ચોખા ને દાળ પણ સાઇકલ પર થેલીમાં ભરાવેલા હોય. ડુંગરનું ચડાણ આવે ત્યારે વારાફરતી સાઈકલને ધક્કા મારીને ડુંગરા પર ચડાવીએ...

આ બધો અહેવાલ મેં સ્વામીશ્રીને પરદેશ લખી મોકલ્યો હતો. સ્વામીશ્રીએ એ વાત ધ્યાનમાં રાખી હશે. સ્વામીશ્રી જ્યારે દેશમાં પધાર્યા

'અને મુંબઈથી સીધા જ અમદાવાદ આવી ભૂતપૂર્વ મુખ્યમંત્રી શ્રી ઘનશ્યામભાઈ ઓઝાના સુપુત્રનાં લગ્નમાં આશીર્વાદ આપ્યા, ત્યારે અમે પણ અમદાવાદ મંદિરે પહોંચી ગયા હતા. સવારે સ્વામીશ્રીએ મધ્યખંડમાં આરતી ઉતારી અને બહાર આવતાં જ મને જોઈ મારો હાથ પકડીને મને ખેંચ્યો ને ભેટ્યા!

આ પ્રસંગનું સુખ અવર્ણનીય છે ! આજે પણ એ પ્રસંગ એટલો જ તાજો છે ને એ સુખ વિસરાતું નથી.

શ્રીહરિ માટે કહેવાયું છે કે 'અણુમપ્યતુલં હિ મન્યતે..' અણુ જેટલી સેવાને પર્વત જેવી માનનારા..' સ્વામીશ્રીમાં સમયે મને આ સૂત્ર ચરિતાર્થ થતું અનુભવાયું....

* * *

ભગવાન સ્વામિનારાયણ દ્વિશતાબ્દી મહોત્સવ પછી સ્વામીશ્રી સારંગપુર પધાર્યા હતા. એ સમયે બાજુના તાજપર ગામનું મંદિર જે ગોપીનાથ સ્વામીના નામે હતું તે સંસ્થાના નામે કરવાનું હતું, તેથી તેમણે કહ્યું હતું કે 'સ્વામી ! મારે હવે આ મંદિર સંસ્થાને આપવું છે, તો મારી સાથે એક સાધુ મોકલો એટલે કાર્ય પતાવી દઉં.'

સ્વામીશ્રીએ એક સંતને બોલાવ્યા. તેમણે કહ્યું : 'બાપા ! જાઉં તો ખરો, પણ મને રસોઈ નથી આવડતી.' એટલે સ્વામીશ્રીએ વિચારીને મારું નામ આપ્યું. હું સ્વામીશ્રીની રૂમમાં ગયો ત્યારે સ્વામીશ્રી, સંત સ્વામી અને અન્ય ત્રણેક સંતો બેઠા હતા. હું પગે લાગ્યો એટલે સ્વામીશ્રીએ વાત શરૂ કરી, 'તારે ગોપીનાથ સ્વામીની જોડમાં તાજપર જવાનું છે ને ચાર-પાંચ દિવસ રોકાવાનું છે.'

મેં કહ્યું કે 'ભલે બાપા ! જઈશ !'

'રસોઈ આવડે છે ?' સ્વામીશ્રીએ પૂછ્યું.

મેં હા પાડી તેથી બહુ રાજી થયા. આશીર્વાદ આપ્યા ને મંદિરની વિગતે વાત કરી. પછી હું બહાર નીકળ્યો, એવામાં સ્વામીશ્રીએ કોઠારી સ્વામીને કંઈક સૂચના આપી. અમે નીકળતા હતા ત્યાં જ કોઠારી સ્વામી એક ટોપલી આપી ગયા. ને કહ્યું : 'સ્વામીએ મોકલી છે, ને કહ્યું છે કે મુકુંદ તાજપર જાય છે, તેની સાથે કેસર કેરી આવી છે, તેની ટોપલી બાંધી આપજો !'

મેં ટોપલી લીધી ત્યારે હૈયું ભરાઈ આવ્યું કે આપણો કેટલો ક્ષુલ્લક દાખડો, ને મોટાપુરુષનો કેવો વિરાટ અનુગ્રહ !

* * *

ભરુચમાં સ્વામીશ્રીની ૬૯મી જન્મજયંતી ઉજવાઈ. પછી હું સારંગપુર આવ્યો, ત્યાં મને જાણ થઈ કે સ્વામીશ્રી દક્ષિણ ભારતમાં વિચરણ કરવા પધારશે.

આથી મેં જ્ઞાનેશ્વર સ્વામીને કહ્યું કે તમે સ્વામીશ્રીને પુછાવી જુઓ કે મુકુંદજીવન સ્વામીને તેમાં આવવાની ઇચ્છા છે. આજ્ઞા હોય તો આવે...

તેમણે પુછાવ્યું અને સ્વામીશ્રીએ સીધો જ મારી ઉપર તા. ૧૭-૧૨-૮૯ના રોજ પત્ર લખ્યો :

'પૂજ્ય મુકુંદજીવન સ્વામી,

વિ. આપને સાઉથમાં (આવવા) વિચાર હતો. તે આપણે વાત થયેલ નહીં એટલે થઈ શક્યું નથી, તો માફ કરશો ને રાજી રહેશો. ભરુચ પહેલાં વાત કરી હોત તો યોગ્ય થાત. કારણ, મોટરમાં બધી વ્યવસ્થા કરેલ છે, એટલે વધારે સમાવેશ કરવામાં મુશ્કેલી થાય. શા. નારાયણસ્વરૂપદાસ...'

આ પત્ર વાંચી હું સ્તબ્ધ થઈ ગયો. એવો કયો ગુરુ હોય કે કારણ વિના પોતાના શિષ્યની લેખિત માફી માગે ?

આ પત્ર વાંચીને મને ઘણું દુઃખ થયું. હજુ પણ આ પત્ર જ્યારે વાંચું છું ત્યારે આંખો ભીની થાય છે અને પ્રાર્થના કરું છું કે આપનો ઓશિયાળો થઈને રહું, પણ આપને ઓશિયાળા ન કરું એવી બુદ્ધિ અને વિચારો આપજો...

* * *

સંતસ્વરૂપ સ્વામી
સુરેન્દ્રનગર

જે સુખ શ્રીજીમહારાજના પરમહંસોને મળ્યું હતું, તે જ સુખનો અનુભવ આજે સ્વામીશ્રી દ્વારા થાય ત્યારે ધીરજાખ્યાનમાં નોંધાયેલા સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીના અનુભવને પુનરાવર્તિત કરવાનો લોભ જતો કરી શકાતો નથી.

તેઓ લખે છે :

'રમાડ્યા જમાડ્યા રૂડી રીત શું, મળ્યા વળી વારમવાર,
હેતે પ્રીતે નિત્ય સુખ આપીયાં, તે તો કે'તા આવે કેમ પાર...'

(ધીરજાખ્યાન)

બહુ થોડા સમયમાં શાશ્વત સુખ આપી દેવાની સ્વામીશ્રીની ભાવના, વિશાળતા, પ્રસંગે પ્રસંગે અનુભવી છે. નિયમ દૃઢતા, ક્ષમા, વાત્સલ્ય અને સહનશીલતામાં તો તેઓ શિરોમણિ છે ! આજે થોડા પ્રસંગોની સ્મૃતિ કરવાનો અવસર આવ્યો છે, તો ગુરુભક્તિની અંજલિરૂપે અનંત સુખમાંથી થોડાં ઘણાં બિંદુઓ અત્રે રજૂ કરું છું.

૧૯૭૨ની સાલમાં સારંગપુરમાં કાળા તલની ખેતી ખૂબ સફળ થઈ હતી. ત્રણસો મણ તલ ખળામાં એકઠા થઈ ગયા હતા. તેને સાફ કરવાની સેવા તરત જ કરવાની જરૂર હતી. સ્વામીશ્રીએ સેવાની આ તક ઝડપી લીધી. તલ સાફ કરવા માટે હલળ ફેરવવું પડે. સ્વામીશ્રી જાતે જ ખળામાં નીચે બેસી જાય અને તલને ધક્કો મારતા જાય. અન્ય સંતો સ્વામીશ્રીની પાછળ હલળ ફેરવતા જાય. સ્વામીશ્રીએ આ સેવા કોઈને કરવા ન દીધી. બીજા કહે કે સ્વામી, અમે કરી નાખશું, આપ રહેવા દો. પરંતુ સ્વામીશ્રીએ બપોર સુધી એકધારી આ સેવા કરી ત્યારે અમને પણ સેવા કરવાનો ઉમંગ ચડી ગયો હતો. સ્વામીશ્રીએ ક્યારેય સીધી આજ્ઞા કરી નથી, હંમેશાં વર્તીને

તે સ્વામીશ્રીની ભાષા લેશ માત્ર સમજતો નહોતો. પણ તેની આંખોમાં સ્વામીશ્રી પ્રત્યે વિશ્વાસ છલકતો હતો ! તે સ્વામીશ્રીની ભાવના તો ઝીલી જ રહ્યો હતો. સ્વામીશ્રીએ તેને થોડો સદ્‌બોધ આપ્યો. તે માથું ધુણાવતો રહ્યો. થોડીવારે પોલીસ આવીને તેને લઈ ગયા. આ પ્રસંગે સ્વામીશ્રીની નિર્ભયતા, અજાતશત્રુતા અને ક્ષમાભાવનાની ત્રિવેણીનાં દર્શનનો લાભ કેવળ સંતોને જ મળ્યો. હરિભક્તો તો સૌ પોતપોતાના ઘરે ચાલ્યા ગયા હતા...

* * *

દક્ષિણ ભારતના આ વિચરણમાં અમે કોપાહીલ ગામે ગયા હતા. સ્વામીશ્રી રાત્રી સભા બાદ ઉતારે આવી પત્રલેખન વગેરે આટોપી આરામમાં પધાર્યા ત્યારે હું અને જગદીશ પટેલ (હાલ, નારાયણચરણ સ્વામી) સ્વામીશ્રીની ચરણસેવા કરી રહ્યા હતા. રાત્રે ૧૨ પછીનો સમય હતો. સ્વામીશ્રીએ દેવચરણ સ્વામીને બોલાવ્યા ને કહ્યું : 'આ બે બિચારા સવારના સેવા કરતા હોય છે. અત્યારે પણ પગ દબાવે છે. તેમને માટે રાત્રે ઓઢવા-પાથરવાનું રાખ્યું છે કે નહીં ?'

'હા, રાખ્યું છે ને !' તેમણે કહ્યું.

છતાં સ્વામીશ્રીને સંતોષ થયો નહીં. તેથી અમને બંનેને પ્રેમથી કહેવા લાગ્યા, 'તમારે આખો દિવસ સેવા ચાલ્યા કરતી હોય, પણ તમારે રજાઈ લઈ મારા પલંગ નીચે રાખી મૂકવી. જેથી પછી શોધવી ન પડે.' સ્વામીશ્રી એવા હેત પ્રેમથી કહી રહ્યા હતા કે માતા પોતાનાં બાળકને સમજાવતી ન હોય ?

૧૯૭૬-૭૭ દરમ્યાન મારી આંખો કોઈ રોગને કારણે સતત લાલ રહેતી; દુખાવો પણ કાયમ રહ્યા કરતો. મને યાદ છે કે સ્વામીશ્રીએ જાતે કેટલીયે વાર મારી આંખોમાં દવાનાં ડ્રોપ્સ નાખી આપ્યાં છે ! બહુ કષ્ટ થાય ત્યારે સ્વામીશ્રી મારે માથે હાથ ફેરવે, આંખમાં હળવે રહીને ઠંડી ફૂંક મારે. કો'કવાર શ્રીહરિની જન્મભૂમિ છપૈયાની પ્રસાદીભૂત રજ પણ મારી આંખો ઉપર અડાડે. અને સાંત્વન આપતાં કહે : 'મહારાજ મટાડી દેશે. આપણામાં કાંઈક કસર હશે, એટલે આવો રોગ મૂક્યો હશે !'

સ્વામીશ્રીની મમતા કેવળ નિઃસ્વાર્થભાવે આપણા જેવા સામાન્ય સાધક ઉપર હરહંમેશ વહેતી જ રહી છે, આ જેવી બીજી વળી કઈ કૃતાર્થતા હોઈ

શકે ?

* * *

થોડાં વર્ષો પૂર્વે સ્વામીશ્રીનું વિચરણ વિવિધ પ્રકારની ગાડીઓમાં અને વિવિધ પ્રકારના સંજોગોમાં ભીડાની પરંપરાઓ વચ્ચે ચાલ્યા કરતું. જેમાં કોઈપણ રીતે સુધારો કરવામાં સ્વામીશ્રી નારાજ થઈ જતા. કેમ કે એ સુધારો થાય તો હરિભક્તોનાં ગામોની સંખ્યા ઘટી જાય. પધરામણી પણ ઓછી થાય, ને સમાસ પણ ઓછો થાય. સ્વામીશ્રીને આ કદી પણ પોસાય નહીં. આવા એક પ્રસંગે ૧૯૮૧માં સ્વામીશ્રીને વડોદરાથી છેક જૂનાગઢ પહોંચવાનું હતું. પટેલ ટ્રેક્ટર્સવાળાંની ફિયાટમાં સ્વામીશ્રી નીકળ્યા. રાત્રે ગોંડળ જમીને તરત જૂનાગઢ જવા નીકળી જવું એવી ગોઠવણ કરી હતી. સ્વામીશ્રી ગોંડળ પહોંચ્યા. જમીને તરત જ નીકળવાના હતા. પરંતુ બે ભાવિકોનાં લગ્ન બાબતનો મોટો ઝઘડો હતો. તેનું સમાધાન કરાવતાં રાત્રે નીકળતાં જ ૧૧ વાગી ગયા. સવારે જૂનાગઢ જવાનો પ્રસ્તાવ મૂક્યો તો સ્વામીશ્રીએ તરત અકળાઈને ના પાડી દીધી. રાત્રે જ નીકળ્યા. જેતપુર નજીક પહોંચ્યા ત્યાં ગાડીમાં કટાઉટ બગડી ગયો. પછી ધક્કા મારીને થોડે સુધી ચલાવી. ત્યાં 'ડાયવર્ઝન'નું બૉર્ડ આવ્યું અને ગાડી બંધ પડી ગઈ ! ઢાળ ચડાવવા સ્વામીશ્રી સહિત બધા જ ધક્કા મારવા લાગ્યા. ગાડી ચાલુ થઈ ગઈ ને જૂનાગઢ આવી પહોંચ્યા. થોડી જ વાર પહેલાં એક થિયેટરમાં છેલ્લો ફિલ્મ શો પૂરો થયો હતો. બરાબર આ જ સ્થળે આવ્યા, ત્યાં ગાડી બંધ ! ૧૨-૩૦ જેવો સમય થયો હશે. સ્વામીશ્રી પણ ગાડીને ધક્કા મારવા ઊતર્યા.

લોકો અમને સંતોને ધક્કા મારતા જોઈ ગેલમાં આવી ગયા. 'મારો ધક્કા ! બહુ ચોખ્ખું ઘી ખાધું છે...' સ્વામીશ્રી આવો ઉપહાસ સહજપણે નભાવી લેતા હતા. ગાડી ચાલુ થઈ અને જૂનાગઢ ઉતારે પહોંચ્યા ત્યારે ૧૨-૪૫ વાગી ચૂક્યા હતા.

વિચરણના સંઘર્ષમાં માનસિક સમતુલાનું આ અપૂર્વ દૃષ્ટાંત આજે પણ નજર આગળથી ખસતું નથી !

ભગવાન સ્વામિનારાયણ દ્વિશતાબ્દી મહોત્સવ માટેના આ વિચરણમાં સ્વામીશ્રીએ દેહની પણ પરવા નહોતી કરી.

કાનમના એક ગામથી સ્વામીશ્રી નીકળ્યા. તે સવારથી પાંચ ગામો ફરતાં બપોરે ત્રણ વાગે પાંચમા ગામે એક ભક્તના ઘરે જમવા પધાર્યા. આ દરમ્યાન મેં ત્રણ વાર રસોઈ ગરમ કરેલી. સ્વામીશ્રી લઘુપાણી બાદ ઠાકોરજી જમાડવા માટે બિરાજ્યા. ત્યારે મેં કહ્યું : 'બાપા ! આજે ત્રીજીવાર રસોઈ ગરમ કરી. આટલું મોડું કરાતું હશે ?'

સ્વામીશ્રી કહે : 'સંતરુ (સંતસ્વરૂપ), તું લખી રાખ, મારા ભાગ્યમાં ગરમ ખાવાનું લખ્યું જ નથી!'

આ શબ્દો એમના અથાગ વિચરણની અપાર હાડમારીઓની કિંચિત્ ઝાંખી કરાવી શકે તેટલાં વેધક અને સચોટ છે !

* * *

આ જ વિચરણમાં રાજપીપળાની પાસે આવેલા એક ગામમાં લીંપણવાળા એક સામાન્ય મકાનમાં સ્વામીશ્રીનો ઉતારો હતો. સાંજે સ્વામીશ્રી ભૂમિ પર પાથરેલા એક ગાદલા પર બિરાજ્યા હતા. એમને ઊભા થવું હતું, પણ જાતે ઊભા થઈ શક્યા નહીં. તેથી મને ને નારાયણચરણ સ્વામીને કહે : 'મને ઊભો કરો ! મને ઊભો કરો !' અમે ચિંતાના માર્યા એકદમ દોડી આવ્યા.

સ્વામીશ્રી કહે : 'ચિંતા જેવું નથી, આ તો પગ દુઃખે છે !'

દર્દ અસહ્ય બને ત્યારે જ કહેવાનું એ સ્વામીશ્રીની પ્રકૃતિ છે. બસ, મૂંગે મોંએ સહન કરતા રહેવું એ એમના વ્યક્તિત્વનું જાણે કે અભિન્ન અંગ છે ! કેટલું દર્દ થયું હશે ત્યારે અમને સાદ કર્યો હશે !

* * *

૧૯૮૧માં સ્વામીશ્રીને ગોલ બ્લેડર(પિત્તાશય)માં પથરીની ઘણી તકલીફ રહેતી. મુંબઈમાં ડૉ. એ.આર. પટેલે એ ઑપરેશન સફળતાપૂર્વક પાર પાડ્યું. તે દરમ્યાન સ્વામીશ્રી હૉસ્પિટલમાં ભગવાન સ્વામિનારાયણ-ગ્રંથના પાંચ ભાગ સતત વંચાવ્યા કરતા. પોતે પણ ધ્યાનથી સાંભળતા. દસ દિવસના હૉસ્પિટલ નિવાસ દરમ્યાન ડૉ ઓ. ટી. સામાણી ઘનિષ્ઠ સંપર્કમાં આવ્યા. આ વિદ્વાન અને વિચક્ષણ ડૉક્ટરને જોઈ સ્વામીશ્રીને ઉમળકો આવી જતો ને સતત માંદગીને બિછાનેથી અડધો પોણો કલાક મહારાજ-સ્વામી અને શાસ્ત્રીજી મહારાજનો મહિમા કહેતા. ડૉ. એ. આર. પટેલે ખાસ

સૂચના આપી હતી કે સ્વામીજી તમારે બહુ બોલવું નહીં. પણ જેમની રગેરગમાં પરાભક્તિ ને ગુરુભક્તિ વહેતી હોય તેમનાથી ચૂપ કેમ રહેવાય ? સ્વામીશ્રીએ એવી વાતો કરી કે ડૉ. સામાણી સાહેબનું ભીતર સ્વામીના રંગે રંગાઈ ગયું. તેઓ જ્યારે સ્વામીશ્રી પાસેથી ઊઠતા ત્યારે સ્વામીશ્રી કહેતા કે ડૉ. એ. આર.ને કહેવું નહીં કે સ્વામી રાત્રે બોલ્યા હતા !

આવી માંદગીમાં પણ કથાવાર્તાની આસક્તિ સ્વામીશ્રીના જીવનમાં જોઈ છે, ત્યારે આવા વિલક્ષણ ગુરુ મળ્યાનો આનંદ સતત અનુભવ્યા કર્યો છે...

* * *

બ્રહ્મતીર્થ સ્વામી

સારંગપુર

'માત-પિતા-ગુરુ-સ્વજન સહારા, સુખદુઃખમાં સંગાથ,
ભવતારણ ભવ સાગર આવ્યા, કીધા સબળ-સનાથ...'

સ્વામીશ્રી તરફથી આ અનુભવ મને બહુ નાનપણથી થયો હતો. ૧૯૭૭માં સ્વામીશ્રી મોમ્બાસા પધાર્યા ત્યારે મુંબઈની હોસ્ટેલમાં ભણતાં મને કમળો થઈ ગયો હતો. વાતાવરણ અને ખોરાક માફક ન આવતાં કમળાએ ફરી ઊથલો માર્યો. આ વાત મોમ્બાસામાં કનુભાઈ પટેલ દ્વારા સ્વામીશ્રીને મળી કનુભાઈએ મારા વતી આશીર્વાદ માગ્યા કે 'બાપા, તેને સારું થઈ જાય તેમ કરો...'

સ્વામીશ્રી બોલ્યા હતા, 'એ તો અમારા છે, ને હવે એની સંભાળ અમારે જ રાખવી.. બસ?!' એ પછી સ્વામીશ્રીની આજ્ઞાથી અમદાવાદ આવી એ.જી. હાઈસ્કુલમાં અભ્યાસ શરૂ કર્યો. તે સમયે તો સત્પુરુષ શું ? કે મોક્ષ શું? તેની કશી જ ગતાગમ નહોતી. પણ મંદિરે ડૉક્ટર સ્વામી તથા સંતોના સાંનિધ્યમાં રહી અભ્યાસ કરવાનો થયો તેથી ધીરે ધીરે સત્સંગની સૂઝ પડવા લાગી. અંતરમાં સાધુ થવાની ઇચ્છાએ વેગ પકડ્યો. મોમ્બાસા જણાવ્યું. ઘરેથી પણ બળના પત્રો આવવા લાગ્યા.[૧] ઘરે એવી અપેક્ષા રહે કે સ્વામીશ્રી આશીર્વાદપત્ર લખી આપે. આથી મેં ઘરેથી આવેલા તમામ પત્રો સ્વામીશ્રી પાસે વાંચ્યા અને આશીર્વાદ લખી આપવા વિનંતી કરી. સ્વામીશ્રી એક જ શબ્દ કહે, 'હા, લખશું....' પરંતુ ક્યારેય લખી આપ્યું

---

૧. બ્રહ્મતીર્થ સ્વામીની સાધુ થવાની ઇચ્છાને પુષ્ટિ આપનાર તેમનાં માતુશ્રી પોતે જ હતાં. પિતા ન હોવા છતાં અને એકના એક પુત્ર હોવા છતાં તેમનો દૃઢ નિર્ધાર જોયો તેથી માતાએ સામેથી પત્રો લખ્યા હતા કે તું હવે મારો મટી, ભગવાનનો થજે!

નહીં. મને ઘણી નવાઈ લાગતી કે આટલા બધા પત્રો તો રોજ લખે જ છે, ને આ આશીર્વાદપત્ર કેમ લખી આપતા નહીં હોય?

આથી મેં વારંવાર વિનંતી કરી હશે, પરંતુ સ્વામીશ્રીએ ક્યારેય મારું મન તોડ્યું નહીં, છતાં પત્ર ન જ લખી આપ્યો. છેલ્લા પત્રમાં આવ્યું હતું કે પોતાના જણસ તથા દાગીના સમર્પણ કરી શેષ જીવન સંસ્થાના મહિલા કાર્યલયમાં સમર્પિત કરવા માગે છે. આ વખતે તો સ્વામીશ્રી આશીર્વાદ લખશે જ એવી અપેક્ષાથી હું સ્વામીશ્રી પાસે વાંચવા લાગ્યો. સ્વામીશ્રીએ એટલા જ પ્રેમથી કહ્યું, 'જોઈશું...'

આ વિલંબનીતિમાં તો ૧૯૮૧નો ભગવાન સ્વામિનારાયણ દ્વિશતાબ્દી મહોત્સવ આવી ગયો ને હું ત્યાગી થઈ ગયો. ત્યાર પછી ખ્યાલ આવ્યો કે ત્યાગીનો નિયમ છે કે મહિલાઓ સાથે ક્યારેય સીધો પત્રવ્યવહાર ન કરાય... આ જ હેતુથી સ્વામીશ્રીએ પત્ર લખ્યો નહતો!!

સ્વામીશ્રીની કળા કેવી સુંદર? ન તો મારું મન તોડ્યું કે ન તો પોતાનો નિયમ તોડ્યો!

* * *

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજની અંગત સેવામાં રહેલા અને પૂર્વે બોચાસણ મંદિરના કોઠારી હતા એવા માધવચરણદાસ પૂર્વાશ્રમની દૃષ્ટિએ સંબંધી થતા. તેમને નિષ્ઠા અને નિયમધર્મમાં ઘણી કસર હતી તેથી વ્યવહાર તથા હિસાબ-કિતાબમાં પણ ખૂબ જ અવ્યવસ્થિત હતા. સ્વામીશ્રીના ચકોર પરીક્ષણમાં આ બધી જ વિગતો હતી. વળી ઘણી વાર તેમનું ધ્યાન દોરી સ્વામીશ્રીએ ટકોર પણ કરી હતી. સિદ્ધાંતહીન વર્તનને કારણે યોગીજી મહારાજે સ્વયં જેમને દૂર કર્યા હતા, એવા દાદુભાઈ તથા સોખડાના સાધુઓ સાથે માધવચરણદાસ ઘણો ઘનિષ્ઠ નાતો રાખતા. વળી ટોક્યા છતાં પોતાની અયોગ્ય પ્રવૃત્તિ પણ બંધ કરી નહોતી.

સ્વામીશ્રીને ઘણા ટ્રસ્ટીઓએ પણ આ બાબતે સત્વરે પગલાં ભરવા વિનંતી કરી હતી. પરંતુ સ્વામીશ્રી ઉદારદિલ રાખી નભાવ્યે જતા હતા. છેવટે અનિષ્ટોનો દોર લંબાતો ચાલ્યો. આથી સ્વામીશ્રીએ તેમને સારંગપુર રહેવા જણાવ્યું અને સંતસ્વામીને ભલામણ કરી કે જોગીબાપાના સેવક છે, આપની પાસે મોકલીએ છીએ, તો સાચવશો.'

પરંતુ આમણે તો જતાં પહેલાં બોચાસણ ગામની જનતાને ભોળવી હતી. ગામના માથાભારે માણસોને ઉશ્કેર્યા હતા અને મંદિર પોતાને કબજે લઈ લેવાનો નિષ્ફળ અને હીન પ્રયાસ કર્યો હતો. અંતે કાયદાની કલમે તેમને ગોંડળ ખસેડાયા. અહીંથી તેઓ સોખડાથી વાહન મગાવી સોખડા જતા રહ્યા. આ બધા જ દિવસો દરમ્યાન હું સ્વામીશ્રીની આજ્ઞાથી તેમની સાથે જ ૨૦-૨૫ દિવસ સુધી રહ્યો હતો. સગપણના નાતે હું તેમને કહી શકું ને તેઓ કંઈક માને તેવી તેની પાછળ ગણતરી હતી.

તે સોખડા જતા રહ્યા પછી હું સમાચાર આપવા સ્વામીશ્રી પાસે વડોદરા ગયો. સ્વામીશ્રી તે સમયે ડૉ. બી.આર. પટેલના દવાખાનામાં હૃદયરોગના હુમલાની સારવાર લઈ રહ્યા હતા. મેં તમામ રિપોર્ટ સ્વામીશ્રીને આપ્યો. લગભગ વીસેક મિનિટ સુધી સ્વામીશ્રી મને સાંભળતા રહ્યા. મુખ પર ઘણો જ થાક વર્તાતો હતો. એક સાધુ ગયાની દિલગીરી આંખોમાં અશ્રુ થઈને ચમકી રહી હતી. મારી વાત પૂરી થઈ પછી સ્વામીશ્રીએ અતિશય કરુણાસભર હૃદયે વાત વહેતી કરી :

'જોગીબાપાએ મને સોંપ્યો, ટ્રસ્ટીઓનો ખૂબ જ વિરોધ, છતાં મેં તેને કોઠારી બનાવ્યો, ઘણીવાર ટોકણી કરી છતાં સોખડા સાથે વહેવાર ચાલુ રાખ્યો. સિદ્ધાંત-નિયમ બધામાં બાંધછોડ કરી, પણ એક જોગીબાપાના વચને અનેકના વિરોધ છતાં તેને નભાવ્યો. પણ સંસ્થા સાથે વિરોધમાં પડ્યો એટલે મહારાજે ન ચલાવ્યું, ને આ દશા થઈ..' તૂટક સ્વરે, ઊંડા શ્વાસ લેતાં વચ્ચે વચ્ચે અટકતાં સ્વામીશ્રી હાંફી રહ્યા હતા... સેવક સંતોએ મને ત્યાંથી ઊભા થઈ જવા જણાવ્યું. હું પગે લાગી ઊભો થઈ ગયો... પરંતુ સ્વામીશ્રી વીસેક મિનિટ સુધી ધીમે ધીમે અજાતશત્રુતામાંથી ગળાઈને આવેલી નિર્મળભાવનાઓ વરસાવી રહ્યા હતા. સાર અને સૂર એટલો જ હતો કે આપણે જોગીબાપાના વચને બધું ચલાવી લીધું, પણ અવળો પક્ષ (સોખડાનો) રહી ગયો, તે તેને પતનના કિનારે તાણી ગયો...

સ્વયં સ્વામીશ્રીનો આટલો દ્રોહ કર્યા પછી પણ સ્વામીશ્રીએ તેને જાકારો નથી આપ્યો! તેવાઓ પોતાની જાતે જ દિવાલ ઠેકીને જતા રહે છે, તેનો હું સાક્ષી છું. સ્વામીશ્રીને જે ખેદ હતો તે યોગીબાપાના વચને તેને સાચવ્યો છતાં તેનું વર્તન ન સુધર્યું તેનો ખેદ વરતાતો હતો! નહીં કે પોતાના સાધુએ

પોતાનો જ દ્રોહ કર્યાનો ખેદ!!

*

આ પછી સ્વામીશ્રી સારંગપુર આરામ માટે રોકાયા હતા. તે દરમ્યાન નવા ભંડારી અક્ષરવિહારી સ્વામીની મદદમાં અમે કેટલાક પાર્ષદો સેવાકાર્ય કરતા. સ્વામીશ્રી અવારનવાર રસોડામાં પધારે, પૂછપરછ કરે, નિરીક્ષણ કરી સૂચનો આપે અને યોગ્ય માર્ગદર્શન આપી ખૂબ સ્મૃતિઓ આપે. અમે કંઈક ફરસાણ વગેરે બનાવતા હોઈએ ત્યાં પધારી પ્રેરણા પ્રોત્સાહન પણ ખૂબ આપે. આથી રસોડાની સેવાનું આકર્ષણ વધતું ગયું. અને ૧૯૮૩ની સાલથી સારંગપુરનો અન્નકૂટ સંતો જાતે જ કરતા થયા.

સ્વામીશ્રી ૧૯૮૪માં વિદેશયાત્રાએથી સીધા જ ભાદરામાં ૧૯૯મો ગુણાતીત જન્મજયંતી મહોત્સવ હતો ત્યાં પધાર્યા હતા. આ ઉત્સવના રસોડાની સેવામાં અમે કેટલાક પાર્ષદો પણ જોડાયા હતા. ૨૫ દિવસ પૂર્વેથી બધી જ તૈયારીઓ કરી દીધી હતી. રસોડાના મુખ્ય સંતો ત્યાગવલ્લભ સ્વામી તથા ઘનશ્યામ પ્રસાદ સ્વામીની સાથે અમે સેવા કરતા.

સ્વામીશ્રી સાંજે ભાદરા પધાર્યા. વાજતે ગાજતે ભવ્ય સામૈયું થયું. બીજે દિવસે ૧૫ થી ૨૦ હજાર ભક્તોનું રસોડું હતું. સ્વામીશ્રી પ્રાતઃપૂજામાં પધારતાં પૂર્વે ગૌશાળાની જગ્યાએ પધાર્યા. અહીં રસોઈ તૈયાર થતી હતી સ્વામીશ્રી દૃષ્ટિપ્રસાદીભૂત કરી મને પૂછવા લાગ્યા : 'શું શું રાધ્યું છે? કેટલા માણસની રસોઈ છે? કેટલું સીધું વપરાયું?' આ પ્રશ્નોના યથાર્થ ઉત્તરો સાંભળી સ્વામીશ્રીને ખૂબ સંતોષ થયો. પૂજા અને સવારની સભા બાદ ફરીથી રસોડે પધાર્યા. તે સમયે રસોડાના બંને મુખ્ય સંતો ઉપસ્થિત હતા. સ્વામીશ્રી રસોડાવિભાગની ઑફિસમાં પધાર્યા અને હિસાબની પૂછપરછ કરી. બીજા દિવસ માટે વિમર્શ કર્યો. ત્યાં કોઈએ સ્વામીશ્રીને નારિયેળનું પાણી ધર્યું. સ્વામીશ્રીએ બે ઘૂંટડા લીધું ને ગ્લાસ હાથમાં રાખીને જ ઑફિસની બહાર પધાર્યા. અમે નાના પાર્ષદો બહાર ઊભા હતા. તે બાજુ મને જોતાં પાસે આવીને ઊભા રહ્યા. હું પગે લાગ્યો એટલે એકદમ ધબ્બો આપીને ગ્લાસ ધરી દીધો.. મુખ ઉપર પ્રસન્નતાનું સ્મિત ફરકી રહ્યું હતું. હું ગ્લાસ લેવો કે ન લેવો તે દ્વિધામાં ઊભો હતો. સ્વામીશ્રી કહે, 'ચિંતા ન કરીશ, આ લે...' ગ્લાસ તો લેવાઈ ગયો, મલક મલક હસતી મૂર્તિ સામે જ

ઊભી હતી. ફરીથી તેમણે આદેશ કર્યો, 'પી જા... અહીં જ પી જા.. મારી સામે જ...' સ્વામીશ્રીનો આદેશ પાળ્યો. પછી જ સ્વામીશ્રી આગળ વધ્યા. તેમની આ મૂર્તિ હૃદયમાં ચિરંતન કાળ માટે વસી ગઈ, સાથે મોટા પાયે રસોઈના માપતાલ પણ!!

*

૧૯૮૫માં અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી દ્વિશતાબ્દી મહોત્સવનું આયોજન બહુ જ મોટા પાયે હતું. તેમાં અન્ય મોટેરા સંતો સાથે રસોડા વિભાગમાં મને પણ સેવા મળી હતી. અગાઉના સમૈયાના આધારે પૂર્વે થયેલી ક્ષતિઓ સુધારી વધુ સુંદર, બહોળું આયોજન આકાર લઈ રહ્યું હતું. જમાડવા માટે પ્રથમ વાર બુફે પદ્ધતિ દાખલ થઈ. સમૈયા દરમ્યાન રોજ રાત્રે સ્વામીશ્રીને મળવા જતા અને રોજનો અહેવાલ આપતા. સ્વામીશ્રી ઘણીવાર મને પૂછતા, 'ખબર પડે છે ને! બીક નથી લાગતી ને! હિંમત રાખવી... ચિંતા શ્રીજી મહારાજને માથે નાખવી...' આમ ઉત્સાહ ભરી દેતા.

૮૭ની સાલમાં મુંબઈના કળશ જયંતી મહોત્સવે રસોડામાં અનુભવી સંતોની જરૂર પડશે, એમ કહી મેં સ્વામીશ્રી સમક્ષ અમુક સંતોની માંગણી કરી. સ્વામીશ્રીએ સ્પષ્ટ જણાવી દીધું કે તું જે સંતો બોલાવવા માગે છે તે જે તે મંદિરોના ભંડારી છે. તેઓ ન આવી શકે. માટે સાંભળ, તારે નવા સંતો જ તૈયાર કરવા, અને તેમની સેવા લેવી! સ્વામીશ્રીના આ સૂચનને કારણે ઘણા નવા સંતો રસોડાની સેવામાં ઊલટભેર જોડાતા રહ્યા, ને તૈયાર પણ થતા રહ્યા...

*

૧૯૯૦માં સ્વામીશ્રીનો ૭૦મો જયંતી મહોત્સવ સારંગપુરમાં ઊજવાયો ત્યારે અમારી અપેક્ષા હતી કે ૨૦ હજાર માણસ પહેલા દિવસે આવશે, તેને બદલે ૪૫ હજાર માણસ આવી ગયા... નવું રાંધવાનો અવસર આવી ગયો, બીજે દિવસે યજ્ઞમાં ૫૦,૦૦૦ માણસ ધાર્યું હતું પરંતુ 'જગન થાય છે...' એમ કહેતાં સવાલાખ માણસ સારંગપુરને આંગણે ઊતરી પડ્યું ! કેમ્પસ એટલું છલકાયું કે યુનિટ બંધ કરી માણસોને બારોબાર પસાર કરી દેવાયા! આ દિવસે તો રસોઈયા સાથે સંતો-યુવકો એ પણ ભાત કાઢવામાં કછોટા

વાળ્યા... ખૂબ સેવા કરી લાજ રાખી લીધી. મિષ્ટાનીમાં તો તે દિવસનું અને તે પછીના દિવસોનું બધું જ વપરાઈ ગયું હોય તે સ્વાભાવિક છે.

બપોરે ૪.૦૦ વાગ્યા. સુધીમાં નાની વ્યવસ્થામાં આ સવાલાખ માણસ મિષ્ટાની સાથે જમાડી દીધું. ત્યાં વળી સાંજે ૪૫,૦૦૦ માણસ રોકાયા હતા, તેમને માટેનું ભોજન તૈયાર કરવાનું શરૂ થયું. આટલું કરવામાં સંતો-યુવકો થાકીને લોથ થઈ ગયા હતા.

બીજા દિવસનું નાસ્તા તથા ભોજનનું બધું જ અનાજ વપરાઈ ગયું હતું. ને હજુ ત્રાજે દિવસે જન્મજયંતીનો મુખ્ય દિવસ હતો. ૭૦ થી ૮૦ હજાર માણસને જમાડવાનું હતું! તેમને તાત્કાલિક કયું મિષ્ટાની જમાડવું તેની મૂંઝવણ હતી. વળી એ જન્મજયંતીનો દિવસ હતો તેથી કેટલી સંખ્યામાં લોકો ઊમટશે તેનો કોઈ અંદાજ આવતો નહોતો... થાક, અનપેક્ષિત સંખ્યા, રસોઈયાનો અભાવ, સીધા-સામગ્રીનો તૂટો, મંડપોની અને સ્વયંસેવકોની મર્યાદા.. એમ પાર વગરના પ્રશ્નો સામે ઊભા હતા. બપોરે ચાર વાગે અમે સ્વામીશ્રીના ઉતારે ગયા. તેઓ જ આમાં કંઈક કરી શકશે તેવી સૌની શ્રદ્ધા હતી. અમે એથી જ એમનું શરણું લીધું, સ્વામીશ્રી ખૂબ જ સ્વસ્થ હતા. અમારી વાતો વેગમાં-પ્રશ્નોમાં-દ્વિધાઓમાં ફંગોળાતી હતી. બધા જ અસ્થિર, ભગ્ન હૃદય અને આશંકાઓથી ભરેલા હતા. બીજા દિવસની યોગ્ય ચાલ ન હોવાથી 'હવે શું?' એ પ્રશ્ન લટકી રહ્યો હતો. સ્વામીશ્રી સ્વસ્થતાથી એક પછી એક મુદ્દો ઉપાડી તેનું સમાધાન સૂચવી રહ્યા હતા. માત્ર પંદર જ મિનિટમાં અમને ચાલ બતાવી દીધી, દિશાઓ ખોલી આપી. ખૂબ જ હિંમત-માર્ગદર્શન ને પ્રેરણાઓ આપી.

રાત્રે બે વાગે નવું અનાજ અમદાવાદથી આવી ગયું. થાક છતાં સ્વયંસેવકો-સંતો અને રસોઈયાને બે વાગે જગાડી દીધા, તો જાણે સૌ ઊછળી ઊછળીને સેવામાં લાગી ગયા! એ સ્ફુર્તિ અને ઉત્સાહ જોયો ત્યારે અનુભવાયું કે આ શક્તિનો સંચાર સ્વામીશ્રી જ કરી રહ્યા છે! આટલી જ મિનિટોના માર્ગદર્શનમાં સ્વામીશ્રીની પ્રશ્નોની પતાવટ, પ્રોત્સાહનના અમૃત અને ભગવાનમાં અટલ વિશ્વાસની સાથે કટોકટીની પળે સ્વસ્થતા અને ધીરજ જોઈ અમે ભક્તિભાવથી નમી રહ્યા. અમારા વિભાગની લાજ સ્વામીશ્રીએ જ રાખી હતી. એ ઋણ ચુકવવા અમે ક્યાં સમર્થ હતા કે

છીએ? આદર્શ નેતૃત્વનો આવો બીજો અનુભવ યોગીશતાબ્દી મહોત્સવના આયોજનમાં થયો...

* * *

યોગી શતાબ્દી મહોત્સવ પ્રંસગે દરેક વિભાગે પોતાના વિભાગનો ખર્ચ-આયોજન તથા સાઈટપ્લાન રજૂ કરવાના હતા. એક ટંકે એક લાખ માણસ જમાડી શકાય એ પ્રકારનું આયોજન તૈયાર થયું. આ માટે માણસોનો પ્રવેશવાનો અને બહાર જવાનો માર્ગ હું સ્વામીશ્રી સમક્ષ સમજાવી રહ્યો હતો. લાખમાંથી ૬૦,૦૦૦ જુદા માર્ગેથી પ્રવેશવાના હતા તે માર્ગ ૧૨૫ ફીટ પહોળો હતો. આ ૬૦ હજારમાંથી ૩૦ હજાર ૧૨૫ ફીટના ઊભા માર્ગેથી જ બહાર નીકળતા હતા. જ્યાં બહાર નીકળતા ત્યાં ૨૦૦' × ૨૦૦' નો મોટો ચોક હતો. આમ જોતાં લાખ માણસ જમવાનું હોય ત્યારે વાંધો ન આવે. આમ છતાં સ્વામીશ્રી ચોકની અને બહાર નીકળવાની જગ્યા પર આંગળી ફેરવતાં સહજ બોલી ઊઠ્યા, 'આ જગા પર ગિરદી નહીં થાય?'

મેં દલીલ કરી કે લાખ માણસ જ હોય તે વાંધો ન આવે...' સ્વામીશ્રી મૌન રહ્યા. મિટીંગ પૂરી થઈ પછી આ બાબતે મેં ઊંડો વિચાર કર્યો અને પ્રવેશ અને નિર્ગમન - બંને માર્ગ જુદા રહે તે પ્રમાણે બધો પ્લાન બદલી નાખ્યો. આનો લાભ તો ત્યારે જણાયો કે જ્યારે કેટલાક દિવસ લાખથી વધુ માણસો જમી જતા... અને એકવાર તો પોણા બે લાખ માણસ જમાડ્યા, ત્યારે સ્વામીશ્રીનું નાનું સૂચન પણ કેટલું કિંમતી અને આર્ષદૃષ્ટિથી સભર હોય છે તેનું દર્શન થયું.

યોગી શતાબ્દી મહોત્સવ આખા સ્વામિનારાયણ સંપ્રદાયનો સીમાચિહ્નરૂપ મહોત્સવ ઉજવાઈ ગયો. આ ઉત્સવે અત્યાર સુધીના તમામ વિક્રમો તમામ વિભાગોમાં વટાવી દીધા હતા. રોજના ૭૦ થી ૮૦ હજાર માણસોની ભોજન વ્યવસ્થા કરવાની રહેશે, એવી અમારા વિભાગની ધારણા માત્ર એક જ અઠવાડિયામાં તૂટી પડી. રોજના સવા લાખ માણસ જમાડવાના થયા. રસોઈયા, ચૂલા, સ્વયંસેવકો, ભોજન મંડપો બધી જ વ્યવસ્થામાં ખેંચ પડવા લાગી, બપોરે એક વાગે પ્રવેશ બંધ કરવાનો નિર્ણય તાકીદે લેવામાં આવ્યો. જેને માટે સ્વામીશ્રીને પૂછવા ગયા ત્યારે મરક મરક

હોય તેમને વળી દુન્યવી રસાસ્વાદને શું કરવા છે? આવી અલમસ્ત ફકીરીનો કેફ પણ એમના વ્યક્તિત્વ સાથે રસાઈ ચૂકેલો જોવા મળે ત્યારે 'યોગક્ષેમના વાહક' ગુરુ મળ્યાનો, શ્રીજીના ધારક સંત મળ્યાનો અને નિઃસ્વાર્થ પ્રેમનો મહાસાગર મળ્યાનો આનંદ રુંવે રુંવે વ્યાપી રહે છે... જીવતર ધન્ય થયાની પ્રતીતિ આવે છે... આથી મોટી કૃતાર્થતા પણ જીવનમાં કઈ છે?

* * *

તા. ૧૩-૨-૭૨, શિવરાત્રિ, આજે સ્વામીશ્રી જંબુસર પધાર્યા હતા. ઈશ્વરભાઈ લાતીવાળાના ઘરે ઉતારો હતો. મણિભાઈ સલાડવાળાના માર્ગદર્શન મુજબ મંડળે નગરયાત્રા કાઢી, એ પછી સ્વામીશ્રી ઉતારે આવ્યા ને સ્નાન કર્યું. એવામાં સંતો કહે, 'બાપા, થાળ થઈ ગયો છે, ચાલો જમવા.'

'નથી જમવું.' સ્વામીશ્રીએ કહ્યું.

સંતો ખૂબ મથ્યા. બહુ આગ્રહ કર્યો, ત્યારે કહે, 'નગરયાત્રામાં એક નાની દીકરી નજીક આવીને અડી ગયેલી.' સ્વામીશ્રીની આ નિયમપાલનની દૃઢતા પાસે કોઈ જ વિકલ્પ ચાલી શક્યો નહીં. સંતોએ અને મણિભાઈએ પણ ખૂબ આગ્રહ કર્યો. પણ સ્વામીશ્રી મક્કમ રહ્યા. અંતે તેમની સાથે ફરતા ભગવત્સ્વરૂપદાસને પોતા વતી ઉપવાસ કરવા કહ્યું ને ઉદાસ મને થોડું નામ પૂરતું જમી ઊભા થઈ ગયા.

* * *

વિચરણમાં ઘણીવાર રમૂજી અને વિચિત્ર પ્રસંગો બની જતા. જંબુસર પાસેના એક ગામમાં એક વૈષ્ણવના ઘરે પધરામણી કરી. સ્વામીશ્રીએ All in one મૂર્તિ આપતાં તેમને કહ્યું, 'આ તમારા ઘરમંદિરમાં રાખજો. ઠાકોરજીની પ્રતિમાને થાળ ધરાવવો, આરતી કરવી.'

તે સદ્‌ગૃહસ્થ કહે, 'સ્વામી, મારો મંદિરનો થાળ ધરાવીએ તે પ્રતિમા રોજ જમી જાય છે !'

સ્વામીશ્રી સહિત સૌને આશ્ચર્ય થયું. સ્વામીશ્રી કહે, 'ક્યાં છે તમારી પ્રતિમા ? ચાલો તેનાં દર્શન કરીએ...'

તે ભાવિક ઓરડામાં ગયા ને પોતાની નાની દીકરીને બાવડું પકડીને લઈ આવ્યા. કહે, 'મહારાજ, આ મારી પ્રતિમા ! રોજ થાળ જમી જાય છે !' એમ કહી દીકરીને કહે, 'જા પ્રતિમા, મહારાજને પગે લાગ !'

સ્વામીશ્રી તો સ્તબ્ધ થઈ ગયા હતા. તેમાં આ વાત સાંભળી ઊભા થઈ તરત બહાર નીકળી ગયા. આવા દાધારંગા માણસો વિચરણમાં ભટકાય ત્યારે તેની સ્મૃતિ કરી સ્વામીશ્રી પણ અમારી સાથે ઘણો આનંદ કરતા.

* * *

તા. ૨૦-૨-૭૨, સલાડ ગામે રાત્રી સભા પૂરી થઈ. સ્વામીશ્રી ઉતારે પધાર્યા ત્યારે ૧૧-૩૦ થયા હતા. સ્વામીશ્રી કહે, 'લાવો, પત્ર વાંચી લઈએ.'

મેં પત્રો આપ્યા. અમે બંને અમારા કામમાં વ્યસ્ત થયા. ઓરડામાં એક હરિભક્ત દૂર બેસી દર્શન કરી રહ્યા હતા. પત્ર વાંચતાં જ અચાનક સ્વામીશ્રીએ પેલા હરિભક્તને પૂછ્યું, 'લીંબુ હશે ?'

તે કહે, 'જોઈ આવું.' તે ઘરે જઈને આવ્યા. હાથ જોડી કહે, 'બાપા, ઘરે તો નથી, વાડીએ જવું પડે.'

સ્વામીશ્રી કહે, 'તો જાઓ, લઈ આવો...'

મને આશ્ચર્ય થતું હતું કે સ્વામીશ્રીએ આટલી રાતે લીંબુ કે મંગાવ્યાં હશે?

એવામાં સ્વામીશ્રી કહે, 'આ બાલકૃષ્ણ ભગત(મારું પાર્ષદ સમયનું નામ) ને આપજો. એમને ઉપવાસ છે, તે કાલે પારણા કરવા થાય ને !'

હું તો દિગ્મૂઢ બની ગયો ! મને છેક અત્યારે જાણ થઈ કે સ્વામીશ્રી મારા માટે આ ભાઈને અડધી રાત્રે દોડાવી રહ્યા છે !

મેં કહ્યું, 'બાપા, મારે તો ચાલશે, હું તો છાશ પી લઈશ.' સ્વામીશ્રી કહે, 'ના, એમ ન ચાલે. પારણાંમાં લીંબુનું શરબત સારું પડે !'

હરિભક્ત તો મધરાતે વાડીએ ઉપડ્યા. પોણો કલાકે તે આવી પહોંચ્યા. ત્યાં સુધી સ્વામીશ્રીનું પત્રલેખન ચાલુ રહ્યું હતું. એ ભાઈએ લીંબુ મારા હાથમાં મૂક્યા ત્યારે સ્વામીશ્રીએ ટપાલનું કામ સમેટ્યું. ૧૨-૧૫ વાગ્યા હતા. સ્વામીશ્રી કહે, 'ચાલો હવે...' પછી આરામમાં પધાર્યા.

સ્વામીશ્રી આવા તીવ્ર ગતિએ ચાલતા વિચરણમાંયે મારો ખ્યાલ રાખતા. એમને ખબર હતી કે હું મહિનામાં અમુક ઉપવાસ કરું છું, તેમને આટલી

અપૂર્વ આનંદ સાથે બંન સ્વામીશ્રીની રજા લઈ કરાંચી થઈ હોલેન્ડ જવા નીકળ્યા.

કરાંચીમાં તેઓ દરિયાકાંઠે એક તંબુ બાંધીને રહ્યા. અહીં કંઈક નાસ્તિક વિચારો પ્રવેશ્યા એટલે બંનેએ કંઠી કાઢી નાખી.

એક દિવસ બંને જણા સમુદ્ર સ્નાન કરતા હતાં થોડે દૂર કેટલાંક બાળકો તરવાની ટ્યુબ સાથે રમત કરી રહ્યાં હતાં. તેમાં દરિયાના વળતા મોજાંએ એક ટ્યુબ દરિયામાં સરકી ગઈ. બાળકો બુમાબુમ કરવા લાગ્યા. તેમની ચિંતા જોઈ હન કોપને થયું કે ચાલો મદદ કરીએ. તેણે દરિયાના ઊંડા પાણીમાં ટ્યુબ લેવા ઝંપલાવ્યું. જોકે મહામહેનતે ટ્યુબ હાથમાં આવી. બાળકો આનંદથી કિલકારી કરવા લાગ્યા. હન કોપે ટ્યુબ ઉપર ફલોટીંગ શરૂ કર્યું ત્યાં તો આજુબાજુનું પાણી ઊકળતું હોય તેમ ઉછાળા મારવા લાગ્યું. હન કોપે કારણ જાણવા આજુબાજુ જોયું તો એક ભયંકર શાર્ક માછલી વીજળીની ઝડપે તેની ચારેબાજુ જડબું ફાડીને ઘૂમી રહી હતી. હનના હોશકોશ ઊડી ગયા. કોઈની મદદ માટે બૂમ પાડી શકાય તેમ નહોતું. પૉલ અને બાળકો આ જોઈ રહ્યા હતા. પણ બિલકુલ લાચાર-અસહાય !

અચાનક હનને સ્વામીશ્રી યાદ આવ્યા. તેણે જોરથી સ્વામીશ્રીને પ્રાર્થના કરી, 'સેવ મી, પ્રમુખસ્વામી ! સેવ મી ! બચાવો હે પ્રમુખસ્વામી... હું તમારી કંઠી ફરીથી પહેરીશ... ક્યારેય નહીં તોડું... એકવાર તોડી તે માફ કરો...'

ત્યાં તો સ્વામીશ્રીનાં અંતરીક્ષમાં દર્શન થયાં. સ્મિત કરતાં સ્વામીશ્રી એક જ વાક્ય બોલ્યા : 'ટ્યુબ છોડી દે. કિનારે આવી જા...' બસ, સ્વામીશ્રી અદૃશ્ય થઈ ગયા. તેણે ટ્યુબ છોડી, તેની પાછળ શાર્ક પણ દોડી ગઈ. અને હન હાંફતો-ગભરાયેલો કિનારો પાછો ફર્યો.

પૉલને વાત કરતાં હનનો આનંદ સમાતો ન હતો. કંઠી કાઢવાની ભૂલની વાત કરી તેણે તરત જ ભારત સ્વામીશ્રી ઉપર પત્ર લખ્યો. આ અંગ્રેજીમાં લખાયેલા પત્રમાં તેણે પૂરી વિગતથી ઉપરોક્ત ઘટના વર્ણવી હતી. જેનો મેં સ્વામીશ્રી પાસે, અને પછી સભામાં અક્ષરશઃ તરજુમો કર્યો. સ્વામીશ્રીએ તે સંબંધી કશું કહ્યું નહીં, પણ એક વાત કરી : 'બંને માટે

જલદી કંઠી મોકલાવી દો...' મેં તરત તેમ કર્યું. સ્વામીશ્રીએ દૂર દેશમાં રહી એ વિદેશીની ખૂબ રક્ષા કરી. આજે પણ તેણે સત્સંગ દૃઢ રાખ્યો છે. ૧૯૮૮માં સ્વામીશ્રી તેના આમંત્રણથી તેના ઘરે પણ જઈ આવ્યા છે...

* * *

તા.૧૨-૪-૭૨, સ્વામીશ્રી આમળાથી રાજુપુરા થઈ સરસવણી આવી રહ્યા હતા. આ રસ્તે કાર આવી શકે તેમ જ નહોતું, તેથી સ્વામીશ્રી, ડૉક્ટર સ્વામી, નારાયણ ભગત તથા હું ચારે ડમણિયામાં બેઠા હતા. આ પ્રદેશ દડનો (ધૂળનો) પ્રદેશ જ કહેવાય. તેથી જ્યારે મજલ પૂરી થાય ને ગાડેથી નીચે ઊતરીએ એટલે ખોળો ભરીને ધૂળ ઊડી હોય તે ધોતિયે-ગાતરિયેથી ખંખેરવાની !

ગાડું હાંકનારની નજીક બેસવામાં સ્વામીશ્રીને ઘણી વાર બે સુખ મળતાં, એક તો ગાડું દોડે ત્યારે બળદના પગસંચારથી ધૂળ સીધી જ આંખે-મોંએ ને વસ્ત્રો પર ઊડે. ને બીજું એ કે બળદ ચાલતાં થાકે ને પેશાબ કરે ત્યારે તેનું પૂછડું વીંઝે ! આવો 'અભિષેક' સ્વામીશ્રીની ઉપર અનેકવાર અનેક સ્થળે થયા કરતો !

અમે સરસવણીથી થોડે જ દૂર હતા. સંધ્યા ઢળી રહી હતી. આછા અજવાળે સ્વામીશ્રી ગાડામાં પત્રવાંચન કરી રહ્યા હતા. મેં ધીરેથી ગોડી ચાલુ કરી. સ્વામીશ્રીએ પત્ર સમેટી લીધો ને મંજુલ સ્વરે ગોડી બોલવા લાગ્યા. આરતી પણ ચાલતી મુસાફરીએ જ શરૂ કરી. અષ્ટકો પૂરા થવા આવ્યા. સ્વામીશ્રી એકધારું બોલ્યે જતા હતા. તેમાં 'શોભો સાધુ ગુણે...' શ્લોક શરૂ થયો. તે સ્વામીશ્રી પણ બોલી રહ્યા હતા, તેથી મેં ધીમેધીમે બોલવાનો બંધ કરી દીધો. સ્વામીશ્રી તો બોલતા રહ્યા, જ્યારે છેલ્લી પંક્તિ આવી : 'નારાયણસ્વરૂપદાસ ગુણીને...' ત્યારે એકદમ ખ્યાલ આવ્યો કે પોતાનો જ શ્લોક બોલી રહ્યા છે! તેમણે એકદમ મારી સામે દૃષ્ટિ કરી. હું હસી પડ્યો એટલે સ્વામીશ્રી પણ જરા ક્ષોભ પામતાં, સ્મિત કરતાં બોલી ઊઠ્યા : 'બાલકૃષ્ણ, આવું લોલે લોલમાં ચાલ્યું ગયું ! ખબર ના રહી !' આમ ઘણી જ રમૂજ થઈ...

* * *

સ્પેશિયલ ટ્રેનમાં ભારતભરનો યાત્રાપ્રવાસ ખેડી સ્વામીશ્રી મુંબઈ આવી

ગયા હતા. બૅંગ્લોર હતા ત્યારે જ કોઠારી સ્વામીને સ્વામીશ્રીએ થાણા જિલ્લાના હરિભક્તોની વિનંતી જણાવી હતી, અને કહેલું કે ઘણા સમયથી ત્યાંનો કાર્યક્રમ ઠેલાય છે, તો આ વખતે મુંબઈ પહોંચીએ એટલે થાણાનો કાર્યક્રમ ગોઠવી દેજો.

આ આજ્ઞા અનુસાર કપોળવાડીમાં સ્વામીશ્રી, ડૉક્ટર સ્વામી, કોઠારી સ્વામી અને હું ચારે બેસીને એ કાર્યક્રમ અંગે ચર્ચા કરતા હતા. થાણા સમાચાર પહોંચી ગયા હતા. એવામાં એક વિદેશ રહેતા હરિભક્ત આવ્યા ને દંડવત્ કરવા લાગ્યા. સ્વામીશ્રીએ વાતચીત થંભાવી. પેલા હરિભક્ત પગે લાગી સામે બેઠા ને તરત વાત કરી : 'સ્વામી, મારા ભત્રીજાનાં લગ્ન રાખ્યાં છે, આપે આશીર્વાદ આપવા વડોદરા આવવાનું છે !'

પ્રાર્થના નહીં, વિનંતી નહીં, સીધી જ આજ્ઞા ! સ્વામીશ્રી ઉપર અધિકાર વાપરતા આ ભક્તને જોઈ આશ્ચર્ય થયું. સ્વામીશ્રીએ તેમની તારીખ જોઈને કહ્યું 'અશક્ય છે. થાણા જિલ્લાનો કાર્યક્રમ ગોઠવાયો છે, વળી પહેલાં પણ બે વાર કેન્સલ થયેલો. આ વખતે તો છેક બૅંગ્લોરથી નક્કી થયું હતું. બધાને જણાવી દીધું છે ત્યાં બધા તૈયારી કરતા હોય માટે અત્યારે ત્યાં આવવું શક્ય નથી.'

પેલા મંડ્યા રહ્યા, 'ના બાપા, એવું ના ચાલે. તમારે આવવું જ પડે. હું વેવાઈને કહીને આવ્યો છું. મારા વચનનું શું ? મારે નીચું જોવાનું થાય...'

'સ્વામીશ્રીને પૂછ્યા વિના વચન આપી દેવાનું ?' અમારા મનમાં ચાલતું હતું. ત્યાં સ્વામીશ્રીએ ફરી તેમને કહ્યું, 'જુઓ, અમે વસંતપંચમીએ વડોદરા-અટલાદરા આવીએ છીએ, તે વખતે આવી જઈશું. આશીર્વાદ પણ આપશું. આ વખતે રહેવા દો...'

તે હરિભક્ત ઊકળ્યા. ને છેલ્લી કોટિની વાત કરી : 'અમે તમને દીકરા આપ્યા છે, પૈસાની સેવા સંસ્થામાં કરી છે. તે શા માટે કરી છે ? યોગીબાપા અમે કહેતા તેમ કરતા. ત્યારે અમે સેવા કરીએ છીએ. તમે કેમ ના આવો ? ગમે તેમ કરીને આવવું પડશે !'

બધા સમસમી રહ્યા હતા. વાતમાં ગુરુભાવ તો ઠીક, સામાન્ય સભ્યતાનો પણ અભાવ હતો. સંતોએ જરા અકળાઈને તેમને સમજાવવાનું શરૂ કર્યું. સ્વામીશ્રીએ તેમને વાર્યા. મુખ પર પરમ શાંતિ હતી. મનોભાવ જરા પણ

તરડાયો નહોતો. સ્વામીશ્રી કહે, 'ભલે, આવશું બસ !' પછી મને કહે, 'કઈ તારીખ છે, તે નોંધી લો. આપણે જઈ આવીશું...' કોઠારી સ્વામી તો વિચારમાં પડી ગયા. થાણાના હરિભક્તોને જણાવી દીધેલું, ત્યાં સ્વામીશ્રી તેમને કહે, 'કોઠારી, થાણા પત્ર લખી નાખજો કે માફ કરે. બીજીવાર જરૂરથી કાર્યક્રમ ગોઠવીશું...'

અને જોત જોતામાં હરિભક્તે જણાવેલો તા. ૨૪-૧-૭૩નો નિશ્ચિત દિવસ આવી ગયો. સ્વામીશ્રી, ડૉક્ટર સ્વામી અને દેવચરણ સ્વામી વડોદરા સીધા જ પહોંચ્યા. ને અમે બીજે દિવસે ફાર્ગોમાં રાત્રે ૧૨-૧૫ વાગે વલસાડ સુધી પહોંચ્યા. સરકારી રેસ્ટ હાઉસમાં ઉતારે પહોંચ્યા તો જાણ થઈ કે સ્વામીશ્રી ગઈકાલે વડોદરા જઈ પેલા ભક્તનો પ્રસંગ સાચવીને વાસદ, બોચાસણ, ભાદરણ, સીસવા, બોરસદ અને ફરીથી વડોદરા જઈ હજુ થોડી જ વાર પહેલાં અહીં વલસાડ પહોંચ્યા છે. અમારા બોલવાનો તથા મોટરનો અવાજ સાંભળી દેવચરણ સ્વામી એકદમ બહાર આવ્યા ને કહે, 'બધા શાંત રહો. અવાજ ના કરશો. સ્વામી હમણાં જ આરામમાં ગયા છે.'

અમે પૂછ્યું, 'વલસાડ આવતાં આટલું મોડું કેમ થયું ?'

તેમણે ટૂંકમાં સમજાવ્યું કે 'વડોદરાથી પેલા હરિભક્તે ભાડે એમ્બેસેડર કરી આપી! તેમાં સાડા ચારે સાંજે નીકળ્યા તે પછી અહીં પહોંચ્યા ત્યાં સુધીમાં સાત પંક્ચર પડ્યાં ! દર વખતે રિપેર કરાવે ને થોડે આગળ પહોંચે ત્યાં સુધીમાં પંક્ચર ! તે રાત્રે ૧૧-૪૫ વાગે વલસાડ પહોંચ્યા !' આવી નકામી હેરાનગતિ સહેજે સહેજે વેઠીને પણ સ્વામીશ્રીએ અભાવ કે અણગમા વિના, ઉપેક્ષા કે તિરસ્કાર વિના હરિભક્તોને, તેમના મનને ને તેમના પ્રસંગોને સાચવી લીધા છે... 'યો ન દ્વેષ્ટિ... ન શોચતિ ન કાંક્ષતિ...' આ સ્થિતિ સ્વામીશ્રીમાં વિના આયાસે દર્શાતી અનેકવાર અનુભવી છે.

* * *

પૂર્વ ભારતના વિચરણમાં સ્વામીશ્રી તા. ૧-૩-૭૩ના રોજ કલકત્તાથી ધનબાદ થઈ કુમારધોબી આવી પહોંચ્યા. ગિરીશભાઈ ટાંકને ત્યાં તેમની ભારત મેકનેલી એન્જી. કંપનીમાં ઉતારો રાખ્યો હતો.

રાત્રે સભા યોજાઈ. અહીં વિવિધ ભાષી પ્રજાને ગુજરાતી તો ફાવે નહીં, તેથી સ્વામીશ્રીએ પણ મહારાજને સંભારીને ભાંગીતૂટી હિંદીમાં પ્રવચન શરૂ

કર્યું : 'જબ ભગવાન ભજનેકે વાસ્તે જાતે હૈ, ત્યારે વચમાં માયા આડી આતી હૈ. શ્રીજી મહારાજ કા સંત ગોવિંદ સ્વામી થે. વે જબ સાધુ બનવા આતે થે, તબ રસ્તામાં એક રાજાકી બાની મલી. ગોવિંદ સ્વામીકું કહા, યે જો ઘરેણાં, પૈસા ઓર મૈં તુમારી, ચલો...'

'ગોવિંદ સ્વામીને સોચા કે ભગવાન ભજને કે વાસ્તે જબ જાતે હૈ તો માયા આડી આતી હૈ. એટલે એ વસ્ત્ર નીચે રખકે બોલે, 'યહાં બેઠો. મૈં અભી ખત્રે (શૌચ) જાકે આતા હું...' આમને આમ પ્રવચન પૂરું થયું. રાત્રે ઉતારે આવ્યા. ઘનશ્યામચરણ સ્વામીએ સૌને આ સ્મૃતિ કરાવી ખૂબ આનંદ કરાવ્યો. રમૂજ કરતાં સ્વામીશ્રીને કહે, 'હિન્દીમાં 'ખતરા'નો અર્થ તો 'ડેન્જર' 'ભયાવહ' થાય. શૌચના અર્થમાં એ ન વપરાય...'

સ્વામીશ્રી હસતાં હસતાં નમ્રભાવે બોલી ઊઠ્યા, 'ભઈ, અમને તો જેવું આવડે તેવું બોલીએ...'

બીજે દિવસે ફરી રાત્રિસભા અને હિન્દી પ્રવચન પછી સૌ ઉતારે આવ્યા ત્યારે આરામમાં જતાં સ્વામીશ્રી કહે, 'હાશ, આજે અમને શાંતિ થઈ. અમારા મનમાં એમ કે આજે પણ ઘનશ્યામ ભૂલ કાઢશે...'

ઘનશ્યામ સ્વામી તો એકદમ છોભીલા પડી ગયા. કહે, 'બાપા, મારી ભૂલ થઈ ગઈ. હવે ક્યારેય આપની ભૂલ નહીં કાઢું...'

સ્વામીશ્રી ખડખડાટ હસી પડ્યા. ખૂબ રમૂજ થઈને વાતાવરણ હળવું બની ગયું. સ્વામીશ્રી આવા હોદ્દા પર સામાન્ય સંત પાસે ભૂલ કર્યાની વાત કબૂલી લે, એ કેટલી અસામાન્ય બાબત છે !!

* * *

૧૯૭૩ના વર્ષે સૌ પ્રથમવાર સ્વામીશ્રીના વિચરણની સુવિધા સચવાય તેવા હેતુથી સંસ્થા દ્વારા સ્ટેશન વેગન જેવી મોટી ફાર્ગો ગાડી લીધી હતી. જે ગોંડળમાં પ્રથમ વખત લાવવામાં આવી. સ્વામીશ્રી તેમાં વિચરણ કરતા.

આ જ વર્ષમાં તા.૨૦-૪-૭૩ના રોજ સારંગપુરથી અમદાવાદ આવવાનું હતું. સ્વામીશ્રી પોતાની 'પુશબેક ચેર' (સીટ) ઉપર બિરાજ્યા હતા. હું, ડૉક્ટર સ્વામી, દેવચરણ સ્વામી તથા પ્રગટ ભગત સાથે હતા. એક વડીલ હરિભક્તને પણ સાથે લીધા હતા. જેવું સારંગપુર મંદિર છોડ્યું, ને હનુમાનજીના મંદિર સુધી ગાડી આવી ત્યાં તો પેલા હરિભક્ત સ્વામીશ્રીને

સંબોધીને બોલવા લાગ્યા : 'યોગીબાપા ધામમાં ગયા પછી બધું ખાતું બગડી ગયું છે. કોઈ હરિભક્તોનું ધ્યાન રાખતું નથી. મહેમાનને સાચવતું નથી... બધા લાહરિયા ભેગા થયા છે...' આમ એકધારું બોલતા હતા. આગળ બેઠેલા બંને સેવકો સમસમીને બેસી રહ્યા હતા. તેઓ તો ગાડી ઊભી રખાવી તે હરિભક્તને નીચે જ ઉતારી મૂકવાની તૈયારીમાં હતા. સ્વામીશ્રી બિલકુલ શાંતિથી માળા ફેરવતાં એ ભક્તને સાંભળી રહ્યા હતા. પેલા ભક્ત બોલી રહ્યા ત્યારે સ્વામીશ્રી કહે, 'તમારું એમ કહેવું છે ને કે યોગીબાપા ધામમાં ગયા પછી વે'વાર બગડી ગયો છે, હરિભક્તોનું ધ્યાન કોઈ રાખતું નથી, તે અમારી ભૂલ થઈ ગઈ. હવે અમે સુધારીશું. પણ તેમાં તમે આટલા બધા અકળાઈ શા માટે ગયા ? બસ, અમારી ભૂલ થઈ ગઈ, હવે સુધારશું...' સ્વામીશ્રીએ હાથ જોડી દીધા હતા...

'सुखदु:खे समे कृत्वा, लाभालाभौ जयाजयौ...' ની ગીતાકથિત સ્થિતપ્રજ્ઞતાનો અધ્યાય આજે જિવાતો જોયો ! પેલા ભક્ત શાંત પડી ગયા... ગાડી હાઈવે પર ગતિ કરી રહી હતી, બ્રહ્મસ્વરૂપી સ્થિતિની સાથે સાથે...

* * *

ઉનાળાની રજાઓના દિવસો હતા. સ્વામીશ્રીએ ધર્મધુરા ધારણ કર્યા પછી વિચરણના રથથી ગુજરાતની ધરતીને ધમરોળવા માંડી હતી. રાત-દિવસ એકાકાર થઈ જતા. ઋતુઓનો પલટો સ્વામીશ્રીના વિચરણની લગામ બની શકતો નહીં. ધોમ ઉનાળાની કાળઝાળ બપોરે આરામ વિના એકધારી પધરામણીઓ ધૂળિયા ગામોમાં ચાલતી રહેતી ત્યારે સાથેના સંતો-હરિભક્તોને આગળ વિચરવાના હોશકોશ ઊડી જતા.

ખેડા જિલ્લાના રાસ ગામની આ વાત છે. તા. ૩૦-૪-૭૩, રાત્રિ ભોજન પછી ગામના ચોકમાં ૯-૦૦ વાગે સભા શરૂ થઈ. ધૂન-પ્રાર્થના બાદ ધર્મજના એ.પી. પટેલે પ્રવચન કર્યું. બદલપુર મંડળનો સાંસ્કૃતિક કાર્યક્રમ થયો. ૧૦-૩૦ થઈ ગયા હતા. સ્વામીશ્રી મને કહે, 'તમે ભજન ગાઓ.'

'પણ બાપા, મોડું થયું છે. હજુ ડૉક્ટર સ્વામીનું પ્રવચન બાકી છે.' મેં કહ્યું.

સ્વામીશ્રી કહે, 'વાંધો નહીં, તો થોડી વાત કરો.'

મેં વાત કરી. ૧૧-૦૦ વાગ્યા હતા. મુંબઈથી વેકેશનમાં સ્વામીશ્રી સાથે લાભ લેવા આવેલા યુવકો યોગેશ કામદાર, રાજેન્દ્ર દેસાઈ, હિતેશ પારેખ બધા જ સભાની આગળ જ ચત્તાપાટ થઈને સૂઈ ગયા હતા ! સભામાંથી માણસો ઊઠતા જતા હતા. છતાં સ્વામીશ્રી કહે, 'હવે ડૉક્ટર સ્વામીને આપો.' તેમણે વાત કરી ત્યારે ૧૧-૨૫ વાગી ગયા હતા. સ્વામીશ્રીનો વારો આવ્યો. માઈક ગોઠવાયું એટલે પૂછ્યું, 'કેટલા વાગ્યા ?'

મેં કહ્યું, 'સાડા અગિયાર થયા છે. મોડું થયું છે. તો દસેક મિનિટ આશીર્વાદ આપી દો...'

સ્વામીશ્રી કહે, 'ભલે.' પછી તો જે વાતો ઉપાડી, તે 'મારા ભૈ કહેવાનું શું ?' એમ વારંવાર બોલતાં 'માણસનો અવતાર મોંઘો...' એ કીર્તન ગાવા લાગ્યા. એવામાં લાઈટ ગઈ. મને થયું, 'હાશ ! હવે બંધ કરશે.' પરંતુ સ્વામીશ્રીએ તો ધૂન ઉપાડી. દસેક મિનિટ સુધી લાઈટ ન આવી ને ધૂન ચાલતી રહી. જ્યાં લાઈટ આવી કે તરત સ્વામીશ્રીએ અધૂરા ભજનનું નિરૂપણ આગળ ચલાવ્યું. બરાબર રાત્રે ૧૨-૪૫ વાગે સભા પૂરી થઈ !

અમે ઉતારે આવ્યા. ત્યારે ૧-૦૦ વાગ્યો હતો. દેવ સ્વામી અને સંતો સૂઈ ગયા હતા. મેં કહ્યું, 'બાપા, આપ આરામ કરો.'

સ્વામીશ્રી કહે, 'ના, ચેષ્ટા બોલી લઈએ.'

મેં કહ્યું, 'હું બોલી લઈશ.'

'ભલે, પછી હું પણ બોલી લઈશ...' એમ મર્મમાં બોલ્યા, એટલે અમે બંનેએ સાથે ચેષ્ટા પૂરી કરી. ઘડિયાળમાં જોયું રાત્રે એક વાગીને વીસ મિનિટ થઈ હતી ! સ્વામીશ્રી'મહારાજ-સ્વામી' કહેતાં આરામમાં પધાર્યા.

બીજે દિવસે સવારે છ વાગે તો ઊઠી જવાનું. પ્રાતઃવિધિ અને પૂજા પછી પધરામણીનો એ અખૂટ દોર ચાલવા લાગતો. બપોરે ભોજનના સમયનું ઠેકાણું નહીં, નગરયાત્રા તો ખરી, ખરી ને ખરી જ ! અને મોડે સુધી ચાલતી સભાઓમાં એ જ તાજગી સાથે વિચરવું એ હાજાં ગગડાવી નાખે તેવું કપરું હતું. આટલા ભીડામાં રોજના આશરે ચાલીસ પત્રો પર સહી કરવાની કે સલાહ આપવાની ચાલુ રહેતી !

* * *

તા. ૧૩-૭-૭૩, આષાઢ સુદ ૧૩ના રોજ સ્વામીશ્રી સારંગપુરમાં મુંડન

કરાવી રહ્યા હતા. પ્રગટ ભગત અને હું સેવામાં હતા. મુંડન પછી સ્વામીશ્રી સ્નાન કરવા આવ્યા ત્યારે પ્રગટ ભગત પાસે સ્વામીશ્રીની શિખાના થોડા વાળ હતા. તે કોઈએ માગ્યા હશે તેથી લીધા હતા.

સ્વામીશ્રીને આ વાતની જાણ થઈ. તેથી એકદમ વઢવા લાગ્યા : 'નાખી દે સંડાસમાં ! ખબડદાર કોઈને આપ્યા છે તો. એવી વેવલાઈની જરૂર નથી સમજ્યો ?'

પ્રગટ ભગતે બોલ્યા વિના તે કેશ નાખી દીધા. પછી ધીરેથી કહે, 'ફેંકી દીધા બસ, મારી પાસે તો યોગીબાપાના કેશ છે...'

તરત જ સ્વામીશ્રી બોલ્યા : 'તારી પાસે તો ખાલી કેશ જ છે, મારી પાસે તો આખા યોગીબાપા છે !!'

સ્વામીશ્રી ભક્તોમાં પ્રેમની આડશમાં વેવલાઈ ન પાંગરે અને સમજણના છત્રમાં સાચું જ્ઞાન ને સ્વરૂપમાં પ્રતીતિ પાંગરે તે અંગે ખૂબ સજાગ છે. પોતાના સ્વાનુભૂત ઉદ્‌ગારોમાં સ્વામીશ્રી પોતાની અલૌકિક સ્થિતિની વાત ક્યારેક ઉતાવળ થાય ત્યારે જણાવી દેતા હોય છે.

* * *

અમદાવાદમાં કળશ જયંતીનો ઉત્સવ ઉજવાઈ ગયો હતો. એ પછી સ્વામીશ્રી પંચમહાલના આદિવાસી ગામો અને દેવગઢ બારીઆના જેવા તાલુકા સ્થળોમાં વિચરણ કરવા નીકળ્યા.

તા. ૨૪-૧૨-૭૩ના સ્વામીશ્રી દાહોદ, હાથીધરા, પીપલોદ થઈ દેવગઢ બારીઆ ગામે આવ્યા. અહીં એક જ દિવસમાં છ સભાઓ કર્યાનો વિક્રમ મારા ખ્યાલથી આ વિચરણ સિવાય બીજે ક્યાંય નહીં નોંધાયો હોય !

સવારે વૈષ્ણવ મંદિરમાં, નગરયાત્રા વિરમી તે સ્થળે ભર બપોરે ગોરધનભાઈને ત્યાં, બપોરે ઉતારે જમ્યા પછી, સાંજે મોદી હાઈસ્કુલમાં, જાહેર સ્થળે રાત્રિની મુખ્ય જાહેર સભા અને મોડી રાત્રે મામલતદાર દશરથભાઈ બ્રહ્મભટ્ટના ઘરે ભોજન બાદ ! માર્ગદર્શન-પ્રેરણા અને અમૃત પાવા માટે સ્વામીશ્રી આ રીતે ઘૂમતા રહ્યા છે.

એ સમયની 'નગરયાત્રા' એ અમારા વિચરણનું અનિવાર્ય અને સજારૂપ ગણાવી શકાય તેવું અંગ હતું. કારણ કે એ નગરયાત્રામાં વેળા-કવેળા જોવામાં આવતી નહીં... સ્વામીશ્રી કહે, 'ભૈ, હું તો તમારા ગામમાં પહેલાં

આવી જ ગયો છું.'

તે ભક્તો કહે, 'ગાદીએ આવ્યા પછી તો પ્રથમ વાર જ આવો છો ને !'

સ્વામીશ્રી આવા પ્રેમવશ સૌને સ્વીકારી લેતા. આ નગરયાત્રા વિવિધ વાહનોમાં નીકળતી. બળદગાડાં, ઘોડાગાડી, બગી, ટ્રેક્ટર, મોટર કે ક્યારેક તો ચાલીને પણ તેમાં સ્વામીશ્રી જોડાતા, એમને મન એ સજા નહોતી. ભક્તોને રાજી કરવાનો અવસર હતો.

* * *

ફિલ્મ ઇન્ડસ્ટ્રીઝમાં જોની વોકર અને સ્વ. સત્યજિત રે સાથે જેમને ઘનિષ્ઠ સંબંધો હતા તેવા સફળ દિગ્દર્શક અને મૂળ સુણાવના ગુણભાવી વિનુભાઈ પટેલે સ્વામીશ્રીને સુણાવ આમંત્ર્યા હતા. ગામમાં 'ભૂલાભાઈ શ્રોફ'ની પેઢીનું ઉદ્‌ઘાટન હતું.

મુંબઈથી વિનુભાઈનું મિત્રમંડળ અને કેટલાક ફિલ્મ અભિનેતાઓ તથા અન્ય મહિલાઓ આવ્યાં હતાં. સાથે મોભા ગામના એક સંન્યાસ આશ્રમના શ્વેતાંબરી સંન્યાસી પણ મંચ પર સૌનું ધ્યાન ખેંચતા બેઠા હતા.

૨૧ ફેબ્રુઆરી, ૧૯૭૫નો દિવસ હતો. સમય થયો ને સ્વામીશ્રીની ગાડી આવી પહોંચી. જ્યાં સ્ટેજ ઉપર જવા માટે પગલું ભર્યું ત્યાં તો તેમની નજર તળે આવી ગયું કે સ્ટેજ, પુરુષો અને સ્ત્રીઓ ત્રણે વચ્ચે કોમન કારપેટ-પાથરણાં હતાં. મારા હાથમાં ઠાકોરજી, પાછળ સ્વામીશ્રી અને નારાયણ ભગત આવતા હતા. સ્વામીશ્રીને નિયમ ચુકાઈ જવાનો ભય હતો. તેથી જરા ઊભા રહી ગયા. મેં કહ્યું, 'ચાલો સ્વામી, સ્ટેજ પર...'

સ્વામીશ્રી પાથરણાં બતાવી કહે, 'એક આસન છે ! પાછળ બૈરાં ખુરશી પર બેઠા હોય, ને એક આસન ન ચાલે !'

ત્યાં ડભાણવાળા અંબાલાલભાઈ આવ્યા તે કહે, 'ચાલો, બાપા, સ્ટેજ પર...'

સ્વામીશ્રી ફરીથી કહે, 'બૈરાં બેઠા હોય તે આસન પર ન જવાય. આસન અલગ કરો...'

વિનુભાઈને આ વાતની જાણ થઈ. બધાને ઊઠાડી આસન અલગ કરી સ્વામીશ્રીને બેસાડ્યા. મોભાના શ્વેતાંબરી સંન્યાસી આ બધી લીલા જોઈ રહ્યા હતા. તે કહે, 'બહાર આવા ફંકશનમાં નીકળ્યા હોઈએ ત્યારે ચલાવી લેવું.'

સ્વામીશ્રી જરા કડક પણ વિવેકભરી વાણીમાં બોલ્યા : 'શું ચલાવી લેવાનું? હમણાં નવ મહિના પરદેશ ફરીને આવ્યા, ત્યાં નથી ચલાવ્યું તો દેશમાં ચલાવવાનું હોય? આ તો અમારો મુખ્ય નિયમ છે. ધર્મ છે. જ્યાં તે પ્રમાણે વ્યવસ્થા થાય ત્યાંજ અમે જઈએ છીએ...'

પેલા બોલતા બંધ થઈ ગયા. આશીર્વાદ આપી સ્વામીશ્રી તરત નીકળી ગયા...

* * *

૧૯૭૭, લંડન, અહીં Chetham વિસ્તારમાં દરિયાકિનારે રમેશભાઈને ત્યાં થઈ એક ગુણભાવીને ત્યાં સ્વામીશ્રી પધરામણીએ પધાર્યા હતા. હું ઠાકોરજી લઈને સાથે હતો. સ્વામીશ્રી તથા ઈશ્વરચરણ સ્વામીએ પૂજન વિધિ અને આરતી કરાવી. પછી સ્વામીશ્રી યજમાનની પૂછપરછ કરવા લાગ્યા. પછી કહે, 'આવો, કંઠી બાંધીએ.'

'હું નહીં બાંધું.' પેલા ભાઈએ કહ્યું, 'હું વૈષ્ણવ છું.'

સ્વામીશ્રી કહે : 'સારું સારું, વાંધો નહીં.' પછી પૂછ્યું, 'તમે અહીં કેટલા વર્ષથી રહો છો ?'

'૧૫ વર્ષથી.'

'અહીંની રીતિ-નીતિ પ્રમાણે તો નથી રહેતાને ?' સ્વામીશ્રીએ મર્મમાં પૂછ્યું. તેમને સમજ ન પડી. તેથી સ્વામીશ્રીએ સ્પષ્ટતા કરી, 'તમે ખાઓ-પીઓ છો ? આ દેશની રીત પ્રમાણે?'

એ ભાઈ સમજી ગયા. ખચકાતા સ્વરે કહે : 'ખાતો તો નથી (માંસાહાર), પણ ક્યારેક પાર્ટીમાં જાઉં છું ત્યારે થોડું પી લઉં છું.'

સ્વામીશ્રીએ વેધક પ્રશ્ન કર્યો, 'જ્યારે તમે પીઓ છો, ત્યારે તમને યાદ નથી આવતું કે હું વૈષ્ણવ છું ? અને આજે અમે કંઠી બાંધવાની વાત કરી ત્યારે યાદ આવ્યું કે વૈષ્ણવ છું ?!'

પેલા ભાઈને આવી સચોટ દલીલની અપેક્ષા નહીં હોય, તે ડઘાઈ ગયા. શરમાઈને કંઠી પહેરવા તૈયારી બતાવી.

સ્વામીશ્રી કહે : 'જુઓ, અમારે કાંઈ તમને કંઠી બાંધીને સ્વામિનારાયણ કરવા છે, તેમ નથી. પણ તમે વૈષ્ણવ છો, તો ખરા વૈષ્ણવ થાઓ. એ માટે છે.' પછી તેમના નાના પુત્ર ને બતાવીને કહે, 'જો જો, આ પીતો ન

યોગીજી મહારાજ સેવા આપી ગયા છે. તે કરીએ છીએ. આપણે ક્યાં એકલા છીએ. આ તમે, ઈશ્વર સ્વામી, મહંત સ્વામી, યજ્ઞેશ્વર બધા અંગ્રેજીમાં બધાને સમજાવો છો. કેટલો દાખડો કરો છો, ત્યારે કામ થાય છે.'

સ્વામીશ્રી ગુરુ અને શિષ્યો - બેને ચરણે યશ વહેંચી રહ્યા હતા. પોતાને ભાગે યશનું બિંદુ પણ ન રહી જાય તે રીતે સફળતાને છંટકારી દેવાની સ્વામીશ્રીની અદ્‌ભુત આવડત છે.

* * *

ભગવાન સ્વામિનારાયણ દ્વિશતાબ્દી મહોત્સવના ઉપક્રમે સ્વામીશ્રી ગુજરાતનો ખૂણેખૂણો પાવન કરી રહ્યા હતા. ૧૯૮૦ના પ્રારંભે સાબરકાંઠા-મહેસાણાનું વિચરણ ગોઠવાયેલું. અંબાલાલકાકા (બકરીપોળ) ભોમિયા તરીકે સાથે હતા.

તા. ૨-૧-૧૯૮૦ના અમે વડુથી ડીંગુચા ગામે જવા નીકળ્યા. શાંત-હરિયાળા વિસ્તારમાંથી ગાડીઓ સરકી રહી હતી. અચાનક ખેતરમાંથી કેટલાંક હરણિયાં રોડ પર થઈ સામેના ખેતરમાં દોડી ગયા.

હું બોલ્યો : 'હરણિયાં આડાં ઊતર્યાં, એ અપશુકન કહેવાય... બ્રહ્માનંદ સ્વામી મહારાજના અંતિમ સમયે જૂનાગઢ જતા હતા, ત્યારે હરણિયાં આડાં ઊતરેલાં...'

સ્વામીશ્રી એકદમ બોલી ઊઠ્યા : 'આપણે તો અંબાલાલકાકા જેવા વડીલ ભક્તો ભેગા છે, તે સારા શુકન જ છે !'

જ્ઞાનવૃદ્ધ અને વયોવૃદ્ધ અંબાલાલ કાકાના મિષે સ્વામીશ્રીએ સંબંધના મહિમાની દૃષ્ટિ આંજી આપી. સત્સંગમાં આ ગુણની આવશ્યકતા ઓક્સીજન જેટલી જ કહી શકાય. આવા પ્રસંગો એ દિશામાં આપણને આજીવન પ્રેરતા રહે છે...

* * *

આવા અનેક પ્રસંગે સ્વામીશ્રીની અગાધ પ્રતિભામાંથી સદ્‌ગુણોના સ્ફુલ્લિંગો ઊડતાં અનુભવ્યાં છે. એમાંનું એકાદ આપણી માલિકીનું પણ બની જાય તો ?! એવી મંગલકામના સાથે સ્વામીશ્રીને નિરખ્યા તેવા જણાવ્યાની ધન્યતા અનુભવતાં વિરમું છું...